
માર્ચ • ૧૯૫૯
આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન-સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરનું માસિક
અંક ૪૨૩

કુમાર



પૂઠાનો આવો કાગળ જોઈને નારાજ ન થશો. એ કાંઈક ન છૂટકે—અને અખતરારૂપે વાપરવો પડ્યો છે. ઘણા વાચકો વારંવાર ફરિયાદ કરે છે કે દીપડતા પાનાનાં ત્રિરંગી ચિત્ર તથા બીજાં કલાત્મક ચિત્રોવાળો આર્ટપેપર પૂઠા તરીકે જ વપરાતો હોવાથી, ટપાલમાં તેમજ પસારાથી ચીમળાઇ-ચૂંથાઇને એ મોંઘી સામગ્રી ઘણીવાર બગડે છે. એ પરથી અમે, શક્ય બન્યું ત્યારે, પૂઠા તરીકે અલગ કાગળ વાપરતા રહ્યા છીએ. પરંતુ કાગળના ભાવ હવે આસમાને ચડતા જાય છે. ચિત્રો માટેના આર્ટ પેપર તો ઘી કરતાં પણ મોંઘા થઈ જ ગયા છે; તેમાં હવે તેના રક્ષણ માટે પૂઠા તરીકે વધારાના વપરાતા કાગળો પણ મોંઘા થતા જતાં કોઈ એ સવિશેષ બોજો 'કુમાર' ખમી શકે તેમ રહ્યું નથી. જોકે એક કાગળના વેપારી—જે 'કુમાર'ના ગ્રાહક છે—તો અમને, લવાજમ વધારીને પણ ઊંચા કાગળો વાપરવાનો આગ્રહ કરે છે (જે એમની દૃષ્ટિએ સ્વાભાવિક હશે!). પરંતુ અમારી નજર આગળ રહેલી 'કુમાર'ની વિશાળ વાચક-આલમની આર્થિક સ્થિતિ અમે જે જાણીએ છીએ તે પરથી એમ કરતાં અમારો જીવ ચાલતો નથી. છતાં આ મુદ્દા પર અમે ગ્રાહકોના વિચારો નોતરીએ છીએ. દરમ્યાન આશા છે કે આ ખુલાસા પછી, પૂઠા માટેના અમારા આવા અખતરાથી કચવાટ ન અનુભવતાં વાચકો પરિસ્થિતિને નિભાવી લેશે. ફ્રાંસ જેવા દેશોમાં તો મોટા ભાગનાં પુસ્તકો બાબતમાં ય આ પદ્ધતિ અખ્ત્યાર થએલી છે—પૂઠા માટે પાતળો રંગીન કાગળ વાપરવાની; કારણ કે બંધામણી ખર્ચ ત્યાં ઘણો ભારે હોય છે. આપણે ત્યાં, કલાત્મક ચિત્રોને તેના વાસ્તવિક ઉમદારૂપે છાપી શકાય એવો આર્ટ પેપર હજી બનતો નથી; ને પરદેશી હૂંડીઆમણ બચાવવા માટે સરકારે એવા વિદેશી કાગળોની આયાત પર અંકુશ મૂક્યો છે. આ પરિસ્થિતિને સહકારપૂર્વક નિભાવી લેવા પણ આવા વિવિધ અખતરા કરવા જોઇશે એમ વાચકો અમારી સાથે સ્વીકારશે એવી આશા છે.

સંસ્થાપક • રવિશંકર રાવળ • તંત્રી • બચુભાઈ રાવત

કુમાર

માર્ચ ૧૯૫૯

અંક ૪૨૩

અનુક્રમ

ચિત્રો

કાવ્ય

ચરિત્ર

વાર્તા-નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.....

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★આપનું માસિક હું ઘણો સમય થયાં વાંચું છું ને તેની અસર મારા પર સારા પ્રમાણમાં છે.

છતાં હજી વધારે સારી રીતે 'કુમાર'ને સમજવા જો 'પ્રશ્નોત્તરી' રૂપે એક પાનું આપવામાં આવે અને બીજા મહિને એનો બહુ જ ટૂંકો જવાબ છાપવામાં આવે તો એ 'કુમારસાર' જેવું પણ બને અને કેટલીક અગત્યની હકીકતો વાંચ્યા વગરની અગર સમજ્યા વગરની અધૂરી રહી જાય છે તેમાં સુધારો થાય.

હું ધારું છું કે 'કુમાર' જેને પ્રિય છે તેઓ બધા તેની ફાઈલો બંધાવી રાખતા જ હશે; ને ઓછામાં ઓછા સોએક અંક જેની પાસે સિલિક હશે તેઓ તમારા પ્રશ્નોના જવાબ (જો ઉપલી 'પ્રશ્નોત્તરી'નું પાનું ચાલુ કરો તો) ન આવડે તો શોધીને પણ લખી રાખે, ને બીજા મહિને છપાએલા જવાબ સાથે મેળવી લે. ને પોતે જ પોતાના પરીક્ષા-માર્ક લખી 'કુમાર' વાચનમાં કેટલા સફળ-નિષ્ફળ નીવડયા તેનું પ્રમાણપત્ર મેળવી લે. દરેક અગત્યના જાણવા જેવા વિભાગમાંથી પ્રશ્નોની ગોઠવણ થવી જોઇએ, અને તે પણ છેલ્લા સોએક અંકમાં આવી ગએલી હોવી જોઇએ. દા. ત. આરોગ્ય-વિભાગમાંના પ્રશ્ન નીચે મુજબ થાય તો તેના જવાબ 'કુમાર'માંથી મળે:

(૧) પૂર્ણ આરોગ્યવાળા માણસની જીભ કેવી હોય? (જવાબ: 'કુમાર' જૂન ૧૯૫૧)

(૨) હોજરીમાં ખટાશ વધવાથી શી તકલીફો થાય છે? (જવાબ: ઑગસ્ટ ૧૯૫૧)

(૩) નખ ઉપર ધોળાં ટપકાં શું સૂચવે છે? (જવાબ: 'કુમાર' ફેબ્રુ. ૧૯૫૨)

ચારિત્ર્યવિભાગના પ્રશ્નોના નમૂના:

(૧) યુદ્ધપ્રધાન ચર્ચિલના સંદેશાની પણ અવગણના કરનાર સેનાપતિ કેટલી હદ સુધી ઉચ્ચ વિચાર ને રાષ્ટ્રપ્રેમ ધરાવતો હતો? (જવાબ: 'કુમાર' ડિસે. ૧૯૫૪ પૃ. ૪૭૫)

(૨) આપણે પરદેશીથી માર ખાતાખાતા સ્વતંત્રતા ગુમાવી બેઠા: શા કારણથી? (જવાબ: 'કુમાર' નવેમ્બર ૧૯૫૨ પા. ૪૬૪)

આમ, દરેકેદરેક ઉપયોગી વિષય—કલા, ફોટોગ્રાફી, ટિકિટ-શૉખ, જીવનચરિત્રો વગેરેમાંથી ટૂંકો 'પ્રશ્નોત્તરી' વિભાગ રાખવાથી લાભ થશે. જો બને તો ચાલુ કરવા જેવું છે.

સાથે બીજી એક સૂચના પણ આપવા જેવી છે. ઘણા લોકો 'કુમાર' ઉપર આવતી કોથળી ઉપયોગમાં લેતા નથી. તો એ કોથળી ફાડીને અંદરનો ભાગ જે તદ્દન કોરો જ હોય છે તેના પર જ પ્રશ્નોના જવાબ લખીને આવતા માસ સુધી રાખી શકાશે, ને કોથળીનો પણ ઉપયોગ થશે. અગર આપ જ જો ટૂંકાણમાં કોથળીના અંદરના ભાગમાં પ્રશ્નો છાપીને પ્રગટ કરશો તો 'કુમાર'નું એક પાનું બચશે.

(ગડગ) —વાલજી ધનજી

ગાંધીજીનો ખરો જન્મદિવસ ભાદરવા વદ ૧૨ જે, બાપુજી જીવતા હતા ત્યાં સુધી આપણે રેંટિયા બારશ તરીકે પાળતા. આઝાદી પછી ભારત સરકારે ૨જી ઑક્ટોબર જાહેર કરી. રેંટિયો ઐતિહાસિક વસ્તુ બનતી જાય છે. ઉપરાંત આપણી સરકારે ભારતીય પંચાગ શરૂ કર્યું છે ને કચેરીઓમાં ભારતીય દિવસ લખવાનું ફરજિયાત કર્યું છે, ત્યારે બાપુજીનો જન્મદિવસ બારશને બદલે બીજી ઑક્ટોબર કેમ?

ગાંધીજી પોતાને મૃત્યુની આખરી ક્ષણ સુધી હિંદુ જ માનતા હતા. હિંદુ ધર્મ મુજબ અંતકાળે 'રામરામ' કરતાં જ દેહનું વિસર્જન કર્યું. ઇતર ધર્મો તરફથી ધર્માંતર કરવાનું અને ધર્માંતર કરે તો ધર્મગુરુનું પદ આપવાનું વચન અપાયા છતાં ગાંધીજીએ ધર્માંતર ન કર્યું. બીજા ધર્મોનો વિરોધ કર્યા સિવાય હિંદુ તરીકે જ જીવન ગાળ્યું. અન્ય ધર્મોમાં રહેલા દોષ જોવાને બદલે તે ધર્મોના સારા સિદ્ધાંતો ગ્રહણ કર્યા. પરધર્મને સુધારવાની ભાંજગડમાં ન પડતાં, હિંદુ ધર્મમાં રહેલા કલંકરૂપ અસ્પૃશ્યતા કાઢવા પાછળ તેઓ આજન્મ મથ્યા.

મહાન હિંદુ રાષ્ટ્રપુરુષની જયંતી અંગ્રેજી તારીખ પ્રમાણે ઊજવાય એ શું બતાવે છે? અંગ્રેજી તરફની માનસિક ગુલામી. ૧૦૦–૧૫૦ વર્ષના સંસ્કાર હજી ગયા નથી. મા, બેન માટે 'મધર', 'સિસ્ટર' જેવા શબ્દો સામાન્ય માનવીઓ વાપરે એમાં નવાઈ નથી; પરંતુ નેતાઓ આ વસ્તુ ભૂલી જાય ત્યારે ખેદ થાય છે.

(વડોદરા) —કૃષ્ણાજી હરિ મનોહર

[*એમાં માનસિક ગુલામી કરતાં આંતરરાષ્ટ્રીય તત્ત્વ જાળવવાની દૃષ્ટિ નહિ હોય? ગાંધીજી તો ભારતીયતાથી પર જગદ્‌વિભૂતિ બની ગયા છે, એટલે આખા જગતને અનુકૂળ તારીખ રાખી હોય એ જ શક્ય નથી? અને ભારતમાં તો રેંટિયાબારશ પણ સાથોસાથ ઊજવાય જ છે.]

પૂજ્ય સી. એ. બુચ (બુચકાકા) 'સુકાની'ના સ્વર્ગવાસી થયાના ખબર વાંચી ઘણો જ ખેદ થયો. સ્વર્ગસ્થ જ્યારે પૂર્વ બંગાળના ચિતાગૉંગ બંદરે ૧૯૩૪ થી '૩૭ના અરસામાં 'બેન્ગાલ બર્મા સ્ટીમ નૅવિગેશન કંપની'માં મૅનેજરપદે હતા ત્યારે મારા પિતાશ્રી સાથે ઘણો જ નિકટ સંબંધ ધરાવતા. ગત જુલાઇની ૧૮મીએ મારા પિતા સ્વર્ગવાસી થયા ને ટૂંક સમયમાં તેમના એક જૂના મિત્ર શ્રી બુચસાહેબ સ્વર્ગવાસી થયા તે પણ એક વિધિની વિચિત્રતા છે. એક ફોટો-પ્રિન્ટ મારી પાસેના સંગ્રહમાં છે, જે



હું આ સાથે મોકલું છું. તેમાં ડાબી બાજુથી શ્રી એમ. એ. માસ્તર (સિંધિયા સ્ટીમ નવિગેશન કં.ના ભૂતપૂર્વ જનરલ મૅનેજર) ૧૯૩૭ દરમિયાન ચિતાગૉંગની વિઝિટે આવ્યા હતા તે સમયનો આ ફોટો છે. તે 'રંગમતી'નામના ચિતાગૉંગ હિલ ટ્રૅક્સમાં આવેલી કરનાફુલી નદીમાં મોટર-લૉંચ 'રાજકુંવર' (જે મારાં માતુશ્રીના નામથી હતી તે)ના રૂફ ઉપર પાડેલ છે. તેમાં વચ્ચે મારા પિતાશ્રી અમરચંદ ભવાન વડનગરા (જે ચિતાગૉંગ ખાતે સિંધિયા કં.ના સ્ટૅવેડોર. તેમજ બિઝનેસમૅન, અને ઈન્ડો-બર્મા પેટ્રોલિયમ કં.માં મૅનેજર હતા તે) છે, અને તે પછી શ્રી સી. એ. બુચ હાથમાં સુકાનીની અદાથી બામ્બુ રાખી ઊભેલા છે.

(જૂનાગઢ) —લાલભાઈ અમરચંદ

આજે રેડિયો એ શૉખને બદલે જ્ઞાનવિકાસ અને સામાજિક ઉન્નતિ માટેનું ઉત્તમ સાધન સાબિત થયું છે. અગાઉ 'કુમાર'માં જેમ ફોટોગ્રાફી માટેની તલસ્પર્શી લેખમાળા આપી હતી, તેમ રેડિયો વિષે પણ કોઈ તજ્જ્ઞ પાસે લખાવી છાપો તો 'કુમાર'ના ચાહકો વધશે અને તે વધુ લોકપ્રિય થશે. લેખમાળામાં રેડિયોની પ્રાથમિક બાબતોથી લઇ તેની સંભાળ, રચના, સમારકામ અને ટેકનિક એવા વિષયો આવરી લો તો સોનામાં સુગંધ.

(પાવી) —મિયાંમહંમદ પતાસાવાલા





કૃષ્ણને મળવા જતી રાધા (રાજપુત કલમ)

ભારતીય ચિત્રકલા ઉપર જ્યારે ઈરાની કે મુઘલ અસર હજી પડી નહતી તે કાળની શુદ્ધ લોકશૈલી જે 'રાજપુત ચિત્રકળા'ને નામે ઓળખાય છે તે વસ્તુતઃ દક્ષિણમાં અજંતાથી માંડી ઉત્તરે પંજાબની દક્ષિણ સરહદ સુધી સમસ્ત પશ્ચિમહિંદમાં પરિવ્યાપ્ત હતી અને ગુજરાતમાં પણ તેના પુષ્કળ નમૂના મળે છે. જતે દહાડે એના ઉપર મુઘલ કળાની ચોક્સાઈ અને સફાઈની અસર થઈને પહાડી શૈલી વિકસી. ઈ.ની સોળમી–સત્તરમી સદીના સંધિકાળે આલેખાએલી એવી રાજપુત શૈલીની જે એક અભિસુંદર કૃતિ અમેરિકાના બૉસ્ટન કલાસંગ્રહમાં છે તેની પ્રતિકૃતિ આ ઉપર આપી છે. તેમાં, બગીચામાં નિયત મિલનસ્થાને રાહ જોતા કૃષ્ણને બે સખીઓની સહાયથી મળવા માટે જતી રાધાનું ગીતગોવિંદ-પ્રાખ્યું આલેખન છે. આ વર્ષે રાષ્ટ્રીય કલાપ્રદર્શનનું પારિતોષિક જીતનાર ભાઈ બારભૈયાની આ સામે આપેલી કૃતિ એ જ પરંપરાશુદ્ધ શૈલીએ આલેખાઇ છે તેની પ્રતીતિ એ કરાવશે. માનવ આકૃતિ અને વૃક્ષરાજિની તેની વિશદતા દાખવવા માટે આ ચિત્રના ઉપલા ડાબા ખૂણાના લગભગ ચોથા ભાગની મોટી કરેલી રંગીન પ્રતિકૃતિ આની પાછળ મુખચિત્ર તરીકે છાપી છે.

ગીતગોવિંદ : કલાકાર-બિહારીલાલ બારભૈયા જુઓ આ અંકની 'કલાવાર્તા'

લલિતકલા અકાદમી યોજિત આ વર્ષના 'રાષ્ટ્રીય કલાપ્રદર્શન'માં ભારતીય ચિત્રશૈલી વિભાગમાં રજૂ થએલી શ્રી બિહારીલાલ બારભૈયાની બે ચિત્રકૃતિઓમાંની આ કૃતિ 'રાધાની રાહ જોતા કૃષ્ણ' માટે તેમને રૂ. ૧૦૦૦નું પારિતોષિક મળવા ઉપરાંત એ રાષ્ટ્રીય ચિત્રશાળા માટે ખરીદાઈ પણ છે. ગીતગોવિંદના પાંચમા સર્ગના ત્રીજા શ્લોકમાં કરેલાં, વિરહવેદનાકુલ રાધા અને કામ–પીડિત કૃષ્ણનાં વર્ણનો અનુસારનાં એ આલેખનો ઘણાં ચોટદાર છે. એકેએક વૃક્ષની નિરાળી લાક્ષણિકતા દર્શાવતા ભારતીય શૈલીના નિસર્ગદર્શન વચ્ચે રાધા–કૃષ્ણના પ્રેમપ્રસંગો નિરૂપતાં એમનાં આ વિષયનાં બંને ચિત્રોની રંગાવટ પ્રશંસાપાત્ર છે.



મિલનોત્સુક રાધા

ઈ.ની સોળમી-સત્તરમી સદીના સંધિકાળે આલેખાએલી પ્રાચીન રાજપુત (બહુધા ગુજરાતી) ચિત્રશૈલીમાં આલેખાએલા એક ચિત્રની અનુકૃતિ
આલેખક · બંસીલાલ વર્મા · બ્લૉક 'સમય' કાર્યાલય સુરેન્દ્રનગરના સૌજન્યથી (વિસ્તૃત પરિચય માટે જુઓ પાછળ)

પાછલી રાતથી પ્રભાત

(યુનિવર્સિટી હૉસ્ટેલમાં શિશિર)

· પરંપરિત ઝૂલણા અને ફૂદડીવાળી લીટીઓ ગુલબંકી ·

રાત્રિની કેદમાં
ઠંડીના કોરડા સહી સહી
સૃષ્ટિ સારી અહીં મૃત્યુની મુક્તિ યાચી રહી!
ઠૂંઠિયું વાળીને સીમ કેવી પડી!
ઘોરતાં સૌ ઘરોમાં ન કોઈ શ્વસે;
કૈંક જન ત્યાં વસે
કિન્તુ ત્યાં કોઇને ના દીસે
ભાણ નિજના ય અસ્તિત્વની!
સંત્રી શા થાંભલા બત્તીના
ખાઈ ઝોકાં રહ્યા તે કદી સ્હેજ ચમકી જતા!
ઊંઘતા ટાવરે
દૂર યુનિવર્સિટીના પણ
વૃદ્ધ અસ્વસ્થના ખાંસીના ઊભરા
શા ટકોરા પડે...
*ચાર... પાંચ... (ના પછી સુણ્યા ગણ્યા.)
ઠંડા સિગરેટના ધૂમ્રથી છાઇ પુસ્તક પડ્યું એક, ને
કૈંકના ખ્યાલમાં વિસ્તરું, વિસ્મરું કાલને;
ટેબલે જાગતો લૅમ્પ આશ્વાસતો કેટલું!
ઘૂમતા થાકતા યંત્ર-કાંટા પરાણે ધપે ક્લૉકના
આયખું ખેંચતા ઉદ્યમી માનવી જેમ કો બાપડા!
ત્રસ્ત કૈં માણસો
જાતને બાળવા વિણ રહ્યા દોડી તે (હા, સુણ્યું)
ફેરિયા, દૂધવાળા, મજૂરો બધા
દિવસ કરવા પૂરો
*વીતેલ રાત વિસ્મરી.
ને અહીં
કોઈ યે નાયિકા ના રુચે તે છતાં
સર્વની સાથ ભ્રમણામહીં હું ભમું:
*શકુન્તલા ય ઉર્વશી, શશી, સુકેશી મંજરી
વ્યસ્ત નોરા તથા તનમનો સંચરી
પ્રીતની રીતની વાત ક્હેતી રહી!
ન્યૂઝ છાપામહીં નિત્યના નવનવા
(જે ન એ જાણતા)
તે બધે પૃથ્વી પર (શક્ય જો હોય, બીજે ય) પ્હોંચાડવા
છોકરા બૂમ પાડી રહ્યા...
મંદ જલતી છતાં હૂંફ દેતી ન તે
છેલ્લી સિગરેટ આ જાતને લુપ્ત કરતી રહી
ઍશ-ટ્રેમાં ધીરે.
*ધીરે ધીરે બધું જ લુપ્ત... રાત યે બચી ન...
*સુપ્રભાત
ચાહનું પ્યાલું ને છાપું—
દુનિયાની સાથે ભળું.

હેમન્ત દેસાઈ

અમે તો લઘુ ને—

· ભજન ·

અમે તો લઘુ ને તમે ગુરુ છો, ગુરુજી વ્હાલા!
વામન અમે, તમે વિરાટ જી;
સેવકતણા યે અમે સેવકના સ્થાને, ગુરો!
સમ્રાટના તમે તો સમ્રાટ: અમે૦

ઊંડા ઊંડા ખીણમહીં આસન અમારાં, ગુરો!
ગિરિ-ટોચે તમારા મુકામ જી,
અંતર અમારાં ગુરો! ઘન અંધકારે ઘેર્યાં,
તમે તો છો પ્રકાશના ધામ: અમે૦

અમે તો કથીર, તમે સોળ-વલું સોનું, ગુરો!
અમે તો મેલાં ને તમે શુદ્ધ જી;
અમે સૂતાં હોઇએ ને સાધના તમારી ચાલુ,
અમે તો પ્રસુપ્ત, તમે બુદ્ધ: અમે૦

અલસ અમે, ને તમે ચેતન–ફુવારા, ગુરો!
જડતા અમે, તમે જીવંન જી;
અંધિયાર જળે ગુરો! ગળકાં ખાઈએ અમે,
તમે તો છો પ્રવાહ પાવંન: અમે૦

સારા યે સંસાર પરે શાસન તમારાં, ગુરો!
દુનિયાની મહીં તમે દેવ જી;
માણેક મોતી ને હીરા: કશું ન જોઇતું હવે;
જોઇએ તમારી બસ સેવ: અમે૦

દેવજી રા. મોઢા

રાધિકાનો રંગ

· ગાન ·

મારા હૈયામાં ફાગણનો ફોરમતો ફાલ રે;
પિચકારી મારો નહિ ગિરધારીલાલ રે!

તારા તે કાળજાને કેસૂડે લાલ લાલ
ઝૂલે મારા અંતરની ડાળ;
રોમ આ રંગાય મારું તારી તે આંખના
ઊડતા અણુસારને ગુલાલ;
રાધિકાનો રંગ એક તારું તે વ્હાલ રે;
પિચકારી મારો નહીં ગિરધારીલાલ રે!

મીઠેરી મુરલીના સૂરતણી ધાર થકી
ભીનું મારા આયખાનું પોત;
અંતર ને આંખના અબીલ ને ગુલાલની
આજ લગી વ્હાલી મને ચોટ;
રાધિકાનો રંગ એક તારું તે વ્હાલ રે;
પિચકારી મારો નહીં ગિરધારીલાલ રે!

સુરેશ દલાલ

વરસાદ પછી

· કટાવ ·

જલ ભીંજેલી
જોબનવંતી
લથબથ ધરતી
અંગઅંગથી
ટપકે છે કૈં
રૂપ મનોહર.

ને તડકાનો
રુવાલ ધોળો
ફરી રહ્યો છે
ધીમે ધીમે
યથા રાધિકા
જમુનાજલમાં
સ્નાન કરીને
પ્રસન્નતાથી
રૂપ ટપકતા
પારસ દેહે
વસન ફેરવે
ધીરે ધીરે.

જોઈ રહ્યો છે
પરમ રૂપના
ઘૂંટ ભરંતો
શું મુજ શ્યામલ
નેનન માંહે
છુપાઇને એ
કૃષ્ણ-કનૈયો?

લાભશંકર ઠાકર

શૂલ

હાય પ્રીતની કેવી વસમી શૂલ,
અંતર ખટકે એમ વધુ અનુકૂલ!

અનવર આગેવાન

વિચારવિશેષ

ચિરકુમારી લોકશાહી

• ખંડ હરિગીત •

છે અજબ આ લોકશાહી-ચિરકુમારી!
શી છટા ને શી અનોખી છે ખુમારી!
લાવણ્યના તેજે ટપકતા અંગ પર,
એની અજબ છે, વેશભૂષાની વિવિધતા!
દેશ એવો વેશ એનો જૂજવો:
ક્યાંક એણે લોકક્રાંતિના મહા આતંકની
જ્વાલા ચૂમી,
ને ક્યાંક તો વિપ્લવ તણી વેદી મહીંથી
અંગઅંગે ભસ્મનું લેપન કરીને એ ઘૂમી!
એ વિલક્ષણ રૂપિણી,
આપણે દેશે હવે છે ઊતરી:
અન્ય દેશોથી જુદી તાસીર છે એની અહીં,
કે'છ કે આવી અહીં છે એહ ગાંધી નોતરી!
ભભૂકતી અગ્નિશિખાના અગ્રભાગે
જે અલૌકિક પુષ્પની ખીલે કલિ
તેને કલાપે કેશના એવી જડી—
જાણે મહાભુજંગને માથે જડયો કૌસ્તુભમણિ!
ઉત્તુંગ અદ્રિશૃંગથી પછડાટ ખાતા ધોધની
સ્કંધે ઊડે જલપામરી,
ને વીજળીની વેલને ફીકી મહીં છે કાલવી,
ઓઢી ધવલ તુષારબિંદુની વણેલી ચૂંદડી,
જેમાં ભળેલી ભાત એવી—
હોય ના જાણે નિરંતર
ફીણને ઉછાળતો સિંધુ તરંગાતો.
—અને એ ચૂંદડીની કોરને
મોંઘા શહીદોની વહેલી રક્તધારાનો
ચડેલો રંગ રાતો.
એક હસ્તે છે કનકનો થાળ,
ને છે થાળમાં છલછલ ભરેલી ગુલછડી;
ને અવર હસ્તે ધર્યો જલકુંભ, જે આકંઠ છે
સરિતાફૂલોના સચક્યા તીર્થોદકે નિર્મળભર્યો;
સાથે વળી છે ધાન્યનાં ડૂંડાં ધરેલાં,
જે કશાં નિજનાં જ ભારે છે નમેલાં
ને ધરાની શ્રી થકી કણકણ ભરેલાં.
એ કુમારીના પનોતા પાયથી
ખીલી ઊઠેલા આપણા બડભાગ્યને
(સાવધ રહીને આપણે લેવું સમાલી:
કે) જે તપસ્વીએ દીધાં નિજ હાડ ગાળી,
ને ઉતારી આંગણે
માંગલ્યમૂર્તિ લોકશાહી-ચિરકુમારી;
તે ફરીથી ફેરવીને પીઠ પાછી,
આપણા આંગણ થકી ના જાય ચાલી.

—બાલમુકુન્દ દવે

('આકાશવાણી'ના રેડિયો-સપ્તાહ વેળાના કવિસંમેલનમાં રજૂ થએલી એમની કૃતમાંથી)

૮૨ ('કુમાર' અંક ૪૨૩)

તમે કહો છો કે કમુદ સાથે મેં પુનર્લગ્ન શા માટે ન કર્યું? તમે મને ભીરુ ગણો છો, પણ તમે કુમુદનું માનસ સમજી શક્યા લાગતા નથી. હું પુનર્લગ્ન કરવાનું કહું તો પણ કુમુદ તે સ્વીકારે ખરી? બીજું, જો હું પુનર્લગ્ન કરું તો અમારી કલ્યાણગ્રામની યોજના ભાંગી પડે. વ્યષ્ટિએ એટલો ભોગ સમષ્ટિ ખાતર આપવો જોઇએ. અત્યારે તમારા યુગની વાત જુદી છે. તમારા યુગમાં કદાચ જેનું સાદું સીધું લગ્ન હોય તેની લોકપ્રતિષ્ઠા નહિ હોય. લોકો એમ પણ માનતા હોય કે જેણે સાવ સાદું સીધું લગ્ન કર્યું હશે તેનામાં તે શું ભાળી હશે?...

હવે આ પત્ર આટલેથી અટકાવું નહ તો તમે માનશો કે મને લાંબુ બોલવાની ટેવ છે તેમ લાંબું લખવાની પણ ટેવ છે...તમારા યુગમાં તાત્ત્વિક ચિંતન ને પર્યેષણા તરફ આટલી બધી સૂગ કેમ કેળવાઈ છે? જો વિચારનું બળ નહિ હોય તો કાર્યશક્તિની દોરવણી કોણ કરશે? લાંબી વાતથી તમે ચિડાવ છો તેમ લાગે છે. તમારા યુગમાં ટૂંકાણ વધતું જતું હોય એમ લાગે છે. તમારી વાર્તાઓ ટૂંકી, નાટિકાઓ ટૂંકી, વિવેચન ટૂંકાં, મન ટૂંકાં, નજર ટૂંકી, વિચારણા ટૂંકી. શું તમારો જમાનો આવ્યો છે! તમે લાંબુ સ્વપ્ન ન જોઈ શકો ને ન લાંબા પત્રો સહન કરી શકો. તમારું ચાલે તો સપ્તપદીમાં તમે પતિ પાસે પ્રતિજ્ઞા લેવડાવો કે પત્ર પાંચ લીટીથી લાંબો ન લખવો અને તેમાં તત્ત્વસ્પર્શી વાત તો કદી કરવી જ નહિ!

'જો હું સરસ્વતીચંદ્રને પરણું તો' એ નામના વાયુવાર્તાલાપમાં દર્શાવેલા વિચારોનો સરસ્વતીચંદ્રનો પ્રત્યુત્તર.—ઈશ્વરલાલ ર. દવે

આજથી એક સદી પર હિંદમાં યુનિવર્સિટીઓ સ્થપાઈ ત્યારથી આજ સુધીમાં કેળવણીનું ક્ષેત્ર વિસ્તૃત તો બન્યું છે. પણ આજે પરિસ્થિતિ એવી આવી છે કે quantitative multiplicationની આંધળી દોટમાં quantitative excellence વિસારે પડયું છે.

અર્ધી સદી પહેલાં જ્ઞાનપિપાસુ ઉપલા વર્ગનો બુદ્ધિશાળી સમાજ પૂરતી અનુકૂળતા હોય તો જ ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં પ્રવેશતો. આ બુદ્ધિશાળી વર્ગને શિક્ષણ આપનાર પણ ઉચ્ચ કોટિની વિદ્વત્તા ધરાવતા સરસ્વતીના ઉપાસકો જ હતા. આજે પરિસ્થિતિમાં અજબ પલટો આવ્યો છે. શિક્ષણ લેનારો વર્ગ આજ બહુજનસમાજમાંથી આવે છે. જ્ઞાન તેમનું ધ્યેય મટી સાધન બન્યું છે, ડિગ્રી આજીવિકાનું લક્ષ્યબિંદુ બન્યું છે. પહેલાંના અધ્યાપકો અને વિદ્યાર્થીઓની પ્રજ્ઞાદૃષ્ટિ, તલસ્પર્શિતા, વિષયની સૂઝ, વાચન માટે લેવાતો પરિશ્રમ, જ્ઞાનની પિપાસા, આજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. કૉલેજની વૅકેશનો અને ઓછા કલાકનું રોજિંદુ કામ પહેલાં બંને પક્ષે જ્ઞાનસંચય માટે હતું, આજે એ ધનસંચય માટે બન્યું છે.

મારી દૃષ્ટિએ ઉચ્ચ ક્ષેત્રે ઘણા કાર્યની શક્યતા છે. તેનું ચિત્ર એક શિલ્પીના દાખલાથી સ્પષ્ટ કરું. ખરબચડા અણઘડ પથ્થરમાંથી મૂર્તિ કંડારતો શિલ્પી શરૂઆતમાં પથ્થરને ટાંકણાં મારી કેવળ આછો પાતળો આકાર જ આપે છે. આ કામ છે પ્રાથમિક શિક્ષકનું. દ્વિતીય કક્ષાએ શિલ્પી મૂર્તિના સ્પષ્ટ આકારો રચી, મૂર્તિનું સ્વરૂપ નિશ્ચિત કરી, સુશોભિત મૂર્તિનું સર્જન કરે છે. આ છે માધ્યમિક શિક્ષકનું કાર્ય. પરંતુ શિલ્પીનાં છેલ્લા ટાંકણાં જ મૂર્તિમાં થતી વિવિધ ભાવોની અભિવ્યક્તિ સાધી શકે છે. આ અંતિમ ટાંકણાં જેવો સ્પર્શ કરે તેવું મૂર્તિનું અંતિમ સ્વરૂપ—વિકૃત કે સુરૂપ થવાનું. આ અંતિમ ટાકણા ઉચ્ચ ક્ષેત્રે અધ્યાપકોએ આપવાનાં છે. —શ્રી જેઠાલાલ શાહ

વેપારી ચોપડામાં લક્ષ્મીપૂજન કરતા. તેની સાથે પ્રામાણિકતાનું વાતાવરણ સંકળાયું છે. પરંતુ આજે કેટલાક વેપારીઓ એક કે બે નહિ પણ પાંચ પાંચ ચોપડા લક્ષ્મીપૂજનમાં મૂકે છે! પાંચમાં એક ચોપડો સાચો, બીજો ટૅક્સ માટે, ત્રીજો ભાગીદાર માટે, ચોથો પત્ની માટે અને પાંચમો લેણદાર માટે હોય છે! આ કોઈ મજાક નથી; મારો ધંધાદારી અનુભવ છે.

વેપારી બહાર પ્રામાણિક અને નીતિમાન હોવાનો દાવો કરે તેની સાથે જ તેણે પોતાના અંતરમાં ઊંડે તપાસ કરવી જોઇએ. વેપારીઓએ સ્વેચ્છાએ પોતાના વ્યવહારનું એવું નિયમન કરવું જોઇએ કે જેથી અંતરમાંથી સ્વયંસ્ફુરિત રીતે નીતિમત્તાનો ઝરો કાયમ વહેતો જ રહે. વેપારીની વાણી કે તેનું વર્તન કૃત્રિમ ન દેખાવાં જોઇએ કે એ બેની વચ્ચે વિરોધાભાસ ન હોવો જોઇએ. તેમનું વર્તન એવું હોવું જોઇએ કે તેમની સામે કોઈ આંગળી સુદ્ધાં ચીંધી ન શકે. તેની પ્રામાણિકતા એવી હોવી જોઇએ કે ઈન્કમ ટૅક્સ ગમે તેટલા ચોપડા ફેંદે તો યે કંઈ ન મળે અને કશું કરી ન શકે.

—ગોપાલદાસ કાપડિયા

જેણે જગનામી શોધકોની એક આખી ટુકડીના પ્રાણ લીધા તે

નકશાની એક જીવલેણ ભૂલનો

—અને વાયવ્યમાર્ગના એ સાહસિક સફરબહાદુરોના અવશેષોનો

શોધક મૅક્‌લિન્ટૉક



ધ્રુવપ્રદેશમાંથી યુરોપ-અમેરિકા વચ્ચેનો વાયવ્ય-માર્ગ શોધવા માટે ખેડાએલાં સાહસો ને અપાએલાં બલિદાનો, જગતની શોધ-સફરોના ઇતિહાસમાં એક રોમાંચકારી ને અમર પ્રકરણ મૂકી ગયાં છે. આ અગાઉ પ્રકટ થએલાં એનાં કથાનકોમાં સૌથી કરુણ એવા, એ શોધ પાછળ ગારદ થએલા સર જૉન ફ્રૅન્ક્લિનની ટુકડીના સાહસના અંજામનો ઉકેલ આ કથાનક રજૂ કરે છે.

★

લેખક · પ્રો. રમણલાલ ચી. શાહ એમ.એ.

સર જૉન ફ્રૅન્ક્લિન અને એની ટુકડી ધ્રુવપ્રદેશમાં ગુમ થઇ ગયાને નવ વર્ષ પસાર થઈ ગયાં છતાં તેઓ ક્યાં છે અને તેમનું શું થયું એ વિષે બહારની દુનિયાને કંઈ પણ પત્તો લાગ્યો નહિ. દરમિયાન સંખ્યાબંધ વહાણો એની તપાસ માટે ધ્રુવપ્રદેશમાં જઈ આવ્યા અને હજારો માણસોએ ચારે દિશામાં રખડપટ્ટી કરી; પરંતુ લાખો માઈલમાં વિસ્તરેલા ધ્રુવપ્રદેશમાં ફ્રૅન્ક્લિનનાં વહાણ જ્યાં પડચાં હતાં તે ચોક્કસ જગ્યાએ, કે જે માર્ગે એની ટુકડીના માણસો મૃત્યુ પામ્યા હતા તે માર્ગે કોઈ જ ગયું નહિ. કેટલાક તો એની બાજુમાંથી થોડાક જ માઈલના અંતરેથી પસાર થએલા. બ્રિટિશ સરકારે પણ આ નવ વર્ષ દરમિયાન જેટલું નાણું આ 'તપાસ' પાછળ ખર્ચ્યું તેટલું સામાન્ય સંજોગોમાં તે 'નવાં સાહસો' માટે પણ એ ખર્ચત નહિ. એટલે સરકાર પણ પૈસા ખર્ચીખર્ચીને હવે થાકી ગઈ હતી. વળી, તેમાં યે એક પછી એક ટુકડી તપાસાર્થે મોકલવામાં એને ઉત્તરોત્તર જે વધુ ને વધુ કડવો અનુભવ થતો જતો હતો તેને લીધે એને એમાં હવે રસ રહ્યો નહોતો.

આ દરમિયાન ઇંગ્લંડને ક્રીમિયાના યુદ્ધમાં ઝંપલાવવું પડચું, જેમાં સરકારને ખૂબ ખર્ચ થવા લાગ્યું અને માણસોનો પણ રોજેરોજ સંહાર થવા લાગ્યો. એટલે એની સરખામણીમાં થોડાંક વર્ષો પહેલાં ધ્રુવપ્રદેશમાં ગએલા ૧૨૯ માણસોના અવસાનની બાબત ગૌણ ગણાવા લાગી. આ સંજોગોમાં બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે સરકાર તરફથી ફ્રૅન્ક્લિનની તપાસના તમામ પ્રયાસો પૂરા થયા છે. નવ વર્ષ સુધી તેમનો કંઈ પણ પત્તો લાગ્યો નથી એટલે તેમને બધાને ગુજરી ગએલા જાહેર કરવામાં આવે છે અને તેમનાં નામો નૌકાખાતાના માણસોની ચાલુ યાદીમાંથી રદ કરવામાં આવે છે.

સરકારની આ જાહેરાત લોકોને મન સામાન્ય હતી, પરંતુ એથી શ્રીમતી ફ્રૅન્ક્લિનને ઘણો આઘાત લાગ્યો. એણે આ જાહેરાતનો જાહેર-રીતે સખત વિરોધ કર્યો અને તપાસ ચાલુ રાખવા સરકારને એક લાંબી અરજી કરી, જેમાં એણે સરકારને કડવા અનુભવોની દૃષ્ટિએ તપાસ-કાર્ય બંધ ન કરી દેતાં એ કાર્યને તટસ્થ દૃષ્ટિએ જોવાનું સમજાવ્યું.

બ્રિટિશ સરકારે શ્રીમતી ફ્રૅન્ક્લિનની આ અરજી નામંજૂર કરી કાઢી નાખી. આથી તેને ઘણું દુઃખ થયું, પરંતુ પોતાના પતિની તપાસ કરાવવા માટે તે મક્કમ હતી. તે જાણતી હતી કે પોતાનો પતિ અત્યાર સુધી જીવતો તો રહ્યો નહિ હોય; તોપણ એને વિષે તપાસ કરાવવાના કાર્યમાં તે પાછી પડે તેવી નહોતી. સરકાર તરફથી જ્યારે તપાસ-ટુકડીઓ મોકલવામાં આવતી હતી ત્યારે એણે પણ પોતાના ખર્ચે ચાર વાર તપાસ-ટુકડીઓ મોકલી હતી. એમ કરવામાં એની પાસે હતા એટલા બધા પૈસા ખલાસ થઈ ગયા હતા. આમ છતાં, હજુ એક વધુ ટુકડી પોતાને ખર્ચે મોકલવાનો એ વિચાર કરતી હતી. બ્રિટિશ સરકારે એની અરજી નામંજૂર કરતાં એણે પોતાનો એ નિશ્ચય હવે પાકો કર્યો અને થોડા થોડા પૈસા બચાવી ૧૭૭ ટનનું 'ફૉકસ' નામનું તદ્દન નાનકડું, વરાળયંત્રથી ચાલતું વહાણ ખરીદ્યું. જ્યાં હજારો ટનનાં જબરદસ્ત મોટાંમોટાં વહાણો તપાસ માટે ઘૂમી વળ્યાં ત્યાં આ નાનકડા વહાણથી શું વળવાનું હતું? પરંતુ મોટા વહાણ માટે તેની પાસે પૈસા નહોતા અને તપાસ માટેનો પોતાનો નિર્ણય પડતો મૂકવો નહોતો. નિષ્ફળતાની ખાતરી હોવા છતાં યે એક છેલ્લો પ્રયાસ કરી જોવા તે ઇચ્છતી હતી.

વહાણ ખરીદ્યા પછી તેમાં એક વર્ષ ચાલે એટલું સીધુંસામાન અને અન્ય જરૂરી સામગ્રી ભરવાની તેની ઈચ્છા હતી. એ માટે પણ એણે થોડા થોડા પૈસા બચાવવા શરૂ કર્યા. આ રીતે તૈયારી કરતાં એને લગભગ ત્રણ વર્ષ લાગ્યાં! હવે સવાલ રહ્યો ટુકડીનાં માણસોનો. વહાણ નાનું હતું ને ટુકડી પણ તદ્દન નાની—લગભગ પચીસ માણસોની તે મોકલવા ઈચ્છતી હતી. પરંતુ એટલા માણસોને એક વર્ષનો પગાર આપવાના પૈસા તો એની પાસે હતા જ નહિ; અને એ એકઠા કરવામાં તો બીજાં કેટલાંક વર્ષ નીકળી જાય. આથી તે ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ અને કોઈની પાસે પૈસા માટે હાથ લાંબો કરવો કે નહિ તેનો વિચાર કરવા લાગી. પરંતુ તેની આ મુશ્કેલી જાણતાં કેટલાક ખલાસીઓ ને અફસરો એને માટે વગર પૈસે કામ કરવા આગળ આવ્યા. તેમાં લીઓપૉલ્ડ મૅક્‌લિન્ટૉકે નેતૃત્વ સંભાળ્યું. એની સાથે કૅપ્ટન ઍલન યંગ અને લેફ્ટેનન્ટ હૉબસન પણ જોડાયા. તૈયાર થએલા પચીસમાંથી અરધા ધ્રુવપ્રદેશના અનુભવી હતા અને અરધા તદ્દન બિનઅનુભવી હતા. તેઓ ધ્રુવપ્રદેશ તરફ ઊપડવાની તૈયારી કરતા હતા, પણ સાહસિક

ઉપર નકશામાં : ૧ લૅંકેસ્ટરની ખાડી, ૨ બૅરો સામુદ્રધુનિ, ૩ પ્રિન્સ ઑવ વેલ્સ ટાપુ, ૪ બૂથિયા ટાપુ, ૫ કિંગ વિલિયમ ટાપુ, ૬ વિક્ટોરિયા ટાપુ, ૭ કૉર્નવૉલિસ ટાપુ, ૮ ડેવૉન ટાપુ, ૯ મેલવિલે ટાપુ અને ૧૦ સમરસેટ ટાપુ.

ધ્રુવપ્રદેશનાં સાહસોના ઇતિહાસમાં એ ટુકડીની દુર્ઘટના સૌથી કરુણ છે અને એને શોધવા માટે થએલી સફરો અને સાહસો સૌથી વધુ ભગીરથ છે

ડૉ. જૉન રેના અહેવાલની રાહ જોવામાં તેઓ રોકાઈ ગયા હતા.

બ્રિટિશ સરકાર તરફથી તો તપાસ-કાર્ય બંધ થયું હતું, પરંતુ હડસન બે કંપની તરફથી રેને જમીન માર્ગે ઉત્તર અમેરિકામાં થઇને ધ્રુવપ્રદેશમાં શોધખોળ કરવા માટે મોકલવામાં આવ્યો હતો તેનો અહેવાલ હજુ આવ્યો નહોતો. રે આ પ્રદેશનો અનુભવી હતો અને હડસન બે કંપનીને એણે ઘણું કામ કરી આપ્યું હતું. ઈ. સ. ૧૮૪૫માં જ્યારે સરકાર તરફથી સમુદ્ર મારફત વાયવ્ય દિશાને માર્ગે ફ્રૅન્કલિનને મોકલવામાં આવ્યો હતો ત્યારે એ જ વર્ષે હડસન બે કંપની તરફથી રેને જમીનમાર્ગે ધ્રુવ-પ્રદેશમાં મોકલવામાં આવ્યો હતો. જુદે જુદે રસ્તે ગએલી બંને ટુકડીઓ આકસ્મિત રીતે એકબીજાની તદ્દન નજીક આવી ગઈ હતી, પરંતુ વચ્ચેના થોડા અંતરને લીધે તેઓ એકબીજાને મળી શકી નહોતી. તેઓ પરસ્પરની એટલી નજીક છે એવી તેમને ખબર જ નહોતી!

ફ્રૅન્કલિનના ગુમ થઈ ગયા પછી ઈ. સ. ૧૮૪૮માં ડૉ. રિચાર્ડસનને પણ સરકાર તરફથી ઉત્તર અમેરિકાના જમીન માર્ગે તપાસ કરવા મોકલવામાં આવ્યો હતો. એ રિચાર્ડસન ફ્રૅન્કલિનનો ગાઢ મિત્ર હતો અને આ પ્રદેશનો અનુભવી હતો. એણે અહીં આવી બે વખત તપાસ માટે પ્રયાસ કર્યો, પરંતુ બંને વખત ખરાબ હવામાનને લીધે એને પાછા ફરવું પડયું હતું. આ પછી સરકારે ઈ. સ. ૧૮૫૧માં ડૉ. જૉન રેને એ માર્ગે તપાસ કરવા મોકલ્યો હતો. રેએ ફૉર્ટ કૉન્ફિડેન્સથી કૉપરમાઈન નદીના મુખ સુધી પહોંચી, ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વિક્ટોરિયા ટાપુ અને પ્રિન્સ આલબર્ટની ખાડી સુધી લગભગ હજાર માઈલની બરફમાં રખડપટ્ટી કરીને, અને ત્યાંથી પાછા ફરી ડિઝ સામુદ્રધુની સુધી હોડીમાં પ્રવાસ કરીને તપાસ કરી, પરંતુ એને કંઈ પણ માહિતી મળી નહિ.

પણ ઈ. સ. ૧૮૫૩માં હડસન બે કંપનીએ પોતાને ખર્ચે રેને એ પ્રદેશમાં ફરી તપાસ કરવા માટે મોકલ્યો હતો ને તેથી જ શ્રીમતી ફ્રૅન્કલિને તૈયાર કરેલી મૅક્લિન્ટૉકની ટુકડી રેના અહેવાલની રાહ જોતી હતી. રેએ આ વખતે સાહસિક ટૉમસ સિમ્પસનના માર્ગે પ્રયાસ કરી, સિમ્પસન જ્યાં આગળ અટકયો હતો એ કેસ્ટર અને પૅાલુક્સ નદીથી યે આગળ ઉત્તર તરફનો માર્ગ લીધો અને બૂથિયા દ્વિપકલ્પના પૂર્વ કિનારે એ પહોંચ્યો. ત્યાંથી એણે બૂથિયાના પૂર્વ કિનારા તરફ ચાલવા માંડયું. લગભગ ત્રણેક અઠવાડિયાં ચાલ્યા પછી એક એસ્કિમો એને રસ્તામાં મળ્યો. રેને એસ્કિમોની ભાષા આવડતી હતી. એટલે એણે એસ્કિમોને પૂછ્યું, 'આ રસ્તે કોઈ વહાણ આવતું જોયું હતું?'

'ના.' એસ્કિમોએ જવાબ આપ્યો.

'કોઈ નાનું હોડકું?' 'ના.'

'તો કોઈ કાબ્લૂનાન?' (ગોરા માણસો માટે એસ્કિમોનો શબ્દ)

'ના.'

'તો કોઈ કાબ્લૂનાન વિષે બીજા કોઈ પાસેથી કંઈ સાંભળ્યું છે?'

'હા. અહીંથી ઘણે દૂર એક નદી છે. એની પેલી પાર કાબ્લૂનાનોની એક આખી ટુકડી કેટલાક વખત પહેલાં ભૂખમરાથી મરી ગઈ છે એમ કેટલાક એસ્કિમો કહે છે.'

'તેં પોતે કોઇને મરેલા જોયા છે?'

'ના, હું એ બાજુ ગયો નથી.'

'તું મને એ બાજુ લઈ જઈશ? મારી સાથે તું આવીશ?'

'એ તો ઘણું દૂર છે. મારે તમારી સાથે નથી આવવું.'

'તો કઈ દિશામાં એ જગ્યા આવી એની તને ખબર છે?'

'એ ય મને ખબર નથી. મેં તો આટલું ફક્ત સાંભળ્યું જ છે.'

'તો જેની પાસેથી તેં આ સાંભળ્યું છે એ એસ્કિમો આટલામાં ક્યાંય નજીકમાં છે? તું એની પાસે મને લઈ જાય છે?'

'હા, ચાલો.'

રેએ બીજા એસ્કિમો પાસે પહોંચી, ઘણી પૂછપરછ કરી કેટલીક માહિતી એકઠી કરી. તેનો સાર એ હતો કે ચાર શિયાળા પહેલાં કેટલાંક એસ્કિમોનાં કુટુંબ કિંગ વિલિયમ લૅન્ડ તરફ સીલનો શિકાર કરવા માટે ગએલાં. તે સમયે લગભગ ચાલીસ માણસોની એક ટુકડી દક્ષિણ તરફ આવી રહી હતી. તેઓ એક હોડી અને કેટલીક બરફગાડીઓ ખેંચી રહ્યા હતા. તેમનાં પાતળાં અને ફિક્કાં શરીર પરથી લાગતું હતું કે તેઓ ભૂખથી પીડાતા હતા અને ખૂબ થાકી ગએલા હતા. તેમને એસ્કિમોની ભાષા આવડતી નહોતી, એટલે ઈશારાથી તેઓ એસ્કિમોને સમજાવતા હતા કે તેમનાં બે વહાણ બરફમાં ભાંગી ગયાં છે, તેમનું ખાવાનું ખૂટી ગયું છે, તેઓ ભૂખથી ખૂબ પીડાય છે અને નજીકના કોઈ રાહતના સ્થળે પહોંચી જવા માટે ચાલી નીકળ્યા છે. એસ્કિમો પાસે એક સીલ હતું તે તેમણે છરી, કાંટા વગેરે કેટલીક વસ્તુઓ આપી ખરીદી લીધેલું.

એ જ વર્ષે ઉનાળો શરૂ થતાં પહેલાં કેટલાક એસ્કિમો ફરી એ તરફ ગયા ત્યારે તેમણે ત્યાં આગળ કેટલાક માણસોના મૃતદેહો આમતેમ પડેલા જોયા. કેટલીક કબરો દેખાતી હતી અને ત્યાંથી એક દિવસના અંતરે આવેલા એક ટાપુ પર બીજા કેટલાક મૃતદેહો પડેલા હતા. એમાંના કેટલાક મૃતદેહો તંબૂમાં પડેલા હતા, કેટલાક ઠંડીથી રક્ષણ મેળવવા માટે ઊંધી વાળેલી હોડીની નીચે પડેલા હતા અને બાકી બીજા ઘણા આમતેમ છૂટાછવાયા પડેલા હતા. વળી કેટલાક મૃતદેહ કાપેલા હતા અને કેટલાંક વાસણોમાં નરમાંસ પડેલું હતું એ પરથી જણાતું હતુ કે ભૂખના દુઃખને લીધે કેટલાક માણસો પશુ જેવા બની ગયા હશે.

એસ્કિમો પાસેથી રેને ફ્રૅન્કલિનની ટુકડી માટે આ પ્રમાણે કેટલીક માહિતી મળી. એસ્કિમો પાસે ઘડિયાળ, ટેલિસ્કોપ, હોકાયંત્ર, બંદૂકો, બંદૂકોની ગોળીઓ, છરીકાંટા, તાસકો, વાસણો વગેરે વસ્તુઓ હતી, જે તેમણે મૃતદેહો પાસેથી કાઢી લીધી હતી. એવી કેટલીક વસ્તુઓ રેએ તેમની પાસેથી ખરીદી લીધી. એમાં એક ચાંદીની તાસક પણ હતી જેના ઉપર નામ કોતરેલું હતું 'સર જૉન ફ્રૅન્કલિન!'

એસ્કિમો પાસે જઇને તપાસ કરવાના આ કાર્યને લીધે, જે પ્રદેશનો પ્રવાસ કરવાનું કંપની તરફથી રેને કહેવામાં આવ્યું હતું તે એ પૂરો કરી શકયો નહિ; પણ એના પ્રવાસનો જે ઉદ્દેશ હતો તે આ રીતે કેટલેક અંશે પાર પડી શકયો હતો. ઈ. ૧૮૫૪ના જુલાઈમા એ જ્યારે ઇંગ્લંડ આવી પહોંચ્યો ત્યારે સરકારે તપાસ બંધ કર્યાની જાહેરાત કરી દીધી હતી અને શ્રીમતી ફ્રૅન્કલિન તેની જ રાહ જોઈ રહી હતી. એટલે એણે મેળવેલા સમાચારે ઇંગ્લંડમાં સનસનાટી ફેલાવી દીધી. અત્યાર સુધી-માં ફ્રૅન્કલિને ધ્રુવપ્રદેશમાં પહેલો શિયાળો કયાં ગાળ્યો એટલી જ ફક્ત માહિતી મળતી હતી. તેની ટુકડીની કરુણ કહાણીની આ માહિતી સૌથી પહેલી રેએ મેળવી આપી, અને એ માટે બ્રિટિશ સરકારે એને દસ હજાર પાઉન્ડનું ઈનામ આપ્યું.

તપાસ-કાર્ય તો બ્રિટિશ નૌકાખાતાએ બંધ કરી દીધું હતું, પરંતુ રેએ મેળવેલી માહિતી જોતાં એ દિશામાં એક વધુ પ્રયાસ કરી જોવાની એને ઇચ્છા થઈ. આ માહિતી સીધી જાતતપાસની કે સ્થળતપાસની નહોતી; માત્ર એસ્કિમો પાસેથી સાંભળેલી એ (અનુસંધાન પૃ. ૧૧૩)

ત્રણ દીકરાની મા



લેખક · ચુનીલાલ વર્ધમાન શાહ

શંકરદાન ગઢવી પ્રૌઢ વયે મૃત્યુ પામ્યો અને રાણી વિધવા થઇ એટલે તેને માટે દુઃખના દહાડા શરૂ થયા એમ મનાય. તે પણ હૈયાધારણ રાખી શકે એવી વાત એ હતી કે તેને ત્રણ દીકરા હતા, અને કેટલીક જમીન-જાગીર હતી. એ વખતે તેનો મોટો છોકરો ચૌદ વરસનો હતો અને ભાવનગરના ચારણ છાત્રાલયમાં રહી ભણતો હતો. બીજો છોકરો દસ વરસનો હતો તે ગામની ગુજરાતી નિશાળમાં ભણતો હતો અને નાનો પાંચ છ વરસનો હતો.

શંકરદાન જાતે ખેતી કરતો, પણ હવે છોકરો ભણી રહ્યા પછી બાપની પેઠે ખેતી કરે કે ન કરે, એમ ધારીને રાણીએ ખેતરો પાકનો અર્ધો ભાગ લેવાની શરતે બીજા ખેડૂતને ખેડવા આપી દીધાં. આ રીતે એ મૂંઝવણ તો ફકેલાઇ, પણ રાણી મનમાં એક બીજી ચિંતા સેવ્યા કરતી. એ નાના ગામમાં ચારણ ગઢવીનાં ઘર તો બેત્રણ હતાં, પણ વાણિયા–બ્રાહ્મણનો પડોશ સારો હતો, એટલે રાણી પોતાનાં સુખ-દુઃખની વાત પડોશીઓને કહેતી. એક વાર તે બોલી : 'મોંઘી કાકી! બીજું બધું તો ઠીક, પણ મારે એક દીકરી હોત ને, તો મને કોઠે ટાઢક વળત.'

ઘરડાં કાકીએ તેને ઠપકો આપ્યો : 'જા, મારી બાઇ! એવું શું બોલ છ? ભગવાને દેવ જેવા ત્રણ દીકરા આપ્યા છે, ને તને વળી દીકરીની ભૂખ જાગી? ગાંડી થઈ કંઇ?'

રાણી બોલી : 'ખરું કહું છું, હોં કાકી! લોકો કહે છે કે દીકરી તો પારકું માણસ, કાલ ઊઠીને સાસરે જાય, પણ માનું દિલ દીકરી જાણે એવું બીજું કોઈ ન જાણે. તમે કહેશો કે ત્રણ વહુઓ ઘેર આવશે તે ચાકરી કરશે; પણ વહુની ચાકરી દીકરીની તોલે ન આવે, હોં કાકીજી!'

એટલામાં ફળિયામાં રમતી સાત-આઠ વરસની સીતા બોલી : 'તો રાણી કાકી! હું તમારી દીકરી થાઉં?'

બધાં બૈરાં એ છોકરીનો ટહુકો સાંભળીને ખડખડાટ હસી પડયાં.

ગંગા ગોરાણી બોલી : 'હા, હા, દીકરી જોઇતી હોય તો મારી સીતાને ખુશીથી લઈ જાઓ, રાણીબાઇ! મારે ભલે એક ઓછી રહી!' ગંગા ગોરાણીને એકે દીકરો નહોતો, પણ પાંચ દીકરીઓ હતી.

રાણી બોલી : 'ના રે બાઇ! એમ કોઇનાં દીધાં-લીધાં દીકરા–દીકરીથી કાંઈ દહાડો વળે છે? ભગવાને આપ્યાં તે જ ખરાં!' આમ સૌ સંસારનાં સુખ-દુઃખ વેઠયે જતાં અને દિવસો ગાળતાં.

રાણીનો મોટો દીકરો શિવદાન મૅટ્રિકમાં નાપાસ થયો તેથી તે ઉદાસ થઈ ગયો. રજાઓ ચાલતી હતી, તોપણ તે ઘેર ન ગયો.

એ જ વખતે ભાવનગરમાં જાહેરનામાં ચોડાયાં અને છાપામાં ખબર આવી કે સરકાર પુખ્ત વયના જુવાનોને લશ્કરમાં નોકરીમાં રાખવા ઇચ્છે છે, તો ઉમેદવારોએ ભરતી ખાતાના અમલદારને મળવું.

તે વખતે યુરોપમાં લડાઈ ચાલતી હતી અને સરકાર નવા રિક્રુટની ભરતી કરતી હતી. ભણતરમાં નાસિપાસ થએલો શિવદાન તુરત રાજકોટ ઊપડયો, તેની શારીરિક તપાસ થઇ ને ભરતી માટે લાયક ઠર્યો એટલે તેને તુરત દિલ્હી પહોંચાડવામાં આવ્યો. તેને અગાઉથી સો રૂપિયા મળ્યા તે તેણે માતાને મનીઑર્ડરથી મોકલી દીધા. સાથે પત્ર લખ્યો : 'બા, તું મારા જરા યે ઉચાટ ન કરીશ. હું ચારણનો દીકરો છું અને સરકારનો સૈનિક થવા જઉં છું, તે ખોટું કરતો નથી. જ્યારે લડાઈ પૂરી થશે ત્યારે ઘેર પાછો આવીશ, અને ત્યાં સુધી મને જે પગાર મળશે તેમાંથી અર્ધા રૂપિયા તને દર મહિને મોકલતો રહીશ. હું બાપદાદાની કીર્તિ વધારવા જઉં છું, તો મને તું આશીર્વાદ આપજે, મનમાં ધરપત રાખજે અને જરા ય ઓછું લાવીશ નહિ.'

કાગળ વાંચીને રાણી સમસમી ગઈ. તેનાથી શાન્ત ન રહેવાયું, તે રડી પડી. પડોશીઓ તેને ધીરજ આપવા લાગ્યા, પણ છેવટે તો લડાઇ એ માથું જવાનો સોદો જ લેખાય ને? રાણીનું મન દીકરાના વિયોગથી તડપવા લાગ્યું. મહિનો થયો અને શિવદાને કલકત્તાથી પચ્ચીસ રૂપિયા મોકલ્યા તે આવ્યા. એમ થોડા મહિના રૂપિયા આવ્યા. પછી બે-ત્રણ મહિને સામટા આવવા લાગ્યા, અને દોઢેક વરસ પછી આવતા બંધ થયા. રાણીએ સરકારને શિવદાન સંબંધી માહિતી મોકલવાની અરજી કરી અને તેનો જવાબ આવવાની તે રાહ જોઇ રહી.

બાર મહિના પછી એક દિવસ ભાવનગરના દીવાન તરફથી એક કારકુન આવ્યો, તેણે દીવાનનો પત્ર રાણીને આપ્યો અને ત્રણ હજાર રૂપિયા સોંપ્યા ત્યારે માતાએ જાણ્યું કે પુત્ર યુદ્ધમાં લડતાં મૃત્યુ પામ્યો હતો, તે બદલ અંગ્રેજ સરકારે તેને ધન્યવાદ સાથે તેના વારસદારોને બક્ષિશ આપવા બસો પાઉંડ મોકલ્યા હતા. કારકુન સાથે છાત્રાલયનો ગૃહપતિપણ આવ્યો હતો. તેણે રાણીને આશ્વાસન આપતાં કહ્યું : 'માજી! તમારો દીકરો ગયો, ચારણ છાત્રાલયનો બહાદુર છાત્ર ગયો ને આપણી કોમનો એક તેજસ્વી હીરો ગયો, તેથી જેટલું તમને દુઃખ થાય છે તેટલું જ અમને થાય છે. પણ શિવદાન ક્ષત્રિય વીરને છાજે એવી રીતે લડતાં માથું આપીને અમર નામ કરી ગયો છે. આપણે શક્તિપુત્રો છીએ, પણ આજે જમાનો બદલાઈ ગયો છે એટલે લડવાની તક કોઇ ભાગ્યશાળીને જ મળે છે. શિવદાન જેવો ભાગ્યશાળી વીર જાગે છે ત્યારે કોમની કટાઈ જતી વીરતા ઝળકી ઊઠે છે અને તેવા વીરની જનેતા ધન્ય બને છે. સરકારનો ધન્યવાદ અને ઇનામ તો તુચ્છ વસ્તુ છે. મહત્ત્વની વસ્તુ એ છે કે તમારો શિવદાન ઈહ લોકમાં અમર નામના કરી દેવલોકમાં ગયો છે. તેની જનની તરીકે તમારે ધૈર્ય રાખી, એ નામનાને આંસુ વડે કલંકિત કરવી ન જોઇએ.'

રાણીએ માંડમાંડ આંસુખાળી રૂપિયા લીધા, પણ જાણે તે વખતે જ પુત્ર મરણ પામ્યો હોય એવું દુઃખ થયું. હવે તે માત્ર બે પુત્રોની માતા રહી.

વચ્ચેટ છોકરો નાગસિંગ પાંચ-છ ધોરણ ભણીને ઊઠી ગયો. પોતાનાં ખેતરોની ખેડ બીજાના હાથમાં હતી એટલે એ ખેતરોમાં કામ કરવા જવામાં નાગસિંગને રસ પડયો નહિ. તે કહેતો : 'એમ નકામું પારકું વેતરું કરવા કરતાં રામજી મંદિરની વાડીમાં મુફત કામ કરવું સારું; પુણ્યનું કામ કરીએ તો ભગવાન રાજી થાય.'

ગામના પાધરથી થોડે દૂર રામજી મંદિર હતું, તેની પાછળ લગોલગ મોટી વાડી હતી. વાડીમાં ફૂલરોપ હતા, તેમ કેળાં–પોપૈયાં પણ થતાં. ફૂલ મંદિરની દેવસેવામાં વપરાતાં અને કેળાં–પોપૈયાંની આવક મંદિરના ભંડારમાં જતી. વિના વેતને વાડીનું કામ કરનાર નાગસિંગ ઉપર મહંત સાહેબ કૃપાદૃષ્ટિથી જોતા ને તેની નિર્મળ સેવાનાં વખાણ કરતા.

નાગસિંગ રોજ સવારે ઊઠીને વાડી પર જતો, ત્યાં જ સ્નાનાદિ નિત્યકર્મ કરતો, મંદિરમાં આરતીનાં દર્શન કરીને પછી વાડીમાં કામે વળગી જતો. રોજ લગભગ બે ગાઉની દોડ થતી, એટલે એક વાર મહંતે જ નાગસિંગને કહ્યું: 'નાગસિંગ! મંદિરને રસોડે સવારમાં જમવાનું રાખ, અને તારી માતા રજા આપે તો સાંજે જમવાનું ને રાતે સૂવાનું પણ અહીં રાખી શકાશે. રોજ આટલી લાંબી મજલ કરવાને બદલે પાંચ-સાત દિવસે એક વાર ઘેર માને મળવા જવાનું રાખ.'

નાગસિંગને એ વાત ગમી એટલે તેણે એ ક્રમ આરંભ્યો. જુવાન થએલા પુત્ર માટે રાણી કન્યા શોધતી હતી, પણ ન્યાતમાં કન્યાની તાણ હોઇ વિલંબ થતો હતો.

એક દિવસ ત્યાં મંદિરના એક સાધુએ આવીને રાણીને પૂછ્યું: 'નાગસિંગ ત્રણ દિવસથી કેમ નથી જણાતો? માંદો પડચો છે કે શું?'

'ના રે ભાઈ!' રાણી બોલી: 'નાગસિંગને આઠ દિવસથી મેં જોયો જ નથી. હું તો સમજું છું કે ત્યાં કામ બહુ હશે એટલે તે ઘેર આવતો નહિ હોય. વાડીએ નથી તો એ ગયો ક્યાં?' રાણી મંદિરે દોડી. તપાસ કરતાં માલૂમ પડચું કે પાંચેક દિવસ પહેલાં ચિત્રકૂટ આશ્રમના પાંચ-સાત બાવાઓ મંદિરની ધર્મશાળામાં ઊતરેલા, તેમની સેવામાં નાગસિંગ રહ્યા કરતો હતો, એટલે તે તેમની સાથે ગયો હોવો જોઈએ.

મહંતે તુરત ઘોડા પર બેસી, નાગસિંગની શોધમાં દોટ મૂકી; પણ એ બાવાઓનો કે નાગસિંગનો પત્તો ન મળ્યો.

રાણી વલોપાત કર્યા કરતી હતી, એવામાં ટપાલમાં એક પત્તું આવ્યું. તે નાગસિંગે લખ્યું હતું. તેણે જણાવ્યું હતું: 'બા, મને ધન કમાવાની કે સંસારમાં પડવાની લગારે રુચિ નથી, ને તું મને પરણાવવાની દોડાદોડ કરે છે. જિંદગીમાં ભગવાનની ભક્તિ એ જ એક સાચી વસ્તુ છે. મને એ માર્ગે દોરાવાની તથા ગુરુમંત્ર પામવાની આશા મળી છે, એટલે હું એ દિશાએ જાઉં છું. તું મને શોધવાની દોડાદોડ ન કરીશ કે મારે માટે શોક ન કરીશ. ગુરુશરણની અને ભગવાનની સેવાને તું તારી સેવા માનીને મને ક્ષમા તથા આશિષ આપજે.'

રાણીની આસપાસ કાજળઘેરો અંધકાર ફરી વળ્યો હોય એવી તેની દશા થઈ. મોટો પુત્ર ગયા પછી જુવાનીને આંગણે આવેલા બીજા પુત્ર પર તેણે આશા બાંધેલી, પણ તે યે સંસાર છોડી અંધકારમાં ગુમ થયો એમ જાણતાં તેની ધીરજ હાથ રહી નહિ. તેણે રોકકળ કરી, માથું કૂટચું, અન્નપાણી છોડચાં, પણ એ કાંઇ નાગસિંગ જાણવાનો હતો કે ઘેર પાછો આવવાનો હતો?

સૌથી નાનો દેવસિંગ સોળેક વરસનો હતો. તેણે નિશાળનું ભણતર પૂરું કર્યું હતું. અંગ્રેજી ભણવાની તેની ઇચ્છા નહોતી. તેને એવી હામ હતી કે મોટા થઇને બાપની ખેતી ઘરઆંગણે પાછી લાવવી. તેથી તે નિશાળ છોડીને ભાગદાર ખેડૂતની સાથે કામે વળગી ગયો હતો.

ત્રણ-ચાર વર્ષના અનુભવે દેવસિંગને ખેતીના કામમાં પાવરધો કરી દીધો. ગામમાં તેની વાયકા સારી બોલાતી. તે હિંમતવાળો, મોટા મનનો અને પારકું કામ કરી છૂટે તેવો લેખાતો. ખેતી સંભાળવાની આવડત તેનામાં આવી હતી, પણ રાણીના મનમાં એમ હતું કે તેને પરણાવ્યા પછી ખેતી ઘેર લાવવી. રાણીએ કન્યા પણ શોધી રાખી હતી અને દિવાળી ગયા પછી સારે મુહૂર્તે તેનું સગપણ કરવાનું ધાર્યું હતું.

દેવસિંગે પણ દિવાળી પછી તુરત નવી બળદજોડ ખરીદવાનું નક્કી કર્યું હતું અને કોઇને પણ પોતાના બળદ વેચવાના હોય તો તેની તે તપાસ રાખતો હતો. એમ એક વાર બાજુને ગામડે તે બળદ જોવા ગએલો, ત્યાંથી પાછો ફરતો હતો. ગામને પાધર નદી પાસે આવતાં તેણે બૈરાંની કિકિયારી સાંભળી. તે દોડતો ત્યાં જઈ પહોંચ્યો તો માલૂમ પડચું કે કોઇનો દસ વરસનો છોકરો પાણીમાં ડૂબતો હતો.

ટાંગાવાળા અભરામ મિયાંનો લાલુ ઘોડા પર બેસી ઘોડાને નદી પર પાણી પાવા આવેલો. લાલુએ ઘોડાને થોડે આઘે સાથળપૂર પાણી સુધી લીધો. ઘોડો પાણી પીતો હતો. પાણીમાં માછલાં-કાચબા હતા એટલે ઘોડાને પગે કરડ લાગતાં જ ઘોડો ભડકચો અને ઊછળતાંની સાથે જ લાલુ ઓચિંતો પાણીમાં પછડાયો અને ડૂબી ગયો.

થોડે દૂર કાંઠા પર ગામનાં બૈરાં કપડાં ધોતાં હતાં તેઓ 'દોડો-દોડો'ની બૂમ મારતાં હતાં ત્યાં દેવસિંગ ત્યાં પહોંચ્યો. વાત જાણીને માથા પરનો ફેંટો ફેંકી દઇ તે પાણીમાં ઊતર્યો. બૈરાં કહેતાં હતાં કે ત્યાં સાથળપૂરથી વધુ પાણી નહિ હોય, પણ ત્યાં પહોંચતાં જ દેવસિંગનો પગ લપસ્યો અને લાગ્યું કે ત્યાં ઊંડો ધરો હતો! દેવસિંગને તરતાં આવડતું નહોતું એટલે પગ લપસતાં જ તે ધરાને તળિયે પહોંચ્યો; તે તરફડાટ કરતો બેવાર પાણી પર ઊછળીને આવ્યો, પણ બૈરાંના ઘોર કળેળાટની વચ્ચે તે પણ લાલુની પાછળ ડૂબી ગયો!

ગામના મુખીએ ભોઈ લોકોને બોલાવી તેમની પાસે બંને મુડદાં ધરામાંથી બહાર કઢાવ્યાં. ગામમાં કાળો કળેળાટ વ્યાપી ગયો.

રાણી ઉપર તો આભ જ તૂટી પડચું હતું. આંધળાની આંખ ને પાંગળાની લાકડી જેવો એનો એકનો એક છોકરો ચાલ્યો જતાં તેના દુર્ભાગ્યની અવધિ આવી રહી હતી. ત્રણ દીકરાની એ માતાને હવે ઘડપણમાં કોનું મોં જોઇને જીવવું? દેવસિંગના મરણની વાત તેણે સાંભળી ત્યારે તે એકદમ ભોંયે પછડાઇને બેભાન બની ગઇ.

ત્રીજે દિવસે રાણીને ભાન આવ્યું અને તેણે પાણી માગ્યું, ત્યારે તેના ઓશીકા પાસે તેના માથા પર હાથ ફેરવતા રામજી મંદિરના મહંત બેઠા હતા. તેમના પર રાણીની નજર પડી અને તેની આંખોમાંથી ચોધાર આંસુ વહી નીકળ્યાં. મહંતે કહ્યું: 'રાણીબાઈ! હવે કલ્પાંત કરવાથી શું વળે? રામજીની જેવી ઇચ્છા હશે તેવું થયું.'

રાણી બોલી: 'મહંત સાહેબ! ત્રણત્રણ દીકરે આજે હું દીકરા વિહોણી બની ગઇ છું, એ મારાં કેવાં પાપનું ફળ હશે?'

મહંતે કહ્યું: 'તમારા ત્રણે દીકરાએ તો કુળને ઉજાળ્યું, ત્રણે અમર થઇ ગયા. તે પાપનું ફળ ન હોય. એકે વીર મૃત્યુ અપનાવ્યું, બીજાએ પ્રભુભક્તિનો માર્ગ લીધો, ત્રીજાએ પરોપકાર કરતા પ્રાણ આપ્યા! આવા દેવતુલ્ય દીકરાની માતાનો અવતાર ધન્ય લેખાય. તમારે તો દીકરાઓના આત્મકલ્યાણના માર્ગો પર આશિષનાં ફૂલ વેરવાનાં હોય.'

રાણી બોલી: 'પણ મહંત સાહેબ! મારે એક દીકરી હોત તો ઘડપણમાં પડેલું આ દુ:ખ પણ હું વેઠી લેત. આજે તો મારું કોઇ નથી!'

'કોઈ નથી કેમ? હું તમારી દીકરી આવી પહોંચી છું, મા!' કહેતી એક યુવતી રાણીના ખાટલા પાસે ઊભેલી, તેણે હાથ જોડી કહ્યું: 'મને ઓળખી મા? હું સીતા!'

રાણી ચોંકીને તાકી રહી. તેણે સીતાને ઓળખી. એક વખત આઠ વર્ષની હતી તે સીતા આજે બાવીશ વર્ષની તરુણી હતી. તે પરણીને સાસરે ગઈ હતી, તે પોતાની ભાવઠને વખતે અહીં ક્યાંથી, એમ રાણીના મનમાં થયું. તે બોલી: 'બેટા સીતા! તું તો બ્રાહ્મણની દીકરી. માસથી તને મારી દીકરી કેમ કહેવાય?' (અનુસંધાન પૃષ્ઠ ૧૦૮)

પાનાંની રમત

લેખકના અનિવાર્ય રોકાણોને કારણે આ વખતનો આ લેખમાળાનો હપતો આપી શકાયો નથી.



લડતનાં તત્ત્વોને સંજ્ઞાઓ દ્વારા ગૂંથીને ભારતના મુક્તિયજ્ઞની એ ઐતિહાસિક કૂચને સૂચિત કરતું શ્રી કનુ દેસાઇનું ચિત્ર

જેણે સમસ્ત દેશને સળગાવી સ્વાતંત્ર્યોન્મુખ બનાવ્યો તે, માત્ર ભારતના ઇતિહાસમાં જ અમર બનનારી નહિ, પણ જગતના ઇતિહાસમાં અંકિત થનારી ગાંધીજીની

દાંડીયાત્રા

લેખક

ચન્દ્રવદન મહેતા

એક અવાજ : આ મહાસભા વાઇસરૉયના ૩૧ ઑક્ટોબરના જાહેરનામાના જવાબમાં...

બીજો અવાજ : બીજી ઘટનાઓ ધ્યાનમાં લઈને, અને ગાંધીજી પંડિત મોતીલાલ નેહરુ ને બીજા નેતાઓને વાઇસરૉય સાહેબ સાથે થએલી વાતચીતનું પરિણામ વિચારીને એવા અભિપ્રાય ઉપર આવે છે કે......

ત્રીજો અવાજ : હાલના સંજોગોમાં મહાસભાના પ્રતિનિધિઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં જાયછેતેથી કશો લાભ થવાનોનથી...

ચોથો અવાજ : એટલે આ મહાસભા જાહેર કરે છે કે મહાસભાના ધ્યેયમાં 'સ્વરાજ' શબ્દનો અર્થ 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય' કરવો...

પહેલો : એ ધ્યેય સિદ્ધ કરવા મહાસભા ઠરાવે છે કે પ્રાંતિક ધારાસભાઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવો; ને ફરમાન કરે છે કે ચૂંટણીઓમાં કોઈએ ભાગ ન લેવો...

બીજો : વધુમાં ફરમાવે કે ધારાસભ્યોએ તેમની જગ્યાનું રાજીનામું આપવું...

ત્રીજો : અને અમુક ક્ષેત્રોમાં અમુક શરતો રાખીને સવિનય ભંગ, અને...

બધા : કર ન ભરવાની હિલચાલ શરૂ કરવી.

એક : સંપૂર્ણ સ્વાતંત્ર્ય...

બીજો : સંપૂર્ણ સ્વાતંત્ર્ય...

બધા : પૂર્ણ સ્વરાજ! પૂર્ણ સ્વરાજ!

એક (મોટેથી) : રાજીનામાં આપો!

બીજો : સરકારીઅદાલતોનો બહિષ્કારકરો!

ત્રીજો : ભણતર ઉપર પૂળો મૂકો!

બધા : રાજીનામાં આપો! બહિષ્કાર કરો!

એક સુકોમળ અવાજ : જનેના આમિ...

(રવીન્દ્ર સંગીત)

ચંદ્રવદન : દાંડી-કૂચ, અને એમાં આ બંગાળી ગીત?

વિલોચન : મહેમાન છે. આપણો આતિથ્યધર્મ. ગુરુદેવ ગુજરાતમાં પધાર્યા છે.

ચંદ્રવદન : કવિવર રવિન્દ્રનાથ ઠાકુર?

વિલોચન : હા, મહાત્માજીને મળવા...

ચંદ્રવદન : વીનવવા કે દાંડીકૂચ પડતી મૂકો?

વિલોચન : ના, ધ્વનિ તો એવો નીકળે છે કે 'ઈશ્વર સહાય કરો' એવી શુભેચ્છા આપવા.

ચંદ્રવદન : એમ? શું થયું?

વિલોચન : એ માટે તો આપણે ૧૮ જાન્યુ૦ ૧૯૩૦ના દિવસે અમદાવાદમાં સાબરને કાંઠે આવેલા મહાત્માજીના આશ્રમમાં જઇએ.

ચંદ્રવદન : સત્યાગ્રહ આશ્રમમાં.

વિલોચન : ૧૯૩૦ની બીજી જાન્યુઆરીએ કૉંગ્રેસની વર્કિંગ કમિટીએ પૂર્ણ સ્વરાજ મેળવવાનો ઠરાવ કર્યો.

ચંદ્રવદન : પણ, કૉંગ્રેસની ૪૧મી બેઠક ગૌહતીમાં મળી ત્યાં તો સ્વયં મહાત્માજીએ જ સામ્રાજ્યથી મુક્ત સ્વાતંત્ર્ય હોવાના મુદ્દાનો વિરોધ કર્યો હતોને?

વિલોચન : હા; કેમકે એમને એમ હતું કે અંગ્રેજોનો હૃદયપલટો થશે. પછી તો કલકત્તામાં મહાસભા મળી ત્યારે વાત ડુમીનિયન સ્ટેટસની હતી; મહાત્માજીએ ત્યાં ડુમીનિયન સ્ટેટસનો ઠરાવ પસાર કરાવ્યો.

ચંદ્રવદન : તો પછી? અધીરાઈ કોને આવી?

વિલોચન : કોને વળી? પંડિત જવાહરલાલ નેહરુ અને એના સાથીદાર જુવાનિયાઓને. આ રહ્યા એમના શબ્દો : 'બે વર્ષ લગી સ્વતંત્રતા માટે થોભી રહેવું? મને તો બે મિનિટ માટે પણ થોભવું અશક્ય લાગે છે.' મહાત્માજીએ બહુ સમજાવ્યા; પણ પંડિતજી માને? 'આપણા ઉપર અત્યાચારો થયા છે, બળાત્કારો થયા છે'–પંડિતજી કહ્યા જ કરે. એમને સુભાષચંદ્ર બોઝનો સંપૂર્ણ ટેકો. એટલે મહાત્માજીએ અંતે લાહોર કૉંગ્રેસ વખતે તૈયારી બતાવી—

ચંદ્રવદન : પણ એ પહેલાં તો ૩૧મી ઑક્ટોબરે વાઈસરૉયે જાહેરનામું પ્રગટ કર્યુંને?

વિલોચન : હા; મહામુત્સદ્દી અંગ્રેજોની શબ્દજાળ અને શબ્દરમત. પણ મહાત્માજી હવે છેતરાય એવા ન હતા. એના જવાબમાં લાહોર કૉંગ્રેસમાં સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ. ૨૯મી ડિસેમ્બરની મધરાતે મહાસભાનું ધ્યેય, ડુમીનિયન સ્ટેટસ બદલીને પૂર્ણ સ્વરાજ કરવામાં આવ્યું; પંડિત જવાહરલાલે એનો સ્વાતંત્ર્ય-ધ્વજ ફરકાવ્યો; ને પછી તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦ને રોજ ભારતનો સ્વાતંત્ર્ય-દિવસ ઊજવવાનું નક્કી થયું. પણ એ પહેલાં જ કવિવર સાબરમતી આશ્રમમાં ગાંધીજીને મળવા આવ્યા. લ્યો એ વિષે આ બહેન સારી રીતે કહી શકશે.

કલાબહેન : કવિવર કહે કે હું તો ૭૦ વર્ષનો, એટલે તમારા કરતાં ઘણો મોટો. પણ બાપુએ તો ભારે હસાવ્યા. બાપુ કહે : હું સાઠનો, તે નાચી યે નથી શકતો; ને તમે તો સિત્તેરે પણ નાચી શકો છો, એટલે મોટા તો હું! પછી ગુરુદેવે મૂળ વાત કાઢી. આ શું? પાછા તમે 'ઍરેસ્ટ ક્યોર' પર ઊપડ્યા?

ચંદ્રવદન : 'ઍરેસ્ટ ક્યોર?' આરામ?

કલાબહેન : હા; ગુરુદેવ કહે, મને પણ સરકાર ક્યાંક દેશનિકાલ કરે તો સારું. ત્યારે પણ બાપુ ખીલ્યા : 'તમારા ઢંગ જ એવા નથી,

તે સમયનાં સાચાં ફોટોચિત્રો સાથે રેડિયો-કલામાં રજૂ થએલું દસ્તાવેજી કથાનક



જેનો માર્ગ ગાંધીજીએ જાતે નક્કી કરેલો તે દાંડીકૂચનાં સ્થળ દર્શાવતો નકશો

ત્યાં સરકાર બિચારી શું કરે?' બધા એવા હસી પડ્યા! કવિવરે ઘણી વાતો કરી. આખરે એમણે પૂછ્યું, 'હવે શું કરવા ધારો છો?' બાપુ કહે : 'નુસખો શોધવા રાતદિવસ વિચાર કરી રહ્યો છું.'

વિલોચન: આ મુલાકાત લાંબી ચાલી. ત્યારે મહાત્માજી સતત રેંટિયો કાંતતા. કવિવરને કહેતા કે જો એક કરોડ માણસ દરરોજ એક કલાક કાંતે તો આપણે ૫૦ હજાર રૂપિયા દરરોજ દેશના ધનમાં ઉમેરી શકીએ. આપણી સરેરાશ આવક માણસ દીઠ સાત પૈસા-અને દર વર્ષે સરકારને ૮૦ કરોડ રૂપિયા વ્યાજના આપીએ છીએ. ગરીબી વધતી જાય છે. ખેડૂત પાયમાલ થઈ ગયો છે. બુદ્ધિને સૂઝ પડતી નથી. દારૂની બદી વધતી જાય છે. હુંડિયામણનો દર આકરો છે. જમીન-મહેસૂલ ને લશ્કરી ખર્ચ અર્ધાં થવાં જોઇએ. રાજકેદીઓને છોડાવવા જોઈએ. સી. આઇ. ડી. પોલીસ ખાતું નાબૂદ થવું જોઇએ. આત્મરક્ષણ માટે બંદૂક જેવાં હથિયાર જેને જોઇએ તેને આપવાં જોઈએ. મહાસભાને નગદ 'વસ્તુ' જોઇએ છે, 'પડછાયા' નહિ. મીઠાનો કર નાબૂદ થવો જ જોઈએ. દેશ રિબાઈ રહ્યો છે, ગરીબી વધે છે, ચારેકોર અંધકાર દેખાય છે...

ચંદ્રવદન: તો તો ભારે મન્થનકાળ!

વિલોચન: પણ બાપુ કોઇ ભારે કામ ઉપાડવાના હોય ત્યારે અંતરમગ્ન થતા, મૌનનો આનંદ સેવતા. એમાંથી પ્રકાશ શોધવા મથતા.

ચંદ્રવદન: વાતાવરણ તંગ બનવાની શરૂઆત, નહિ?

વિલોચન: ના, આ તો આત્મસંશોધનની શરૂઆત. સાચો સત્યાગ્રહી શું કરે? એનો ધર્મ શો? એ અગવડ વેઠે, સત્યને ન છોડે, અહિંસાનો મંત્ર જપે, મારવા નહિ પણ મૃત્યુને શરણ થવા નિરંતર તત્પર રહે.

ચંદ્રવદન: એમનાં એ વખતનાં લખાણોમાં પણ આ જ છે: પ્રેમનું બળ એ કે બીજાને ન બાળે—પોતે જ બળે.

વિલોચન: એ બળનું બીજું નામ આત્મબળ. મનથી વચનથી કાયાથી કોઇ પણ અંગ્રેજનું અહિત ન કરે.

ચંદ્રવદન: સત્યાગ્રહી કદી કોઇ પર ગુસ્સો ન કરે; વિરોધીનો ગુસ્સો સહન કરે; કાનૂનભંગ માટે તાલીમ લે; નિયમોનું પાલન કરે.

વિલોચન: સત્યાગ્રહી આત્મશુદ્ધિ કરે; આશ્રમનું વાતાવરણ સાફ કરે.

ચંદ્રવદન: ઈશ્વરમાં શ્રદ્ધા રાખે, પ્રાર્થના કરે, હમેશાં સત્યનું ચિંતન કરે.

વિલોચન: હિંસાના વિચારમાત્રનો જડમૂળથી નાશ કરે. નીડર બને, અભય પામે. અપરિગ્રહ-વ્રત ધરે, શુદ્ધ હાથે કાંતેલી ખાદી જ ધારણ કરે, સ્વાવલંબી થાય, સ્વસ્થ થઈને ફરે. સાચો સત્યાગ્રહી કોઈથી ન ડરે, જીવનમાં પ્રેમ રાખે.

કલાબહેન: સાબરમતી આશ્રમનું વાતાવરણ બદલાવા માંડયું. અનેક યાત્રાળુ ત્યાં દર્શનાર્થે આવવા લાગ્યા. આસપાસ નવું ચેતન આવવા લાગ્યું. મહાદેવભાઈ, કસ્તૂરબા, રવિશંકર મહારાજ, સરદાર વલ્લભભાઈ—કેવાં પ્રાતઃસ્મરણીય નામો—ચિતાભર્યાં દેખાવા લાગ્યાં. પણે નાકાની કોટડીમાં સાબરમતીના સંત મહામન્થનમાં ધીર, વીર, ચિંતનશીલ, અંધારામાંથી અજવાળું શોધતા—

કલાબહેન: સત્યના ઉપાસક, અહિંસાના સંશોધક, ભારતીય પ્રજાજનોના ભાવિના સંચાલક પોતાનું નિત્યકર્મ કરી રહ્યા હતા.

શાંત છે આશ્રમ, પ્રભાતે પ્રાર્થના થાય છે. રેંટિયા ગુંજી રહે છે, હસતે મોઢે મરી ફીટવાની તાલીમ અપાય છે. કેવળ આશ્રમનું જ નહિ, ભારતભરનું વાતાવરણ પલટાય છે. ભારત બહારથી દેશપરદેશની દૃષ્ટિ સાબરમતીના સંત ઉપર મંડાય છે.

ચંદ્રવદન: તા. ૨૩-૨-૩૦ના 'નવજીવન'માં મહાદેવભાઇએ મહાત્માજીનું વસિયતનામું છાપ્યું: 'હું આરંભ કરીશ ત્યારે સરકારને મને કેદ કર્યા વિના કેમ ચાલશે? આ યુદ્ધમાં હું મારી પોતાની અને આશ્રમની પરીક્ષા કરવા ઇચ્છું છું. ખુનામરકીથી સંભાળજો. સાચા સત્યાગ્રહીએ એ અટકાવતાં ખપી જવાનું છે. આ યજ્ઞમાં હિંદુસ્તાન પાસે મેં મોટામાં મોટી બલિદાનની આશા રાખી છે! એવી મોટી આશા ગુજરાત પાસે રાખી છે.

પટેલ તલાટીઓ રાજીનામાં આપે;
દારૂતાડીને વિષ સમજે;
વકીલો અદાલતમાં ન જાય;
તાકાત હોય તો કર ન ભરે.'

વિલોચન: તા. ૧૪ ફેબ્રુઆરીએ અમદાવાદમાં મહાસભાની કાર્યવાહક સમિતિ મળે છે; મહાત્માજીને લડતના સરમુખત્યાર નીમે છે. મહાત્માજી 'નવજીવન'માં લખે છે: 'અહિંસા પ્રતિષ્ઠામાં તત્સન્નિધૌ વૈરત્યાગઃ'

બહેન: અહિંસાની પ્રતિષ્ઠા થતાંની સાથે જ ઝેરવેર શમી જાય છે.

વિલોચન: પાતંજલ-યોગ સૂત્રમાંનું આ સત્ય. સમિતિ આશા રાખે છે કે સત્યાગ્રહ વ્યાપક સ્વરૂપ લે ત્યારે વકીલો ને વિદ્યાર્થીઓ સ્વરાજની આખરી લડતમાં ઝંપલાવશે.



દાંડીકૂચ માટે ગાંધીજીએ પોતે ચૂંટેલા ૭૯ સત્યાગ્રહી સૈનિકો—કૂચ શરૂ થઈ ત્યારે જેમાં મોખરે શ્રી છગનલાલ જોષી તથા તે પછી કાળા કોટવાળા સંગીતશાસ્ત્રી ખરે છે.

બહેન: મંગલ પ્રાર્થના શરૂ થતી ત્યારથી પ્રેમમય વાતાવરણમાં વૃદ્ધિ થતી રહેતી. મહાત્માજી પોતાનાં નિત્યકર્મ કર્યા કરે છે. પ્રેમમય તો છે જ; પ્રભુમય થતા જાય છે. પ્રભાતના પહોરમાં એમના હૃદયમાં ચણચણાટી થાય છે.

એક સૂર: 'નિર્બલ કે બલ રામ; પ્રભુ મેરે નિર્બલ કે બલ રામ!'...

એક: શું થશે?

બીજો: શું હશે?

ત્રીજો: મહાત્માજી શું કરશે?

એક: આમરણ ઉપવાસ કરશે?

બીજો: કેવોક સત્યાગ્રહ કરશે?

ત્રીજો: એને પકડી લેશે? દેશનિકાલ કરશે? ક્યાં લઈ જશે?

એક: અંગ્રેજો હારી ખાશે?

બીજો: આવડી મોટી બ્રિટિશ સલ્તનત: દેશ, દેશાવર, દરિયાપાર...

ત્રીજો: બંદૂક, બરછી, તોપતમંચા...

એક: બૉમ્બ ધડાકા જીવલેણ સંચા.

બીજો: ખરેખર, શું થશે? બળવો ફાટી નીકળશે? ગોળીબાર થશે? પકડાપકડી થશે?

એક સૂર: 'શૂર સંગ્રામ કો દેખ ભાગે નહિ
દેખ ભાગે વો હી શૂર નાહીં.'

વિલોચન: મહાત્માજીએ એક આખરી ધર્મકૃત્ય કર્યું—ધમકી નહિ ધર્મકૃત્ય. તા. ૨જી માર્ચે વાઇસરૉય સાહેબને પત્ર લખ્યો: 'અહિંસા વિષેની મારી નિષ્ઠા સાફ છે. હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યનો અમલ એક બલા છે, છતાં અંગ્રેજો પ્રત્યે મને પ્રેમ છે. રાજ્યતંત્ર બલા રૂપ છે કેમકે તેણે હિંદને ચૂસી લીધું છે. અહીં માથાદીઠ સરેરાશ રોજની આવક સાત પૈસા, આપ રૂ. ૭૦૦ લ્યો છો! ખર્ચ ઓછા કરો. અંગ્રેજોની સેવા એ જ મારો ઉદ્દેશ છે. હું અંગ્રેજોનો હિતચિંતક છું. તા. ૧૫મી માર્ચે હું કાયદાનો સવિનય ભંગ કરવાનું પગલું ભરીશ. આપ આને ધમકી ન સમજતા.'

ચંદ્રવદન: અને એ કયો કાયદો?

વિલોચન: ગરીબ વર્ગને અન્યાય રૂપ એવો મીઠાને લગતો કાયદો. અને છેવટે મહાત્માજીએ લખ્યું કે એક સત્યાગ્રહીના સરલ ધર્મના પાલનાર્થે આપને આ લખુ છું. ધમકી નહિ, મિત્રધર્મ. અને તે એક અંગ્રેજ જુવાન મારફત જ હાથોહાથ પહોંચાડું છું.

ચંદ્રવદન: એ કોણ?

વિલોચન: રેજીનૉલ્ડ રૅનૉલ્ડ્ઝ. હિંદની લડત ન્યાયી છે એમ માનનાર, અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવનાર.

ચંદ્રવદન: શો જવાબ મળ્યો?

વિલોચન: ગાંધીજીના શબ્દોમાં કહું તો 'મેં પગે પડીને ખાવાનું માગ્યું, તો ભાણામાં પથરા પડ્યા. મારી અગિયાર માગણીઓમાંથી એકે ન સ્વીકારાઇ. હવે તો આખરી ફેંસલો.'

એક અવાજ: અમારા સરદાર પકડાયા!

બીજો: વલ્લભભાઈ સરદાર પકડાયા!

એક સારજંટ: ડૅમ સટ્યાગ્રાહા!

એક બહેન: કર્મવીર ગાંધીજી.

એક સારજંટ: હૂ ઈઝ ગૅંઢી?

એક ભાઈ: સત્યાગ્રહી વીર ગાંધીજી,
દેશભાગ્ય વિધાયક ગાંધી,

એક સારજંટ: ગૅંઢી ઈઝ મૅડ!

ત્રીજો અને ચોથો:


અમારી ઉન્નતિપ્રેરક અકેલા એક છો બાપુ
અનન્ય દેશના સેવક, અકેલા એક છો બાપુ

કલાબહેન: તા. ૮, ૯, ૧૦, ૧૧મી માર્ચ! અમદાવાદ તરી ગયું, ઉદ્ધરી ગયું. પ્રાર્થનામાં લોકો ઊભરાવા માંડ્યા. દેશદેશાવરથી લોકો આવ્યા! આશ્રમમાં અલૌકિક શાંતિ હતી. અગિયારમીની રાતે તો દસ હજારનો મેળો જામ્યો. એમાં મિલમાલિકો હતા, મજૂરો હતા. સર પ્રભાશંકર પટ્ટણી જેવા અસામાન્ય પ્રેક્ષકો હતા. આખી રાત જાગરણ થયાં. પણ સાચા વૈષ્ણવજનને તો દધીચિ ઋષિના આ આશ્રમમાં એવા જ આત્મભોગની તૈયારીની શાંતિ હતી.

વિલોચન: ૧૨મી માર્ચ! મહાત્માજીનો આખરી ફેંસલાનો દિવસ. વીણીવીણીને ચૂંટેલા, જુદીજુદી કોમના, દેશદેશાવરના—દૂર ફીજી સુધીના ૭૯ વીર સૈનિકો પ્રાતઃકાળથી તૈયાર થઈ ખડા થઈ ગયા. એ પાવક દૃશ્ય! ભાવભીની સેંકડો બહેનો ભીની આંખે વિદાય દેવા હાજર હતી. સર ચિનુભાઇએ ભેટ આપેલો ઉમદા ઘોડો આશ્રમને આંગણે થનગનતો હતો. પ્રાતઃકાળે, બરાબર છને ટકોરે, જે નરનારીએ આધુનિક યુગના આ મહાભિનિષ્ક્રમણનાં અનુપમ દર્શન કર્યાં એનાં ઈકોતેર કુળ તર્યાં. માનવમેદનીનો મહાસાગર ઊલટ્યો હતો, છતાં વ્યવસ્થા હતી, શાંતિ હતી, ગાંભીર્ય હતું, દૃઢ સંકલ્પનું મનોબળ હતું. દરેક સૈનિકને લલાટે કુંકુમ, ગળામાં સૂતરના હાર, કેટલાકના હાથમાં શ્રીફળ. ૬૧ વર્ષની ઉમરે નવલોહીઆ જવાનને પણ શરમાવે એટલી ચપળતાથી અને જોરથી બાપુ નીકળ્યા. જનસમૂહની આંખમાંથી ચારેકોર હરખનાં અને પ્રેમનાં આંસુ વહી રહ્યાં હતાં. અદ્ભુત અને અનુપમ એ દૃશ્ય હતું. કોઈ બુદ્ધને યાદ કરે, કોઇ ભીષ્મપ્રતિજ્ઞાને સ્મરે. આ જાય, સાબરમતીને રસ્તે—કોચરબ પાલડી તરફ—આ જાય બાપુ... જેણે એમને સંચરતા જોયા એ તર્યા.

ચંદ્રવદન: બાપુએ કહ્યું: 'હું તો મીઠાનો કાયદો તોડવા દાંડી જાઉં છું. હિન્દુસ્તાનનાં સાત લાખ ગામડાંમાંથી દશ દશ માણસ પણ જો મીઠું પકવવા નીકળી પડે તો આ રાજ શું કરી શકે?... હું તો નિરાંતે સૂતો હતો. આશ્રમથી નીકળીને આખે રસ્તે સ્ત્રી-પુરુષોની આંખમાં મેં ઝેર નહિ, અમૃત જોયું. પૂર્ણ સ્વરાજ હવે તો આવે જ છે એવી મને ખાતરી થઈ. હું આમાં ઈશ્વરનો હાથ જોઉં છું.'

કલાબહેન: બાપુએ એમ પણ કહ્યું કે 'સ્વરાજ લીધા વિના હવે હું આ આશ્રમમાં પાછો ફરવાનો નથી. મરીજઈશ, ખપી જઇશ, પણ સ્વરાજ વિના હવે પાછો નહિ ફરું.'



દાંડીકૂચનો પ્રારંભ: અમદાવાદથી અસલાલીને રસ્તે, જેમાં ગાંધીજીની જમણી બાજુ શ્રી છગનલાલ જોષી તથા ડાબી બાજુ મંત્રી શ્રી પ્યારેલાલ છે. (ફોટો · બલવન્ત ભટ્ટ)

હૃદય ચીરી નાખે એવો એ બોલ હતો. એની પાછળ મરી જવાનો મક્કમ નિરધાર હતો.

ચન્દ્ર૦: તો બાપુ પાછા આશ્રમમાં નહિ આવે?

વિલોચન: સ્વરાજ હાંસલ કર્યા વિના નહિ જ આવે.

કલાબહેન: તો એમણે અમદાવાદ છોડયું?

વિલોચન: બાપુને તો બધે જ અમદાવાદ. એમણે શું નથી છોડયું?

કલાબહેન: બાપુને પકડશે?

વિલોચન: પકડે તો ય શું? આખો દેશ જ જેને ગુલામીમાં જેલ જેવો લાગે છે એને જેલમાં પૂરે તો ય શું. પણ એવી ચિંતા તો આપણે કરીએ છીએ; એણે તો જુઓ, પહેલે દિવસે ૧૩ માઈલ ચાલી નાખ્યા. પહેલો મુકામ અસલાલી કર્યો.

કલાબહેન: એમનાથી ચલાશે?

વિલોચન: એમને શંકા નથી તો આપણે શા માટે કરવી? જુઓ તો ખરા, રસ્તે લોકોનાં ટોળાં દર્શન કરવા કેવાં ઊભરાય છે? જ્યાં જાય છે ત્યાં બાપુ તો સભાઓ ભરતા જાય છે!

કલાબહેન: એમને થાક પણ નથી લાગતો!

વિલોચન: પાછો રોજનો કાંતણયજ્ઞ તો ખરો. તા. ૧૩મીએ બારેજા પહોંચ્યા. ત્યાંથી ઊપડયા તે વાસણા. ત્યાંથી નડિયાદ—પંદર માઈલ આવ્યા. ત્યાં ગોવર્ધનરામ ને મણિલાલને યાદ કર્યા. અમદાવાદથી લોકો ટ્રેનમાં, મોટરમાં નડિયાદ જાય છે. બાપુ તો ચાલ્યા જ જાય છે. બોરીઆવી, આણંદ. તા. ૧૭મીએ મૌન વાર અને આરામનો દિન.

કલાબહેન: દિવસો જાય તેમ સ્ફૂર્તિ વધતી લાગે છે. લોકોમાં ઉત્સાહ આવતો જાય છે. બાપુ ખરેખર ચાલ્યા જ જાય છે.

વિલોચન: હસનારા હસતા હતા: ચપટી મીઠું બનાવ્યે કંઈ સલ્તનતો ઊખડી જતી હશે? પણ સરકાર મૂંઝવણમાં પડી ગઈ છે.

કલાબહેન: પણ આમ યાત્રાનો રસ્તો કોણે નક્કી કર્યો?

વિલોચન: બાપુએ જ. થોડા દિવસ અગાઉથી દાંડીયાત્રાના રસ્તા, ઉતારા, તેની સાફસૂફી, એ ગામની સાફસૂફી, એ બધું સ્વયંસેવકોની એક ટુકડી જઈને નક્કી કરે. હજી પણ ચોવીસ કલાક આગળ એક ટુકડી તો જાય છે જ. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ આગળ જઈ બધી વ્યવસ્થા કરે. ગામલોક પણ એમાં જોડાય. બાપુ નીકળી જાય પછી સંકેલવાના કામમાં બીજી ટુકડી રોકાય.

કલાબહેન: અને રોજિંદા વ્યવહાર?—વહેલા ઊઠવાનું?

વિલોચન: બરાબર ચારને ટકોરે. બરાબર સવાચારે સાબરમતીમાં થતી એમ જ—એ જ પ્રાર્થના થાય. રસ્તે ચાલતા હોય તો સાંજની પ્રાર્થના બાજુના ખેતરમાં બેસીને ય કરવાની.

કલાબહેન: અને કાંતણ?

વિલોચન: સાંજ પડ્યે દરેક ઓછામાં ઓછું ૧૬૦ વાર કાંતી જ લે. બાર રેંટિયા ને ચાર પીંજણનો સરંજામ પણ સાથે જ ફરે. ઉપરાંત રોજની રોજનિશી લખવાની—

કલાબહેન: ડાયરી?

વિલોચન: હા, નિયમ એટલે નિયમ. ને આખા યાત્રાસંઘે ખાવાનું પણ ભિક્ષાન્ન જ. ગામના ઘેરઘેરથી લોટ કે બશેર લોટના રોટલા ઉઘરાવી લેવામાં આવે, એટલે સો-સવાસો માણસોનો ખોરાક કોઈને ભારે ન પડે. દાળ-શાક મસાલા વિનાનાં. બાપુજી, એને જંગમ આશ્રમ કહે છે.

કલાબહેન: ભારે વ્યવસ્થા!

વિલોચન: કૂચ એટલે કૂચ; પણ દૃષ્ટિ યાત્રાની. લશ્કરી બૅંડ નહિ: મંજીરાં, કરતાલ અને રામધૂન શાંત મધુર સ્વરે ચાલ્યા કરે. ક્યાંક તો સામેથી ગામલોક સામૈયું કરી તેડવા આવે: રસ્તે પાણી છંટાવે, વાવટાથી શણગારે... બાપુ ચાલ્યા જ જાય છે...

કલાબહેન: કોઈ માંદુંસાજું?

વિલોચન: ભાવના અને શ્રદ્ધા, મનોબળ અને સંકલ્પ. આશ્રમમાં પળાય એથી પણ કડક નિયમો. અપરિગ્રહ વ્રત પૂરેપૂરું. સંઘના એક ભાઈની વૃદ્ધ માતાને લકવો થયો. જીવવાની આશા ન રહી. મરતાં પહેલાં માનાં દર્શન કરવાનું કયા દીકરાને મન ન થાય? આણંદથી બે કલાકમાં વડોદરા ટ્રેનમાં આવી મળી શકાત, અને પાછા કૂચમાં દાખલ થઈ જવાત.

કલાબહેન: ન ગયા?

વિલોચન: વિશાળ રાષ્ટ્રહિતની આગળ સંકુચિત કુટુંબનો મોહ છોડવો જોઈએ. તે છોડયો, એ ન ગયા... કેમ મૂગાં થઈ ગયાં?

કલાબહેન: શું બોલું? હૈયું ભરાઈ આવે છે.

વિલોચન: આંસુ લૂછી નાખો. આનું નામ તો ધર્મયાત્રા. દાંડીકૂચ એ કંઈ લશ્કરી કૂચ નથી. જેણે દર્શન કર્યાં એ આજે ય જાતને ધન્ય માને છે. બાપુ ચાલ્યા જ જાય છે...

ચંદ્રવદન: સાથે એક ખાદી ભંડાર ફરે. સંઘમાં સર્વ વરણ—અંત્યજ, મુસલમાન, ક્રિસ્તાન. સૌ આભડછેટ વિના નડિયાદમાં સંતરામના મંદિરમાં જમ્યા, એમ એક પંગતે જમે. નડિયાદથી બોરીઆવી આણંદ. કોઈ ફિલસૂફને છાજે એવી રીતે લડતનું રહસ્ય બાપુએ સમજાવ્યું. હસનારા હસતા રહ્યા...

ચંદ્રવદન: અને બાપુ તો ચાલતા રહ્યા. ગૌરવથી, શાંતિથી, સાધુવીરની ચાલે ચાલતા રહ્યા. અને એમ નાપા, અને પછી સરદારની ભોમ બોરસદમાં પહોંચ્યા.

વિલોચન: ત્યાં ફિલસૂફે વીરવાણી ઉચ્ચારીને બેઠા બળવાનું સ્વરૂપ સમજાવ્યું, ને કહ્યું: 'સરદાર જેવા માણસને સરકારે ફક્ત ત્રણ

જ માસની કેદ ફરમાવી. એમાં તો સરદાર અને સરકાર બંને લજવાય.'

ચંદ્રવદન : અને કહ્યું: 'મારા જેવાને તો ફાંસીની સજા થવી જોઇએ. રાજ્યનો દ્રોહ કરવો એ તો મારો ધર્મ થઇ પડ્યો છે.'

વિલોચન : ત્યાંથી ગયા રાસ—કીર્તિવંતું રાસ. ત્યાંથી ગોરવા થઈ કંકાપુરા, ધારાળા ગરાસિયાના ગામે, રવિશંકર મહારાજે ઉદ્ધારેલા ગામે. એકસો ને પાંચ વરસની ડોશીએ ગાંધીજીને શ્રીફળ ધરાવી આશીર્વાદ આપ્યા : 'મા'ત્મા સવરાજ લઇને વે'લા આવજો.'

કલાબહેન : ૧૦૫ વર્ષનાં વૃદ્ધ બાઇ ? !

ચંદ્રવદન : તમે એમ સજળ નેત્રે પૂછ્યા કરો એ ન ચાલે.

કલા૦: આ તો હરખ-ઉમળકાનાં આંસુ છે.

ચંદ્રવદન : અહીં તો જુઓ ! મહીસાગર અને કારેલી. મહીસાગર મહાશ્રમ કરી ઓળંગ્યો. ઉજાગરા કરી દોડતાદોડતા અમદાવાદથી કાદવ ખૂંદી સામે પાર રાષ્ટ્રપતિ જવાહરલાલ મળવા આવ્યા. ઓહો ! શું તે સમયનું મિલન! જેણે જોયું એનાં હૈયાં ભરાઈ આવ્યાં.

કલાબહેન : મારું યે એ સાંભળીને ભરાઈ આવે છે તો.

વિલોચન : ત્યાંથી ગજેરા, અકાળી, જંબુસર, આમોદ ને ડેરોલ થઈ ભરૂચ.

ચંદ્રવદન : બોરસદ-કરમસદમાં સરદાર તો ન મળ્યા, પણ અહીં ભરૂચમાં છોટા સરદાર હાજર હતા–ડાકટર ચંદુલાલ દેસાઇ...

વિલોચન : એ તો કવિ—

'સમશેર સારી ખલ્કની અમને નહીં તાબે કરે.'

ચંદ્રવદન : એવો એમનો દિમાગ ! બાપુએ ભારોભાર અંજલિ આપી. રોજ સાંજે બાપુ ભાષણો કરે છે; ને વ્યસનીઓ વ્યસનો છોડે છે, વ્રત લેનારાં વ્રત લે છે, ખોટાં કામ કરનારા પસ્તાવો કરે છે; કેટલાક પાપ બાળવા ભેટ ધરે છે; ભાવિકો ચરણ સ્પર્શે છે. ધર્મયુદ્ધની ભરતી, લોકોનો જુવાળ વધતો જ જાય છે.

વિલોચન : તા. ૨૬મી માર્ચે ભરૂચ છોડ્યું. શો એ દેખાવ ! શણગારેલી સ્વચ્છ હોડીમાં ડૉ. ચંદુભાઈ સાથે સંઘ નર્મદા નદી ઓળંગવા નીકળ્યો ત્યારે તટે ઊભેલા હજારો લોકોએ જે દશ્ય જોયું તે હજી ભૂલી શકાયું નથી.

ચંદ્રવદન: એક તો ધીર, ગંભીર, ગૌરવભરી, પતિતપાવની, લોકમાતા રેવામૈયા...

વિલોચન : અને બીજા પ્રાત:સ્મરણીય ગાંધીજી. ત્યાં વળી સરોજિની નાયડુ પણ આવી ભળ્યાં.

ચંદ્રવદન : અંકલેશ્વર; ત્યાંથી સજોદ, માંગરોળ, કીમ ઓળંગી ભટગામ. હવે સરેરાશ



કરાડીની કુટિરમાં વાઇસરૉયને આખરી નામાનો પત્ર લખતા ગાંધીજી (ફોટો · ચાંદોરીકર)

રોજના અગિયાર-બાર માઈલની આવી છે.

વિલોચન : તા. ૩૧મી માર્ચ : મૌન વાર : આરામનો દિન.

ચંદ્રવદન : એટલે ટપાલ જોઈ જવાબો આપવાના અને આત્મસંશોધન કરવાનું

વિલોચન : પહેલી એપ્રિલ. તાપી ઓળંગી સૂરત. ત્યાંથી વાંઝ, ડીડીળી, ધામણ, નવસારી, વેજલપુર, કરાડી, ને પાંચમી એપ્રિલે દાંડી—

કલાબહેન : દાંડી—જે સ્થાનને એક ભાષણમાં એમણે હરદ્વારની ઉપમા આપી હતી, ત્યાં—પહોંચ્યા; સરકારે પકડ્યા નહિ.

ચંદ્રવદન : સરકાર તો હતી જ ક્યાં ? અને હોય તો ય સરકારનો વિચાર પણ કોણ કરતું હતું જો ? ચારેકોર રાજદ્રોહ. 'નહિ રખની, નહિ રખની, જાલીમ સરકાર નહિ રખની.' નમક પકવવાના, મીઠાના અગરો લૂંટાવવાના લાઠીઓ ઊછળવાની, ગોળીઓ વીંઝવાની— એની ક્યાં કોઈને ભડક સરખી યે હતી?

વિલોચન : મોટી ભડક તો બીજી હતી.

કલાબહેન : શાની ?

ચંદ્રવદન: અંતરમાંના મેલની. આત્મશુદ્ધિની. મનની લોલુપતાઓ વશ કરવાની. રામબાણ જેવા હૃદય સોંસરવા શબ્દો નીકળ્યા :

કલાબહેન : ખરેખર દુ:ખદ !

વિલોચન : 'શ્રદ્ધાથી આપેલા તમારા દાનનો હું દુરુપયોગ કરું છું.' બાપુ બોલ્યા. કારણ ? કારણ એ કે છાવણીમાં કાચનાં વાસણોનો નવો સેટ આવ્યો હતો. ભરૂચ છોડતાં સૂરતથી સૈનિકો માટે લીલું શાક ગયું હતું.

ચન્દ્રવદન : બાપુ કહે, 'મારે આ સાહ્યબી ? ! પૈસાનો આવો દુરુપયોગ ? !' એ દિવસોમાં બાપુનું મનોમંથન ભારે હતું.

વિલોચન : બાપુ તો જાતે જ જાતને શિક્ષા કરવાવાળા. એક સાથીદાર સૈનિક મિત્રને ત્યાં જમવા ગયા. બાપુનો ઉદ્વેગ વધ્યો. આ ન ચાલે. તરત જ લીલાં ફળ ખાવાં છોડ્યાં...

ચન્દ્રવદન : કેવળ સૂકી દરાખ ઉપર રહેવા માંડ્યું. 'તમે સમજો શું ? મારા માટેનું દૂધ મારે માટે લઇ આવો છો ? મારે તો એ સોમલ જેવું છે. સાહ્યબીનું સ્વરાજ મને નહિ જોઇએ. એક એક કોડીનો હિસાબ મને જોઇએ.'

વિલોચન : એક વાર બાપુ ગાડામાં બેઠા હતા. ઉતાવળે હાંકવા માટે હાંકનારે બળદને પરોણો માર્યો. બાપુનું દિલ રડી ઊઠ્યું.

ચન્દ્રવદન : દયાના અવતાર જેવા એ ભરૂચથી આગળ જતા હતા ત્યારે તેમણે એક મજૂરને માથે ભારે વજનની કિટસન લાઇટ જોઈ. ચીંથરેહાલ મજૂર પર આ ત્રાસ ને તે આ ધર્મયાત્રામાં ? દાંડીકૂચમાં ? બાપુ ત્રાસી ગયા !

વિલોચન : કેટલાક દેઢ ડાહ્યલાઓ બત્તીવાળાઓને બાપુની આગળ ચલાવવા મજૂરોને ટોંક્યા કરતા હતા. પછી બાપુ ન ત્રાસે ?

ચન્દ્રવદન : ચાલતાં તરત તો કડવો ઘૂંટડો ગળી ગયા, પણ ત્રાસમાંથી જલદી બચવા બેવડા વેગથી રસ્તો કાપ્યો. પછી વખત આવતાં હૈયાવરાળ કાઢી : 'આવી સ્થિતિ હોય તો સ્વરાજ આવવાનું નથી.'

વિલોચન : પણ ઉમેર્યું કે હું કંઈ ભાગવાનો પણ નથી. પ્રતિજ્ઞા લીધી છે તે ફરવાની નથી. 'સ્વરાજની ઝંખના કરતો રઝળીરવડીને મરીશ



સંગ્રામ-કૂચમાં શ્રમિત ગાંધીજી બે તરુણોને ટેકે આગળ ધપે છે



ભરૂચથી શણગારેલી હોડીમાં નર્મદા નદી ઓળગતો સત્યાગ્રહી સંઘ

પણ સ્વરાજ લીધા વિના આશ્રમનું મોઢું જોવાનો નથી.

ચન્દ્રવદન : અરે કહ્યું કે 'કાગડા-કૂતરાને મોતે મરીશ!' ઉદ્વેગ તે એટલો ભારે હતો કે ભારોભાર આગ ઝરતી હતી—રામબાણની કળતાં હતાં. એશઆરામ અને છેલબટાઉપણા સામે ડામ દેવાતા હતા. ઈશ્વરની નિરંતરની યાદ હતી. અસીમ કરુણા હતી. સરકારના રાક્ષસી તંત્ર સામે નફરત હતી. પ્રજા પ્રત્યે હમદર્દી હતી. પારાવારનો ઊભરાતો પ્રેમ હતો—બત્તી ઊંચકનાર મજૂર હિંદનો વાઈસરૉય પણ થઈ શકે, એવી માનવ સમાનતાનો ભાવ હતો.

વિલોચન : આમ, ૫મી એપ્રિલે, ૨૪૧ માઈલ ચાલી દાંડી પહોંચ્યા.

ચન્દ્રવદન : દરમિયાન અહીં નજીકમાં જ આવેલી, આટ ગામની ગાડીમાં હજારો મણ મીઠું પડી રહ્યું હતું. એમાં સરકારી અમલદારોએ ટોપલાબંધ ધૂળ ભેળવવાનો ધંધો કર્યો.

વિલોચન : એવું ધૂળિયું મીઠું પાછું સરકાર એ જ ભાવે વેચનાર હતી!

ચન્દ્રવદન : ૬ઠ્ઠી એપ્રિલનો દિવસ :

વિલોચન : આજે સવારના ઊઠી, સ્નાન કરી, મહાત્માજી નિમકના કાયદાને તોડવાના હતા. અમદાવાદ-મુંબાઈથી તો શું, પણ શહેરે શહેરથી અને ગામ-ગામડેથી પગે ચાલી અસંખ્ય લોકો આ દૃશ્ય જોવા આવ્યા હતા.

ચન્દ્રવદન : માટે તો બાપુએ પોતાના દાંડી ગામના પહેલા જ ભાષણમાં કહ્યું : 'તમે તો નવસારીથી દાંડીના આખા રસ્તા પર પાણીની પરબો માંડી એને જગવિખ્યાત કરી મૂક્યો છે. અહીં સૌ કોઈ પવિત્ર ભૂમિ સમજે. જૂઠું હરગીઝ ન બોલે, પવિત્ર ભાવના રાખે. આપણે તો સરકાર થાકે ત્યાં સુધી આપણા પૂર્વજો બનાવતા એમ, મીઠું ઘેરઘેર બનાવી, ઠેરઠેર વેચવું છે.

વિલોચન : એટલે જ સરકારી વખારોમાં પડેલું મીઠું નકામું થઈ પડે! બરાબર સવારના સાડા આઠ વાગ્યે રાષ્ટ્રીય સપ્તાહનાં મંડાણ થયાં. છઠ્ઠી એપ્રિલે સાડા આઠ વાગે, સ્નાનવિધિથી પરવારી મહાત્માજીએ જમીન ઉપરથી મીઠું ઊંચકી, નિમકના કાયદાને તોડ્યો.

ચન્દ્રવદન : ને 'નમકકા-કાયદા તોડ દીઆ' નો કારમો ગગનભેદી અવાજ નીકળ્યો, જે હાજર હતા એમણે મીઠાના કાયદાનો ભંગ કરી મીઠું ઊંચકવા માંડ્યું—કેટલાકોએ વિધિસર મીઠું પકવવાનું પણ શરૂ કર્યું.

વિલોચન : ત્યારે બુઝર્ગ અબ્બાસ તૈયબજી હાજર હતા; સરોજિની નાયડુ હાજર હતાં. આમ, ઇતિહાસમાં દાંડી મશહૂર થયું, મહાત્માજીની દાંડીયાત્રા અમરત્વને પામી.



ગાંધીજી સાથે કૂચમાં સામેલ થએલાં સરોજિની નાયડુ; વચ્ચે ભક્તિબા છે.

૧૪મી એપ્રિલે મોતીલાલ નેહરુ મહાત્માજીને મળવા આવ્યા. ૧૭મીએ ગોળીબાર થયા. વિઠ્ઠલભાઈ પટેલે ધારાસભાના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું. ૧૮મી એપ્રિલે ચટગાંવમાં અરમારી ઉપર લોકોએ ધાડ પાડી. લશ્કરની ગઢવાલી ટુકડીએ ઉત્તરમાં પોતાનાં હથિયારો છોડી દીધાં. સંખ્યાબંધ રાજીનામાં ઊભરાવા લાગ્યાં. સરકારની મૂંઝવણનો પાર નહોતો. માનવ સળેકડે હાથીથી પણ ભારે તાકાત મેળવી હતી.

ચન્દ્રવદન : અને હવે ધારાસભાનાં નગારાં વાગ્યાં. એ પહેલાં મહાદેવભાઈ પકડાયા. ખેડામાં સત્યાગ્રહ શરૂ થયો. કરાંચીમાં ગોળીબાર થયો. મહાત્માજીએ, ઓપરીનાં દાન વડે સરકારને ધરાવવાની ભવ્ય કલ્પના જાહેર કરી. તારીખ નક્કી થઇ. ચલો ધરાસણા!

અવાજો: ચલો ધરાસણા! ચલો ધરાસણા!

વિલોચન : પણ ત્યાંની મારપીટ, ત્યાંનો જુલમ, ત્યાંનો કારમો લાઠીમાર મહાત્માજી જુએ એ પહેલાં તો—

ચન્દ્રવદન : પકડાયા!

વિલોચન : અને તે કેવી રીતે!

ચન્દ્રવદન : આટલી બળવાન સલ્તનતનો તદ્દન હિચકારો છાપો.

વિલોચન : ચોથી મે. બરાબર મધરાત. બાર ને પિસ્તાલીસ થઈ ત્યાં બે મોટી મોટરબસ છાવણી બહાર ચૂપકીથી આવી ઊભી રહી.

ચન્દ્રવદન : વીસત્રીસ સિપાઇઓ, એક ન્યાયાધીશ, અમલદારો.

વિલોચન : પોલીસમાં સૌ કોઈ પાસે બંદૂકો

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૦ ઉપર)

બાલીનું પ્રજાજીવન

અગસ્ત્યને પગલેપગલે

લેખક અને ફોટોકલાકાર **નવનીત પારેખ**



ગામ પાસેની નદીને કાંઠે બાલીમાં સામાજિક સ્નાનાગાર હોય છે, જ્યાં ગામનાં સૌ સ્ત્રી-પુરુષો અલગ અલગ નક્કી કરેલી જગ્યા-ઓમાં (નિર્વસ્ત્ર) સ્નાન કરે છે.

બાલી-હોટેલ પર પહોંચ્યો ત્યારે ત્યાં ચાળીસેક વર્ષના પરંતુ સુદૃઢ કાયાવાળા સજ્જન મારી રાહ જોતા હતા: શ્રી વયાન ભદ્રા ઉત્તર બાલીની રાજધાની સિંઘરાજા ગામેથી મને તેડવા માટે ખાસ પોતાની જીપ લઇને આવ્યા હતા. ઇંડોનેશિયન ગણ-રાજ્યના જે અલગ અલગ પ્રાન્તો પાડેલા છે તેમાંના બાલી, લૉમ્બોક તથા પૂર્વના નાના દ્વીપોના સંયુક્ત પ્રાન્તના સાંસ્કૃતિક ખાતાના તે મંત્રી હતા. ભારતથી આ વિદ્યા-યાત્રાએ નીકળતા પહેલાં મારે આ શ્રી વયાન ભદ્રા તથા સિંઘરાજાના વિદ્વાન અધ્યાપક શ્રી વયાન રૂમા સાથે પત્રવ્યવહાર થયો હતો અને તેમણે હું બાલી આવું ત્યારે થોડા દિવસ તેમના કુટુંબ સાથે રહેવા માટે સ્નેહભર્યું આમંત્રણ આપ્યું હતું. સામાન્ય પ્રવાસીની જેમ કોઈ મોટી હોટેલમાં રહીને બાલીની શુષ્ક તથા અસ્પૃષ્ટ મુલાકાતે તો હું નહોતો જ આવ્યો. કોઈ સંસ્કાર-સંપન્ન બાલી કુટુંબમાં રહીને બાલી-લોકોના રીત-રિવાજ, દિનચર્યા, ઉત્સવો, પૂજાવિધિ તેમજ તેમની સમાજરચના તથા લોકમાનસનો, સમયની મર્યાદાના કારણે અલ્પ છતાં સર્વાંગીણ અભ્યાસ તથા અનુભવ લેવા હું ઉત્સુક હતો; તેથી ઝડપથી મારી નાની બૅગ તૈયાર કરીને અમે વયાન-ભદ્રાની જીપમાં ચડી બેઠા. ઈડા-બાગુસ સંતોષ પણ છુટ્ટી લઇને અમારી સાથે જ આવ્યો.

દક્ષિણ બાલીનું મુખ્ય શહેર છે જેમ દેન-પસાર, તેમ સિંઘરાજા ઉત્તર બાલીની રાજ-ધાની છે. આમ, દક્ષિણના હિંદી મહાસાગર-ની નજીક આવેલા દેન પસારથી ઉત્તરના જાવા સમુદ્રને કાંઠે વસેલા સિંઘરાજા જવામાં અ-મારે આખા બાલી દ્વીપની પહોળાઈ વીંધવા-ની હતી. માર્ગમાં લીલાંછમ ખેતરો, સર્પાકારે વહી જતી સરિતાઓ, ગાઢ જંગલો, ઊંચા પ-હાડો તથા એક-બે સરોવરો મળીને આશરે સો કીલોમીટર(સાઠેક માઈલ)ની એ રમ્ય સફર હતી. બાલી દ્વીપમાં કશે પણ રેલવે નથી. તેથી રેલવેના ઘોંઘાટ, ધૂળધુમાડા તથા ડબ્બાની ભીંસાભીંસમાંથી બાલીના શાન્તિપ્રિય લોકો બચી ગયા છે. છતાં, ઘણાંખરાં ગામોને સાંકળી લેતા બધા મળીને સાડા પાંચસો માઈલના પાકા મોટર-માર્ગો બાલીમાં છે. સિંઘરાજાને રસ્તે આવેલાં ખાસ નોંધપાત્ર સ્થળોમાં બાટુરનો જ્વાલામુખી પહાડ, તેની ખેખડો વચ્ચે વિસ્તરેલું બાટુર સરોવર તથા તે કાંઠે વસેલું કિન્તામણી (ચિન્તામણિ) ગામ હતાં. આ કિન્તામણી બાલીનાં અતિ પુરાણાં ગામોમાં ગણાય છે.

પ્રથમ તો અમે દેન પસારથી વીસેક માઈલ ઉત્તરે ઉબુદ ગામે ગયા; કેમકે ત્યાં રહેતા પોતાના મિત્ર શ્રી ગુસ્તી અલીત ઓકાને શ્રી વયાન ભદ્રા મળવા ચાહતા હતા. ઉબુદને એક લાક્ષણિક બાલી ગામ કહી શકાય. હરિયાળાં ડાંગરનાં ખેતરો વચ્ચે આ સમૃદ્ધ ગામ વસ્યું હતું. આંબા, પોપૈયા તથા કેળની ઘટાઓ સાથે ગામના ઘરનાં ઘાસ ફૂસના છાપરાં અટવાએલાં હતાં; ને તે સૌથી પર પોતાનાં મસ્તક ઉન્નત રાખી રહેલાં નાળિયેરીનાં વૃક્ષો સમીરની લહેરમાં થનગની રહ્યાં હતાં.

ઉબુદ ગામમાં મોટું ઘર અને ગામ બહાર ઘણી જમીન ધરાવતા શ્રી ગુસ્તી અલીત ઓકા ઘણા મિલનસાર સજ્જન હતા. નાળિયેરના મીઠા પાણી તથા સોપારી વડે તેમણે અમારું સ્વાગત કર્યું અને થોડી-વારે અમને ઉબુદ ગામમાં બધે ફેરવ્યા. બહુ ઉત્સાહથી તેમણે ગામ-ની રચના સમજાવી અને બેત્રણ ઘરમાં પણ અમને લઈ ગયા.

દરેક સામાન્ય બાલી ગામની મધ્યમાં એક વિશાળ ચોરસ ચૌગાન (ગામચૉક જેવું) આવેલું હોય છે, જેની વચ્ચે થઇને ગામનો મુખ્ય રસ્તો પસાર થાય છે. સામાન્ય રીતે તે ગામ પાસેના પહાડની દિશામાંથી સમુદ્રની દિશા તરફ જતો હોય છે. ગામના બીજા રસ્તા-ઓ આ મુખ્ય-માર્ગને સમાંતર અથવા કાટખૂણે જતા હોય છે. ગામના બધા જ રસ્તા વ્યવસ્થિત રીતે સીધા તથા સમાંતર હોય છે અને તેમની બેઉ બાજુએ ઘરો આવેલાં હોય છે.

ગામ વચ્ચે આવેલા આ વિશાળ ચૌગાનને ગામનું હૈયું જ કહેવું જોઇએ. સમગ્ર ગ્રામજનોના ઉત્સાહ, આવેગ તથા મનોભાવથી તે સદા ય ધબકતું રહે છે. આ જ ચોરસ ચૌગાનમાં ગામનું મુખ્ય-મંદિર (જેને બાલીમાં પુરા–દેશ કહે છે તે), ગામના મધ્યયુગી રાજા અથવા ઠાકોરનો મહેલ, ગામનું બજાર, કૂકડાની સાઠમારી માટેનો ચોતરો, સંકટ સમયે ગામલોકોને એકત્ર કરવા માટેનું ઘંટા-ઘર (કુલકુલ), તેમજ



બાલીનું એક નાનું ગામડું



ગામલોકોનું પ્રીતિભાજન વટવૃક્ષ (વારીંગીન) આવેલાં હોય છે. ગ્રામ-મંદિર(પુરા-દેશ)ના એક વિભાગમાં ગામલોકોનું સહિયારું મુખ્ય મંદિર આવેલું હોય છે જ્યારે તેના બીજા વિભાગમાં ગામલોકોના પંચને એકઠા મળવાનો સભાખંડ હોય છે. ગામને પાદરે ગામનું કબ્રસ્તાન આવેલું હોય છે. બાલીના લોકો મૃતદેહને અગ્નિદાહ દેતાં પહેલાં તેને લાંબો સમય સુધી દાટી રાખે છે અને તે માટે આ સ્થળ વપરાય છે.

ગામ પાસેથી વહી જતી કોઈ નદીને કાંઠે ગામલોકોનું સામાજિક 'સ્નાનાલય' આવેલું હોય છે. આ માટે સામાન્ય રીતે વૃક્ષોની ઘટાવાળો એકાંત નદી-કાંઠો પસંદ કરવામાં આવે છે. ઘણાંખરાં ગામોમાં આ જગ્યાને બે ભાગમાં વહેંચી એક બાજુ પુરુષો માટે અને થોડે જ દૂરની જગ્યા કેવળ સ્ત્રીઓ માટે નિયુક્ત કરી હોય છે. ઉષ્ણકટિબંધમાં રહેતા બાલીના લોકો દિવસમાં ઓછામાં ઓછા બે વાર તો સ્નાન કરે જ છે. સ્ત્રી-પુરુષો બંને નગ્ન શરીરે જ સ્નાન કરે છે, પરંતુ



મથાળે: બાલીના ઘરનું લાક્ષણિક પ્રવેશદ્વાર
ડાબી બાજુ: એક કિશોર વિક્રેતા

આમ સામૂહિક રીતે નહાતી વેળાએ આસપાસ કોઈ જ ઉપસ્થિત નથી એમ કલ્પી લઈને દરેક જણ આડુંઅવળું જોયા વિના નહાઈ લે છે. નહાયા પછી બાલીની સ્ત્રીઓ શરીરે કોપરેલ તથા 'બોરેહ' નામનો એક પીળો, સુંવાળો, સુગંધી લેપ ચોળે છે. વિવિધ ફૂલો, પાંદડાં, મૂળિયાં, લવિંગ તથા હળદરને પીસીને આ 'બોરેહ' બનાવેલો હોય છે.

મોટાં ગામો અથવા શહેરોમાં તો પાકી બાંધેલી દુકાનો હોય છે. પરંતુ નાનાં ગામના લોકો તો ગામના ચોગાનમાં આવેલા વિશાળ વટ-વૃક્ષ નીચે જ 'બજાર' માંડે છે. આ વડની શાખાઓને અવારનવાર કાપીને તેનો ગોળાકાર સુંદર રીતે જાળવી રાખ્યો હોય છે, અને તેની જ છાયામાં ગામનાં વિવિધ નૃત્યો તથા નાટકો ભજવાતાં હોય છે. મુખ્યત્વે સ્ત્રીઓ જ આ 'બજાર'માં વિક્રેતા તેમજ ગ્રાહક હોય છે. દુકાનના લાકડાના બાજઠ પર જાતજાતની ચીજવસ્તુઓ, અનાજ તથા શાકભાજી વેચવા મૂક્યાં હોય છે, અને એક બાજુએ બાલીના 'કેપેંગ' સિક્કાઓનાં ઝૂમખાં પણ પડ્યાં હોય છે. આપણી વિસારે પડેલી પાઈ કે હવેના નયા પૈસા જેવા આ નાનકડા પિત્તળના સિક્કાને વચમાં કાણું હોય છે અને બાલીના લોકો તેમાં દોરી પરોવીને સો-સો કેપેંગના ઝૂડા બાંધી રાખે છે. આ સો કેપેંગના ઝૂમખાને તેઓ કહે છે પણ 'શતક'. ઘણાંખરાં ગામોના બજાર પાસે 'દેવી મેલાતિંગ'ની દેરી હોય છે અને માલ વેચવા આવેલી સ્ત્રીઓ સુભાગ્ય તથા સારા વેચાણ માટે ત્યાં ફૂલો પધરાવે છે.

ભારતની જેમ બાલીમાં પણ સંયુક્ત કુટુંબની પ્રથા છે, તેથી સમગ્ર કુટુંબ એક જ લંબ-ચોરસ વાડા 'કુરેન'મા રહેતું હોય છે. 'કુરેન'ની ચોમેર માટીની ઘેરેલી દીવાલ અને ગામના રસ્તા પરથી અંદર જવા માટે એક પ્રવેશદ્વાર હોય છે. સંપન્ન સ્થિતિના કુટુંબના વાડાનું પ્રવેશદ્વાર પાકું, ઈંટોનું બનાવેલું હોય છે, જેની આગળ પગથિયાં તથા વચ્ચે લાકડાનાં કમાડ હોય છે. આપણા બંગાળમાં શોભે તેવી આછી અને સરળ છતાં અત્યંત સુઘડ નકશી આ દરવાજા પર બનાવી હોય છે અને તે ભૂખરો તથા સફેદ રંગેલો હોય છે. દરેક ઘરના પ્રવેશદ્વાર ઉપર ઘાસ-ફૂસની એક કલાત્મક છાપરી બનાવી હોય છે અને તેની બેઉ બાજુએ બહાર એક એક નાનું પૂજાસ્થાન પણ હોય છે. વાડાની અંદરના ભાગમાં પ્રવેશદ્વારને સમાંતર એક નાની દીવાલ (અલિંગ-અલિંગ) ઊભી કરી હોય છે જેથી ભૂત-પ્રેતાદિ ઘરમાં પ્રવેશી ન શકે! વાડાની દીવાલ ફરતાં નાળિયેરી, કેળ તથા પોપૈયાનાં વૃક્ષો વાવ્યાં હોય છે, પરંતુ બાલી લોકોની માન્યતા પ્રમાણે તેઓ વાંસનું ઝાડ કદી પણ ઘરના વાડામાં વાવતા નથી.

સામાન્ય કુટુંબના ઘર(વાડા)ને 'પેકારંગન' કહે છે જ્યારે શ્રીમંત અથવા રજવાડાના ઘરને 'જેરો' કહે છે. બ્રાહ્મણ કુટુંબના ઘરને 'ગ્રિય' (સંસ્કૃત 'ગૃહ') કહે છે. બાલીમાં પૂજનીય વસ્તુ અથવા સ્થાનને હમેશાં ઊંચે સ્થાને બેસાડે છે. તેથી દરેક ઘરના વાડામાં કુટુંબના ગૃહ-મંદિર (સંઘ:કેમુલન)ને હમેશ જમીનની સૌથી ઊંચી જગાએ બાંધવામાં આવે છે જે ગામ પાસેના પહાડની દિશામાં હોય છે. દેવોના સ્થાનકથી ઊંચી જગાએ રહેવું તે બાલી લોકો માટે અક્ષમ્ય ધૃષ્ટતા તથા અનાચાર છે. બાલીની ધાર્મિક પ્રણાલિકાઓ અનુસાર આ સંઘ:કેમુલનમાં કોઈ મૂર્તિઓ નથી હોતી, પરંતુ દેવો તથા પિતૃઓને બિરાજવા માટે નાનાં સ્થાનકો બનાવ્યાં હોય છે.

મંદિરના સ્થાનકની પાસે કુટુંબના વડીલને રહેવાનો મુખ્ય આવાસ 'ઉમા-મેતેન' આવ્યો હોય છે. વાડાની સામી બાજુએ બીજા ત્રણ ખુલ્લા આવાસ બાંધેલા હોય છે જેમાંનો એક મહેમાનો માટે હોઈ બીજામાં ઘરના કુટુંબીજનો રહે છે. વાડાને છેડે રસોડું તથા





મથાળે: શ્રી વયાન રૂમા. જમણી બાજુ: ગામના બજારે જઈ રહેલી બાલી સ્ત્રીઓ.

કોઠાર હોય છે. ઘરના આંગણામાં બીજી બે નાની દેરી પણ ઊભી કરી હોય છે જેને 'તુગૂ' કહે છે. અલબત્ત, શ્રીમંત કુટુંબોનાં ઘર વધારે મોટાં તથા વધુ સુખસગવડવાળાં હોય છે.

બાલીના નાના ગામડાંમાં તો એક જ સામાજિક સંઘ હોય છે જેને 'દેશ' કહે છે, પરંતુ મોટાં ગામ અથવા શહેરોમાં જુદાજુદા વિસ્તાર પ્રમાણે વિભાગ પડચા હોય છે અને તે દરેક વિસ્તારના અલગ સંઘને 'બંજાર' કહે છે. આ 'દેશ' અથવા 'બંજાર' પોતાના ગામ અથવા નગર-વિસ્તારનો બધો જ આંતરિક વહીવટ સંભાળે છે. ગામલોકો પણ પોતપોતાના બંજારનાં બીજાં રહેવાસીઓ સાથે પૂરો સહકાર રાખે છે અને પરસ્પરને ત્યાંના સારામાઠા પ્રસંગોએ પોતાનું જ કામ હોય તેમ પૂરો સહયોગ આપે છે. આ બંજારનાં પોતાનાં જ ખેતર, સભાગૃહ, રસોઈનાં વાસણો, ઉત્સવો માટેની બધી ચીજ-વસ્તુઓ તેમજ નૃત્ય-નાટકો માટેનાં વાદ્યો, પોષાકો તથા આભૂષણો હોય છે. બાલીના લોક-જીવનમાં આ 'દેશ' તથા 'બંજાર' ઘણા અગત્યનાં અંગો છે.

આમ, બાલીની સમાજરચના ખાનગી તેમજ સમાજવાદી અર્થતંત્ર તથા સમાજતંત્રના એક આદર્શ અને સુભગ સંમિશ્રણ સમી ખીલી છે અને તેમાં દરેક વ્યક્તિને પોતાની કક્ષા તથા પ્રતિભા પ્રમાણે પોતાનો અંગત વિકાસ સાધવાનું પૂરું ક્ષેત્ર મળી રહે છે; ને સાથોસાથ સમાજ-નાં વિવિધ અંગો વચ્ચેનો સહયોગ પણ આદર્શ ધોરણે જળવાય છે.

જાવા તથા બાલીમાં અસલથી ચાલી આવેલા સામાજિક તથા વ્યાવહારિક નિયમોને 'આદત' કહે છે. આમાંના કેટલાંક રૂઢિ-રિવાજો તથા નિયમો બાલી લોકોએ ભારતીય સંસ્કૃતિ અપનાવી તે અગાઉનાં છે. આ 'આદત'-નિયમો અનુસાર જ બાલીમાં સામાજિક સંબંધો, વારસાના હક્કો, જમીન તથા નહેરનાં પાણીની વહેંચણી વગેરેનું નિ-યંત્રણ બહુ ઝીણવટથી થાય છે.

અહીં આપણે બાલીની જ્ઞાતિ-પ્રથા પર પણ દૃષ્ટિપાત કરી લઇએ. હિંદુ ધર્મની સાથે જ બાલીમાં વર્ણ-વ્યવસ્થા દાખલ થઈ હતી. ભારતની જેમ બાલીમાં પણ ચાર વર્ણ છે જે અનુક્રમે બ્રાહ્મણ, સત્રિય (ક્ષત્રિય) વેશીય (વૈશ્ય) તથા શૂદ્ર કહેવાય છે. તેમાં પહેલી ત્રણ ઉચ્ચ વર્ણ ગણાય છે, પરંતુ તે ત્રણે ય મળીને બાલીની આખી વસતિના ફક્ત સાત જ ટકાભાગ બને છે, જ્યારે નીચલા વર્ણના શૂદ્રો સમસ્ત જનતાના ત્રાણું ટકા લોકો છે! ઉચ્ચ વર્ણના લોકો દૈવી રીતે ઉદ્ભવ્યા છે એમ મનાય છે. પ્રજાપતિ બ્રહ્માએ જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ કરી ત્યારે બ્રાહ્મણો તેમના મુખમાંથી ઉત્પન્ન થયા, ક્ષત્રિયો તેમની ભુજામાંથી તથા વૈશ્યો તેમનાં ચરણમાંથી ઉત્પન્ન થયા એમ બાલીના લોકો માને છે. બધાં બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય કુટુંબો પોતાનાં પૂર્વજો ઇન્દ્ર, વિષ્ણુ અથવા બીજા કોઈ વૈદિક કે પૌરાણિક દેવના વંશજો હતા એમ દઢપણે માને છે.

બધા બ્રાહ્મણોના કુળપિતા વૌ રૌહ નામે મહા-પંડિત હતા. તેઓ આખા બાલીમાં ફર્યા હતા અને સર્વ વર્ણની સ્ત્રીઓને પરણ્યા હતા. તેમના વંશજો બધા બ્રાહ્મણો થયા, પરંતુ તેઓ પોતપોતાની માતાના કુળ પ્રમાણે ઊંચી કે નીચી જ્ઞાતિના બ્રાહ્મણો થયા. વૌ રૌહ પછી બ્રાહ્મણો-ના બે મુખ્ય પૂર્વજો હતા—કુતુરન અને ભરડા. આ બંને શાસ્ત્રજ્ઞ ભાઇઓએ બાલીનું પ્રાચીન નીતિશાસ્ત્ર તથા સામાજિક વ્યવહારના નિયમો ઘડચા હતા. આજના બધા બ્રાહ્મણો આ બેના કુળમાં વહેં-ચાએલા છે અને તેઓ 'શિવ' તથા 'બૌદ્ધ' નામે ઓળખાય છે. આ પરથી અનુમાન થઈ શકે કે બાલીમાં જ્યારે હિંદુ તથા બૌદ્ધ ધર્મ સાથોસાથ પ્રવર્તતા હશે ત્યારે તેમના ભિન્નભિન્ન પૂજાવિધિ માટે બ્રા-હ્મણો મુખ્ય બે વિભાગમાં વહેંચાએલા હશે અને તેમણે શિવ તથા બૌદ્ધ એવાં ભિન્ન કુળનામો ધારણ કર્યાં હશે.

મધ્ય યુગમાં બાલીના બ્રાહ્મણો તથા ક્ષત્રિયો વચ્ચે ઘણી સ્પર્ધા હતી. ક્ષત્રિય રાજાઓને બ્રાહ્મણોનું શ્રેષ્ઠત્વ પસંદ નહોતું તેથી કેટલીક વાર તેઓ વચ્ચે ઘર્ષણ પણ થતું. આપણે ત્યાં પણ વસિષ્ઠ ને વિશ્વામિત્ર વચ્ચેની સ્પર્ધા અને પરશુરામ તથા ક્ષત્રિય રાજાઓ વચ્ચેનાં યુદ્ધો ક્યાં નહોતાં? એક દંતકથા અનુસાર એક વાર સમગ્ર બાલીના એક ધૃષ્ટ તથા મિથ્યાભિમાની રાજા દેવ-આગુંગે બ્રાહ્મણોને ઉતારી પાડવા પોતાના મહેલના કૂવામાં એક બતક નાખી અને કૂવા પર ઢાંકણ મૂકી દઇને તેણે બાલીના મુખ્ય બ્રાહ્મણ આચાર્યને કૂવામાં શું છે એમ પૂછ્યું. આચાર્યે શાપ આપતાં કટાક્ષમાં કહ્યું, 'ઝેરી નાગ'! અણસમજુ રાજાએ ઢાંકણ ખોલ્યું તો અંદરથી કાળો ઝેરી નાગ નીકળ્યો ને રાજાને વીંટળાઈ વળ્યો. પછી તે બ્રાહ્મણ આચાર્યે જ પોતાના દૈવી બાણ વડે તે નાગનો નાશ કર્યો ને રાજાને છોડાવ્યો. ત્યારથી બાલીના ક્ષત્રિયોએ બ્રાહ્મણોની સર્વોચ્ચતા સ્વીકારી લીધી. આજે પણ બાલીના ક્ષત્રિયોના અગ્નિ-દાહના વિધિ પ્રસંગે બ્રાહ્મણ પૂજારી 'નાગ બંધ' ઉપર બાણ છોડીને જીવાત્માના સ્વર્ગે જવાના માર્ગને ખુલ્લો કરે છે. આપણા શ્રીમદ્ ભાગ-

વતમાં પણ આખ્યાયિકા આવે છે કે મહાભારતના યુદ્ધ પછી યાદવો ઉન્મત્ત બની ગયા અને તેમાંના કેટલાક યાદવોએ એક સ્થૂળ યાદવને સ્ત્રીનાં વસ્ત્રો પહેરાવી એક ઋષિ પાસે લઈ જઈ મજાકમાં પૂછયું કે તેને પેટે શું અવતરશે. અપમાનિત ઋષિએ શાપ આપતાં કહ્યું કે તેને પેટે જે આવશે તેનાથી યાદવોનો સંહાર થશે; અને બન્યું પણ તેમજ. યાદવાસ્થળી થઈ અને યાદવો કપાઈ મૂઆ. બાલીમાં આજે બ્રાહ્મણની સત્તા પૂજાવિધિ પૂરતી મર્યાદિત છે, પરંતુ તેઓ અદાલતમાં ન્યાયાધીશ તરીકે કામ કરે છે. તેઓ કાંઇક નિરાળું અને સંયમી જીવન ગાળે છે અને ખાસ વ્યાપારી પ્રવૃત્તિ કરતા નથી.

બાલીના ક્ષત્રિયો અસલના રાજાઓના વંશજો મનાય છે અને ઘણા ક્ષત્રિયો પોતાને બાલીના મધ્યયુગી મહારાજા શ્રીકૃષ્ણ કપાકિસન-ના વંશજ ગણાવે છે. બાલીના આ કૃષ્ણ એક પથ્થરના બ્રાહ્મણ તથા એક અપ્સરાના સંયોગથી જન્મ્યા હતા એમ મનાય છે!! વૈશ્યો બધા 'ગુસ્તી' કહેવાય છે. બાલીમાં રંગરેજનું કામ અશુભ મનાય છે અને તેથી તે ગામ બહાર જ કરવામાં આવે છે. નીચલા વર્ણના લોકો પોતાથી ઊંચા વર્ણની વ્યક્તિ કરતાં ઊંચે સ્થાને બેસે કે સૂએ નહિ તેનું હમેશ ધ્યાન રખાય છે. આંતર-જ્ઞાતીય લગ્નની બાબતમાં પણ ઉચ્ચ વર્ણનો પુરુષ નીચલા વર્ણની સ્ત્રીને પરણી શકે છે, પરંતુ નીચલા વર્ણનો પુરુષ ઉચ્ચ વર્ણની સ્ત્રીને પરણી શકતો નથી.

આપણે ત્યાં જેમ સંબોધાએલી વ્યક્તિના દરજ્જા પ્રમાણે 'આપ', 'તમે' અથવા 'તું' વપરાય છે, તેમ બાલીમાં આદરણીય લોકો સાથે વાત કરવા માટે એક આખી વિશિષ્ટ વિનયી ભાષા જ બોલાય છે ને નીચલા વર્ણના લોકો ઉચ્ચ વર્ણના લોકોને સંબોધવા માટે વિનયની ભાષા જ વાપરે છે, જ્યારે ઉચ્ચ વર્ણની વ્યક્તિ નીચા વર્ણના માણસ સાથે સામાન્ય ભાષામાં વાત કરે છે. આમ ઊંચા તથા નીચા દરજ્જાની બે વ્યક્તિઓ વચ્ચેના સંભાષણમાં એકસામટી બે ભાષાઓ બોલાતી સાંભળવા મળે છે. બાલીની લોક ભાષા તથા 'વિનયી-ભાષા' વચ્ચે ઘણો તફાવત છે. લોક-ભાષા આ દ્વીપોની પ્રાચીન ભાષામાંથી ઊતરી આવી છે ને તે કાંઈક ઘોઘરી તથા કર્કશ છે. તેમાં સંસ્કૃત-જન્ય શબ્દો પણ ઘણા ઓછા છે. જ્યારે ઊંચી વિનયી ભાષા સંસ્કૃત તથા જાવા-ની કવિ-ભાષામાંથી નિષ્પન્ન થઈ હોઈ ઘણી સમૃદ્ધ ને સમર્થ છે અને સૂક્ષ્મ ભાવાર્થને વ્યક્ત કરવા માટે તેમાં વિપુલ શબ્દભંડોળ છે. સમ કક્ષાના લોકો વચ્ચે તેમજ સામી વ્યક્તિની જ્ઞાતિની ખાતરી ન હોય ત્યારે બાલીમાં વળી એક ત્રીજી જ 'મધ્યમ ભાષા' બોલાય છે!

વિનય તથા નમ્રતા દર્શાવવા વિવેકી સજ્જન પોતા માટે ઊંચા શબ્દો નહિ વાપરે. ઉદાહરણ તરીકે પોતાના જ માથા માટે વિનય-શીલ વ્યક્તિ, ઊંચો 'પ્રભુ' શબ્દ ન વાપરતાં સામાન્ય 'શિર:' શબ્દનો જ પ્રયોગ કરશે; જ્યારે કોઈ પશુના માથા માટે તણ્ડ (તુણ્ડઃ) શબ્દ વાપરશે. બાલીમાં વળી એક ચોથી ભાષા પણ ઉપયોગમાં લેવાય છે જે છે જાવાની ભાષા—કવિ. આપણે અગાઉ જોઈ ગયા છીએ તેમ આ કવિ-ભાષા આપણા સંસ્કૃતમાંથી જ ઉદ્ભવી છે અને તેના નેવું ટકા શબ્દો સંસ્કૃતજન્ય છે.આજે પણ જાવા તેમજ બાલીમાં ધાર્મિક પ્રસંગો, પૂજા-વિધિ, કવિતા તથા ઉચ્ચ સાહિત્ય માટે જ વપરાય છે. અલબત્ત, એ જાણનારો વર્ગ નાનો છે ખરો.વળી આ નાનકડા દ્વીપના ભાષા-સમૂહમાં ઉમેરો કરવા હવે સમગ્ર ઇંડોનેશિયાની રાષ્ટ્રભાષા, મલય-પ્રકારની 'ભાષા-ઈંડોનેશિયા' બાલીની શાળાઓમાં શીખવાય છે.

મારો તથા શ્રી ગુસ્તીનો વાર્તાલાપ આમ ક્યાં સુધી ચાલ્યા કરત તે તે કોણ જાણે, પરંતુ વયાન ભદ્રાનું ધ્યાન તેમના કાંડા પરની ઘડિયાળ તરફ બરાબર હતું. અમને સિંહરાજા પહોંચવામાં મોડું થતું હતું તેથી શ્રી ગુસ્તીનો ઘણોઘણો આભાર માનીને નછૂટકે અમે ઉબુદ ગામ છોડયું. સાંજ પહેલાં તો અમે સિંહરાજા આવી પહોંચ્યા.

સમસ્ત બાલીમાં સિંહરાજા કદાચ સૌથી મોટું શહેર છે. વાસ્તવિક રીતે તો આ સિંહરાજા તથા દેન-પસારને જ નગર અથવા શહેરની ઉપમા આપી શકાય; બીજાં બધાં તો નાનાં કે મોટાં ગામ જ છે. અમે સીધા શ્રી વયાન રૂમાને ઘેર ગયા. રૂમા તથા તેમનાં પત્ની પ્રતીક્ષામાં જ હતાં. શ્રી રૂમા 'વન'માં પ્રવેશી ચૂક્યા લાગતા હતા અને તેમની સૌમ્ય મુખમુદ્રા તેમની ઊંડી વિદ્વત્તા તથા તેમના નિર્મળ ચારિત્ર્યનું પ્રતિબિંબ પાડતી હતી. જીપમાંથી ઊતરીને મેં હાથ જોડી 'નમસ્તે' કર્યા. સામેથી તેઓ બંનેએ નમસ્કાર ઝીલીને 'વૌ રૌહ' કહ્યું. બાલી દ્વીપમાં આવકાર માટે આ શબ્દો વપરાય છે. વયાન ભદ્રા તથા વયાન રૂમાએ તો લાંબાં સફેદ પાટલૂન તથા ઉપર સુતરાઉ બુશ-શર્ટ પહેર્યાં હતાં, પરંતુ રૂમાનાં પત્નીએ આધુનિક બાલી પોષાક પહેર્યો હતો. સદ્ભાગ્યે વયાન-ભદ્રા તથા રૂમા બંને સાધારણ અંગ્રેજી જાણતા હતા તેથી અમારું સંભાષણ સરળતાથી ચાલ્યું. રૂમાનાં પત્ની પણ હિંદુ ગૃહિણીને અનુરૂપ અત્યંત આતિથ્યશીલ હતાં. અમારો થાક ઉતારવા તેમણે સ્નાન માટે ગરમ પાણી તૈયાર કર્યું. તે દરમ્યાન ઘરના દીવાનખાનામાં અમારે માટે ચા-નાસ્તો લઈ આવ્યાં અને અમે વાતોએ વળગ્યા.

રૂમાનું ઘર બાલીની લાક્ષણિક ઢબે બાંધેલું ન હતું. સિંહરાજા શહેરમાં તો ઘણાંખરાં ઘર આધુનિક ઢબે જ બાંધેલાં હતાં. રૂમાના ઘરની આગળના પ્રાંગણમાં નાનકડો બગીચો પણ બનાવ્યો હતો. આસપાસનો વિસ્તાર શાન્ત હતો અને દૂરના સમુદ્ર તથા ટેકરીઓનું દૃશ્ય પણ અહીંથી મળતું હતું. મેં આ દૃશ્યની કાંઈક પ્રશંસા કરી એટલે ઘરની સામે જ મિશનરીઓએ મોટા ખર્ચે ઊભા કરેલા નવા ખ્રિસ્તી ચર્ચ સામે આંગળી ચીંધીને રૂમાએ કહ્યું, 'હા, દૃશ્ય તો સુંદર છે, જો આ દેવળની નડતર ન હોય તો—' ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓ સામેના રોષનો કાંઈક પડઘો પડતો હતો.

અમારી વાતચીત બાલી લોકોનાં કૌટુંબિક જીવન, રીતરિવાજો તથા ઉત્સવો તરફ ઢળી. બાલીની સમાજરચના વિષે તો ઉબુદ ગામમાં જ



શ્રી વયાન ભદ્રા, તેમનાં પત્ની તથા બાળકો સાથે

મને ખાસ્સો પરિચય મળી ગયો હતો. શરૂમાં વયાન-રૂમાએ બાલી લોકોની દિનચર્યાનો ખયાલ આપ્યો. સૂર્યોદય પહેલાં જ ઘરમાં પાળેલા કૂકડાઓની કૂકડે-કૂકથી ઘરના લોકો જાગી ગયા હોય છે. ગૃહિણીઓ ઘરનું આંગણું વાળીને ગામ પાસેના ઝરણા કે નદીમાંથી પાણી ભરી લાવે છે. ઠંડા પાણીએ સ્નાન કરીને પુરુષો સીધા પોતાના ખેતર ભણી પ્રયાણ કરે છે. મોટા પાનના ષટ્‌કોણ આકારના સુંદર બીડામાં થોડો રાંધેલો ભાત તેઓ નાસ્તા માટે સાથે લઈ જાય છે. બપોર પડયે તેઓ ઘેર પાછા આવે છે, પરંતુ જો ખેતરમાં ઘણું કામ હોય તો બપોરે તેમની પત્ની ભારતની જેમ ભાતું લઈ ખેતરે આપવા જાય છે.

તે દરમ્યાન ગૃહિણીએ પાણિયારામાં પાણી ભરી દીધું હોય છે, કોઠારમાંથી ડાંગર લાવીને તડકે નાખી હોય છે અને રસોડામાં ચૂલો સળગાવ્યો હોય છે. બાલી લોકોનો સામાન્ય ખોરાક તો બહુ જ સાદો હોય છે: ગરીબ લોકો એકલો ઠંડો ભાત મીઠા તથા મરચા સાથે ખાય છે, જ્યારે કાંઇક સારી સ્થિતિના લોકો એકાદ શાક વઘારામાં બનાવે છે. શાકમાં મરચું, મસાલા તથા ટોપરું અવશ્ય હોય છે. બાલીનું મરચું અત્યંત તીખું હોય છે અને બાલી લોકો રસોઈમાં તે છૂટથી ભભરાવે છે. જગતમાં આટલું તીખું ખાનારા લોકો ભાગ્યે જ બીજા કોઈ હશે.

બાલીમાં ભાત બે રીતે રંધાય છે. કેટલાક લોકો ચોખાને માટીના વાસણમાં ઉકાળીને રાંધે છે જ્યારે કેટલાંક કુટુંબોમાં આપણે ઢોકળાં બનાવીએ છીએ તેમ ચોખાને વરાળથી બાફીને રાંધે છે. ઉકાળેલો ભાત ખૂબ ચડી ગએલો થાય છે જ્યારે બાફેલા ભાતના દાણા છુટ્ટા રહે છે. રાંધતી વેળાએ વાસણમાંનો ભાત ચોંટીને બળી ન જાય તે માટે ગૃહિણી અવારનવાર નાળિયેરની કાચલીના એક તવેથા વડે ભાત હલાવતી રહે છે. રસોઈ થઈ ગયા પછી તેને કેળના પાંદડાના સ્વચ્છ પતરાળામાં ઢાંકી રાખે છે. આપણા મલબાર કાંઠાની જેમ બાલીમાં પણ તળવા માટે સામાન્યપણે કોપરેલ જ વપરાય છે. કેળના પાનના નાનાનાના ટુકડાઓમાં ગૃહિણી થોડા ભાતના દાણા સાથે જરીક મીઠુંમરચું મૂકીને ઘરના બધા જ દેવોનાં સ્થાનકો પાસે થોડું થોડું નૈવેદ્ય ધરાવી આવે છે, જે ગામના કૂતરાઓ તરત સફાચટ કરી જાય છે. ભોજન લેતાં પહેલાં આમ નૈવેદ્ય ધરાવવું અતિ આવશ્યક છે. ભારતની ભાવનાશીલ ગૃહિણી પણ રસોઇમાંથી થોડો ભાગ ગાય કૂતરા માટે કાઢે જ છે અને ધર્મ-વિધિને અનુસરનાર પુરુષો પણ આપણે ત્યાં ભોજન પહેલાં ભાણામાંથી થોડા 'અપોષણ'નું અર્પણ કરે જ છે.

ડાબા હાથમાં કેળનું પતરાળું રાખીને જમણા હાથ વડે બાલીના ગ્રામજનો જમે છે. સામાન્ય લોકોને આમ થાળી માંજવી પડતી નથી. આપણા ચુસ્ત વૈષ્ણવોની જેમ બાલીના ગ્રામજનો પણ એક કરબી વડે અદ્ધરથી જ પાણી પીએ છે. આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિએ આ ટેવ સારી ગણાય. ભોજન પછી પુરુષો થોડો આરામ લઇને અથવા તો ગામના બંજારમાં થોડા ગામગપાટા મારીને ફરી ખેતરે કામ પર જાય છે. સામાન્ય રીતે પુરુષો જમી લે પછી ઘરની સ્ત્રીઓ જમવા બેસે છે અને બધાંનું ભોજન પતી જાય પછી સ્ત્રીઓ હાથ-શાળ પર કાપડ વણે છે, અનાજ વીણે છે અથવા બહેનપણીઓ સાથે ગોષ્ઠિ પણ ચલાવે છે. સાંજ પડતાં પહેલાં તેઓ ડાંગર ખાંડીને બીજા દિવસની રસોઇ માટેના ચોખા તૈયાર કરે છે. ભારતની જેમ બાલીમાં પણ એક મોટી લાકડાની ખાંડણીમાં ડાંગર નાંખીને બે સ્ત્રીઓ લાંબાં સાંબેલાં વડે તે ખાંડે છે. દરેક સ્ત્રી એક હાથ વડે પોતાના સાંબેલાને ખાંડણીમાં અફાળે છે અને બીજા હાથ વડે તે ઉપાડી લે છે કે તરત જ બીજી સ્ત્રીનું સાંબેલું ત્યાં ખાંડણીમાં આવી પડે છે. અત્યંત લાલિત્યથી તાલબદ્ધ રીતે ખાંડી રહેલી આ બેઉ સ્ત્રીઓ જાણે કે 'મૂશળ નૃત્ય' કરી રહી હોય એમ જ ઘડી ભર ભાસે! ડાંગર ખાંડી રહ્યા પછી બાલીની સ્ત્રીઓ આપણી જેમ જ વાંસના સૂપડામાં તે ઝાટકીને ચોખાને ડાંગરના ભૂસાને જુદા પાડે છે.

સાંજ પડયે બધાં લોકો ગામની ભાગોળે આવેલી નદીમાં નાહી આવે છે અને બીજાં સ્વચ્છ કપડાં પહેરે છે. સ્ત્રીઓ પોતાના કેશમાં ચંપકફૂલો ખોસે છે જ્યારે પુરુષો પોતાના કાન પાછળ જાસૂદનાં મોટાં ફૂલ ભરાવે છે. સૂર્યાસ્ત પછી તરત બધાં જમી લે છે. ભોજનમાં તો બપોરનો જ રાખી મૂકેલો ઠંડો ભાત. પ્રૌઢ વયના પુરુષો પછી એકઠા મળીને કોક વાર 'તુઅક' નામની તાડી અથવા 'અર્ક' નામનો ચોખામાંથી બનાવેલો કડક દારૂ અલ્પ પ્રમાણમાં પીએ છે અને તડાકા મારે છે અથવા તો બંજારમાં ગમેલનનું વાદ્ય-વૃંદ વગાડે છે. સામાન્યપણે ગામલોકો રાત્રે નવેક વાગ્યે તો સૂઈ જાય છે, પરંતુ ઘણી વાર પાસે કોઈ ઉત્સવ થતો હોય અથવા તો કોઈ નૃત્ય-નાટિકા ભજવાતી હોય ત્યારે ઘરનાં બધાં જ ત્યાં જાય છે અને મોડી રાત્રે પાછાં ફરે છે. આપણા 'અષ્ટ પ્રહર'ની જેમ બાલીમાં પણ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના આઠ વિભાગ (દૌહ) પાડયા હોય છે.

ભોજન સમયે તો બાલીના લોકો ઘણો સાદો ખોરાક લે છે, પરંતુ દિવસના ભાગમાં ઘણી વાર છૂટીછવાઈ વાનગી ખાતા નજરે પડે છે. નાનામોટા સૌ અવારનવાર બજારમાંથી કે કોઈ ફેરીઆ પાસેથી ખાવાની ચીજો ખરીદતા હોય છે, જેમાં માંસાહારી ચીજો પણ ઘણી હોય છે. પરંતુ બધા ખાદ્ય પદાર્થોમાં લાલ મરચું, વિવિધ મસાલા, કાંદા, લસણ, લીંબુનો રસ તેમજ ટોપરું અનિવાર્ય છે. બાલી લોકોને સ્વાભાવિક રીતે જ યુરોપી ઢબનો બાફેલો ખોરાક લુખ્ખો લાગે છે અને તેને તેઓ 'ન્યામ-ન્યામ' (ફિક્કો અને નીરસ) કહે છે. વયાન રૂમાએ જણાવ્યું કે બાલીના બ્રાહ્મણો કદી પણ ગાય, બળદ કે સૂવરનું માંસ ખાતા નથી કે મદ્યપાન પણ કરતા નથી, કે બહાર બંજારમાં પણ ખાતા નથી. ક્ષત્રિયો પણ સામાન્યરીતે ગો-માંસ ખાતા નથી.

વયાન-ભદ્રાએ કહ્યું કે ફિલિપાઈન્સ તથા બીજાં સ્થળોની જેમ બાલીમાં પણ કોક વાર ડુક્કરના નાના બચ્ચાના શરીરમાં મસાલા ભરીને પછી તેને આખું ને આખું શેકીને લોકો ખાય છે! બાલીની આ વાનગી જગતભરમાં પંકાએલી છે. દેન-પસારમાં લે-મેયૂરને ત્યાં ભોજન પહેલાં શ્રીમતી પોલૉક તેમની સાથીદાર બહેન સાથે એવું આખું શેકેલું ડુક્કર એક મોટી થાળી પર લઇ આવેલાં તેનું કમકમાટી ઉપજાવે તેવું દૃશ્ય મારા સ્મરણપટ પર તાજું થયું અને તેથી મેં વાતને વાળવા માટે બાલીનાં ફળફળાદિ વિષે પૃચ્છા કરી. વયાન રૂમા મારી જુગુપ્સા સમજી ગયા અને પ્રેમાળ સ્મિત વેરતાં તેમણે બાલીનાં ફળો વિષે વાત ઉપાડી લીધી.

બાલીની ફળદ્રુપ ભૂમિમાં વિવિધ પ્રકારનાં ફળો તથા શાકભાજી થાય છે. પોપૈયાં, કેળાં, નાળિયેર, અનનાસ, કેરી, નારંગી, ટેટી વગેરે જાણીતાં ફળો ઉપરાંત 'તિમ્બુલ' તથા 'નંકા' નામનાં ફળો ત્યાં થાય છે. વળી 'સલાક' નામના એક જમરૂખ જેવા ફળનું છોતરું તો બિલકુલ સાપની કાંચળી જેવું જ દેખાય છે. 'રાંબુતન' નામની દ્રાક્ષ તથા જાંબુનાં ફળ પણ બાલીમાં થાય છે.

'દુરીઅન' નામનું એક વિચિત્ર ફળ આખા અગ્નિ-એશિયામાં થાય છે. સ્વાદમાં તે અત્યંત મધુર હોય છે, પરંતુ વાસમાં એટલું જ ગંધાતું! દુરીઅન બહુ જ સ્વાદિષ્ટ તથા રસાળ ફળ છે છતાં તેની દુર્ગંધ ગોંમાંથી ઝટ જતી નથી. મશ્કરા વયાન ભદ્રાએ તેને મધ તથા ઘાસતેલના મિશ્રણ સાથે સરખાવ્યું એટલે મેં સામો વિનોદ કરતાં કહ્યું કે આ દુરીઅનને ખાવું એટલે તો શૌચ-સ્થાનમાં બેસીને મીઠાઈ ખાવા બરોબર છે! અને અમે બધાં ખડખડાટ હસ્યાં. જાવા-બાલી, મલાયા તથા સિયામમાં આ વિચિત્ર ફળના ઘણા 'બંધાણી' હોય છે. (ચાલુ)

મધુમેહ

અતિ પ્રાચીન કાળથી મોટા ભાગની માનવજાતને પીડી રહેલો
મીઠી છરી જેવો અકળ અને ભયંકર રોગ

માંદગીનાં મૂળ-૪૯

લેખક-ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

માનવીને માંદગી આવવાનાં ઘણાં કારણો છે. મોટા ભાગના રોગો જીવાણુઓ, વિષાણુઓ કે કીટાણુઓને લીધે થાય છે. અપૂરતા કે અયુક્ત આહાર ને આંતરડાંમાં આહાર ન શોષાવાથી પોષણ કથળતાં પણ રોગો થાય છે. પિચ્યુટરી, થાઇરૉઈડ ને એડ્રેનલ ગ્રંથિઓનો બગાડો માંદગીના કારણરૂપ બને છે, તો ખોરાક અને પ્રોટિનની એલર્જીના રોગો થઈ આવે છે. ગરમી ને ઠંડી, ઇલેક્ટ્રિકનો આંચકો અને અસાધારણ હવામાનના દબાણથી પણ માંદગી કે મૃત્યુ આવે છે.

જીવાણુઓના કોઇ ચેપથી એક જ અવયવ રોગી બને છે તો કેટલાક રોગોમાં આખું શરીર રોગની અસર પામે છે; પણ શરીરનો એક ભાગ બગડતાં આખા શરીરનું આરોગ્ય કથળે છે એ તો ચોક્કસ. મનની સ્થિતિનું પણ આવું છે. ભય કે ચિંતા વખતે પરસેવો, ઝડપી નાડી અને ઊબકા ક્યાં નથી થઇ આવતા ?

આખા શરીરનું આરોગ્ય કથળાવતો એક રોગ મધુમેહ (Diabetes Mellitus) છે. આમાં પેટમાં આવેલી પૅંક્રિયાસ ગ્રંથિના સ્રાવોની અછતને લીધે શરીરની શર્કરાના વપરાશમાં ખોટકો આવી પડે છે.

એ જાણવા જેવું છે કે આપણા આખા જીવન દરમિયાન આપણી પેશીઓમાં અમુક દ્રવ્ય 'બળે છે'; અને આ બળવાની ક્રિયાથી શરીરની ગરમી અને માંસપેશીઓની શક્તિ પ્રાપ્ત થાય છે. શ્વાસમાં લેવાની હવામાંનો પ્રાણવાયુ, ખોરાક અને પાણી એ બળતણના ઈંધણ રૂપ છે. બળતણની કાર્યદક્ષતાનું માપ કૅલોરીમાં નીકળે છે, જે ગરમીનો આંક છે. આપણા ખોરાકના બધા ઘટકો જિંદગી અને આરોગ્ય જાળવવા માટે છે. આમાંના મુખ્ય (૧) પ્રોટિનો પેશીઓ બાંધવા ને મરામત કરવા માટે (૨) ચરબી શક્તિપ્રદાતા તરીકે ને (૩) કાર્બોહાઇડ્રેટ પદાર્થો બળતણ તરીકે વપરાય છે જેથી શરીરને ગરમી અને શક્તિ મળે છે; (૪) ક્ષારો (૫) વિટામિનો અને (૬) પાણીની પણ આપણને જરૂર છે; પણ આ લેખ પૂરતું આપણે કાર્બોહાઇડ્રેટ વિષે વિચારીશું.

કાર્બોહાઇડ્રેટ એ સ્ટાર્ચ (આર) જેવા પદાર્થો છે. તે ધાન્ય અને વનસ્પતિમાં પુષ્કળ હોય છે. મધ, ખાંડ ને ગોળ એનાથી સમૃદ્ધ છે. ચોખા ઘઉં બાજરી મકાઈ બટાટા કેટલાંક શાક-ફળ ને દૂધમાં તે ઓછાવત્તા પ્રમાણમાં છે. આ કાર્બોહાઇડ્રેટ પદાર્થો શરીરમાં બળતણ તરીકે ઉપયોગી થવા માટે આપણા અન્નમાર્ગમાં ફેરફાર પામે છે. આ ફેરફારથી બધા પ્રકારના કાર્બોહાઇડ્રેટ પદાર્થો શર્કરામાં પરિણમે છે, કેમકે આ રૂપમાં તે સહેલાઈથી બળે છે.


ખોરાકમાં લેવાએલા બધા કાર્બોહાઇડ્રેટ પદાર્થો આંતરડાંમાં શોષણ પમાતા અગાઉ સાદી શર્કરામાં પરિણમે છે. આ શર્કરા કલેજામાં ગ્લુકોઝમાં પરિણમે છે. આ ગ્લુકોઝ પેશીઓમાં બળતણ તરીકે જાય છે. શરીરના વપરાશ કરતાં વધારાનો ગ્લુકોઝ ગ્લાયકોજેનમાં પરિણમી યકૃત અને માંસપેશીઓમાં સંઘરાય છે. એમની કુલ્લે સંઘરવાની શક્તિ ૩૦૦ ગ્રામની (૧૦૦ ગ્રામ=૩॥ ઔંસ) છે. જો ખોરાકમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ કામચલાઉ વધી પડે તો તે ગ્લાયકોજેનના રૂપમાં સંઘરાય છે. જો તેનું પ્રમાણ કાયમી વધારે હોય તો તેનું ચરબીમાં રૂપાંતર થાય છે.


માંસપેશીઓમાં બળતણ તરીકે ગએલા ગ્લુકોઝમાંથી શક્તિ કાર્બન ડાયૉક્સાઈડ ને પાણી નીપજે છે. બીજી બાજુ કલેજામાં સંઘરાએલું ગ્લાયકોજેન ગ્લુકોઝમાં રૂપાંતર પામી જરૂરિયાત પ્રમાણે લોહીમાં જાય છે. આમ, શરીરના કોષોની ગ્લુકોઝની સતત જરૂરત પૂરી પડે છે.


લોહીમાં શર્કરાનું પ્રમાણ ચાર ગ્રંથિઓના સ્રાવથી જળવાય છે: પૅંક્રિયાસ, એડ્રેનલ, પિચ્યુટરી અને થાયરૉઈડ. આ સૌમાં મહત્ત્વની પૅંક્રિયાસ છે. સાત ઈંચ લાંબી અને જીભ જેવા આકારની આ ગ્રંથિ હોજરીની પાછળ આવેલી છે. એમાં 'આઇલેટ્સ ઑવ લૅન્ગરહાન્સ (Islets of Langerhans)' નામના મહત્ત્વના ભાગો આવેલા છે, જેના લાખો કોષો ઈન્સ્યુલિન (Insulin) નામનો સ્રાવ સ્રવે છે. આ ઈન્સ્યુલિન શર્કરાને બળતણ રૂપે વપરાવાને લાયક બનાવવાનું કામ કરે છે. ટૂંકામાં પાચન-અવયવો કાર્બોહાઇડ્રેટની શર્કરા બનાવે છે; અને ઈન્સ્યુલિન આ શર્કરાને બળવા માટે પ્રાપ્ય બનાવે છે. શર્કરા બળીને પેદા થએલી શક્તિથી આપણા શરીરની જરૂરિયાતો પૂરી પડે છે.


કેટલાક લોકોમાં પૅંક્રિયાસના આઇલેટ્સ ઑવ લૅન્ગરહાન્સના કોષો ઓચિંતા કે ધીમેથી નાશ પામે છે. આ થવાનું કારણ હજુ સુધી જાણવામાં આવ્યું નથી. આથી ઊપજતી ઈન્સ્યુલિનની અછત કે અભાવને લીધે પેશીઓની શક્તિ પેદા કરવા માટે ગ્લુકોઝ વાપરવાની શક્તિ હણાય છે, અને ગ્લુકોઝની તેમની માંગ, લોહીમાં તેનું પ્રમાણ વધી જઇને ભરપાઈ થાય છે. આમ, લોહીમાં બીનજરૂરી પ્રમાણમાં વધતી રહેલી શર્કરાનું વધારાનું પ્રમાણ છલકાઇને ગુરદાઓ દ્વારા પેશાબ વાટે બહાર ફેંકાઈ જાય છે. (સાથોસાથ શરીરના ચરબી અને પ્રોટિનના વપરાશમાં પણ ખોટકો આવી પડે છે. પેશાબમાં શર્કરાની આ હાજરી એ 'ડાયાબેટિસ મેલિટસ' રોગ છે. ડાયાબેટિસ એટલે પસાર થવું, અને મેલિટસ એટલે સાકર. આયુર્વેદમાં આને 'મધુમેહ' કહે છે. જનતા

મધુમેહનાં મુખ્ય લક્ષણો


અતિમૂત્રતા


અતિતૃષા


શક્તિ અને વજનનો ઘટાડો


અતિક્ષુધા

આને 'મીઠી પેશાબ' નામથી ઓળખે છે. પેશાબમાં જતી આ સાકરની એમ ને એમ તો ખબર નથી પડતી, પણ આવા પેશાબ ઉપર ચોકડીમાં કીડી-મંકોડા એકઠા થાય એ આ રોગનાં સૂચક છે.

રોગનાં લક્ષણો આ પ્રમાણે છે: પુષ્કળ તરસ અને વારંવાર પુષ્કળ પેશાબ. પેશાબ તદ્દન પાણી જેવો હોઈ રંગમાં ફિક્કો અને મીઠી વાસવાળો હોય છે. ભૂખ પુષ્કળ લાગે છે અને ખાવા છતાં ય શરીરના વજનમાં ધીમો પણ વધતો જતો ઘટાડો થાય છે. ખૂબ થાક લાગે છે, અશક્તિ લાગે છે. પડેલો નાનો ઘા રૂઝાતાં વાર લાગે છે. વારંવાર ગૂમડાં અને પાકું થઈ આવે છે. ક્ષયરોગની શક્યતા વધારે રહે છે. ચાલીસની ઉમર નીચે કોઈ અવયવનું માંસ-કહોવાણ (gangrene) અને ક્વચિત આંખનો મોતિયો થઈ આવે છે, પણ પ્રૌઢ ઉમરે તે અસાધારણ નથી. નાની ઉમરે સપાટી ઉપરના જ્ઞાનતંતુઓનો સોજો (Neuritis) અને ધમનીઓની કઠણાઈ (Arterio sclerosis) આવી પડે છે, જે મગજ હૃદય કે ગુરદાઓમાં કોઈ ઠેકાણે થઈ આવે છે. હાથ ને પગમાં તે થઈ આવતાં લોહીનું ભ્રમણ અચકાઇને ગૅંગ્રીન (માંસ કહોવાણ) આવી પડે છે. આંખમાં તે થતાં અંધાપો આવે છે. હૃદયમાં થતાં પ્રાણઘાતક હૃદયરોગનો હુમલો થઈ આવે છે. સારવાર વગરના રોગમાં બેભાનાવસ્થા (Coma કોમા)નું જોખમ કાયમનું રહે છે; પણ મધુમેહના ઘણાખરાં રોગીઓમાં પુષ્કળ પેશાબ વિના બીજાં ચિહ્નો દેખાતાં નથી.

ચાળીસ વર્ષ પછી શરીરનો ઘસારો એ મધુમેહનું સૂચક છે. જોકે આ રોગના ઘણા રોગીઓ તંદુરસ્ત, સુદૃઢ અને તગડા દેખાય છે. પુષ્કળ તરશ ને વધુ ભૂખ વગરના રોગી પણ હોય છે. જાતીય કમજોરી યે આવી પડે છે. રીઢા રોગમાં તો રોગી નપુંસક પણ બને. સ્ત્રીઓમાં વંધ્યત્વ સામાન્ય છે અને જો ગર્ભાધાન થાય તો કસુવાવડની શક્યતા ઘણી રહે છે. પરસેવો ઓછો થતો હોવાથી ચામડી સૂકી અને બરછટ બને છે.

ભૂખ તરસ અને પેશાબમાં પુષ્કળ વધારો થયો હોવા છતાં રોગનો કોઈને ખયાલ નથી આવતો. ઘણા કિસ્સાઓમાં આ લક્ષણો મંદ હોય છે, તો કેટલાકમાં બિલકુલ નથી હોતાં. એવે વખતે વારંવાર ફોલ્લીઓ કે ગૂમડાં થવાં, પાકું નીકળવું, ઘા ન રુઝાવો કે લંબાતી બીજી કોઈ માંદગીનું કારણ જાણવા જ્યારે દાક્તર પેશાબ તપાસે ત્યારે આ તેના કારણ રૂપ મધુમેહ રોગ સહસા પકડાઈ જાય છે.

ઘણા જૂના કાળથી માનવીને પીડતા આ રોગનું વર્ણન તથા તેનાં લક્ષણો ગૂમડાં ને પાઠાના ઉપદ્રવો ને ઉપચાર વિષે આયુર્વેદાચાર્ય મહર્ષિ સુશ્રુતે સૌથી પ્રથમ વિગતથી લખ્યું છે. અરબ અને બાઈઝેન્ટાઇન વેપારીઓ દ્વારા એ જ્ઞાન યુરોપમાં ફેલાવો પામ્યું. પશ્ચિમી વૈદકમાં ડાયાબિટિસ સંજ્ઞા વાપરીને તેનું વિગતે વર્ણન કરનાર ગ્રીક દાક્તર આરેટાઇઓસ ઑવ કૅપોડોસિયા (Aretaios of Cahpadocia) હતો. જોકે મધુમેહના રોગીના પેશાબની મીઠાશનું વર્ણન તો છેક ઈ. ૧૬૭૪માં ટૉમસ વેલીએ કર્યું. તેને હિંદના વૈદ્યો તો મધુમેહ નામથી પિછાની પેશાબના મધ જેવા સ્વાદ વિષે ક્યારનાય જાણતા હતા.

આમ, સૈકાઓ થયાં આ રોગ જાણીતો હોવા છતાં પૅંક્રિયાસનો ને તેનો સંબંધ તો જર્મન વિજ્ઞાની ઑસ્કર મિન્કોવસ્કીએ હમણાં છેક ૧૮૭૯માં શોધ્યો. મિન્કોવસ્કી પૅંક્રિયાસ કાઢી લેવા અંગે કૂતરા ઉપર સંશોધન કરતા હતા. પૅંક્રિયાસ કાઢી લીધા બાદ પંદર કલાકે, એક પડખે મુડદા જેવું પડી રહેલું કૂતરું તેના પેશાબ ઉપર ટોળે વળેલી અસંખ્ય માંખોને ઉડાડવા નિર્બળ પ્રયત્ન કરતું હતું. આથી વિજ્ઞાનીએ પેશાબની તપાસ કરી તો તેમાં પુષ્કળ સાકર જણાઈ. આ પછી બીજા વિજ્ઞાનીઓનાં સંશોધનોના પરિણામે પૅંક્રિયાસનાં આઇલેટ્સ ઑવ લેન્ગરહાન્સ નામના ચોક્કસ ભાગો સાથે રોગનો સંબંધ પુરવાર થયો.

મધુમેહ સ્ત્રી ને પુરુષ, જુવાન ને ઘરડાં, મજૂર ને માલદાર, સર્વ કોઈને થાય છે. રોગ થવાનાં કારણોમાં વારસો મુખ્ય ભાગ ભજવે છે. રોગીના લોહીની સગાઈના સંબંધીઓમાં આ રોગ જોવામાં આવે છે. ક્વચિત આ રોગ એકમે પેઢી નથી પણ દેખાતો; છતાં વંશજો રોગના વાહક તો રહે જ છે. જો પતિ પત્ની બંને રોગી હોય તો તેમનાં બધાં બાળકો રોગી હોય છે. જો કોઇ અ-રોગી પણ રોગી કુટુંબના સભ્યને પરણે તો તેમનાં અરધાં બાળકો રોગી હોય છે. રોગી કુટુમ્બનાં બંને અ-રોગી સભ્યો પરણે તો પા ભાગનાં બાળકો રોગી નીવડે છે. અ-રોગી કુટુમ્બના અ-રોગી સભ્યને કોઈ રોગી પરણે તો તેમનાં બાળકોને રોગ દેખાતો તો નથી પણ તેઓ રોગના વાહક તો હોય છે જ.

રોગને અમુક જાત કે જાતિ માટે ખાસ વલણ તો નથી; પણ યહૂદીઓમાં વારસાગત રોગ ઊતરવાનું પ્રમાણ અધિક છે, તો હબસીઓમાં ઘણું ઓછું. મેદોવૃદ્ધિ એ રોગ થવાનું preciptating કારણ છે. નેવું ટકા રોગીઓ જાડા હોવાનું જાણવા મળે છે. જોકે રોગ વધતાં વજન ઊતરી જાય છે; પણ જાડાપણાને રોગ સાથે સંબંધ હોવાનું સાબિત થયું છે. ઘણા ઊંચા માણસોમાં આ રોગ સવિશેષ હોય છે. હિમ્સવર્થનું કહેવું છે કે કાર્બોહાઇડ્રેટ પદાર્થો કરતાં ખોરાકમાં ચરબીનું વિશેષ પ્રમાણ રોગ થવાના કારણ રૂપ છે. મધુમેહ જન્મથી માંડી ઍંશી નેવું વર્ષ સુધીમાં થઈ આવે છે, પણ સામાન્યતઃ એ પુખ્ત ને પ્રૌઢ વયનો રોગ હોઈ ૪૦ થી ૬૦ની ઉમર આસપાસ તે થઇ આવે છે. બાળકો પણ એના ભોગ બને છે. અમેરિકામાં એનું પ્રમાણ સવિશેષ છે. ત્યાં સાતમા, આઠમા કે અગિયારમા-બારમા વર્ષે આ રોગ દેખા દે છે. હિંદમાં બાળરોગીઓનું પ્રમાણ જૂજ છે. રોગી બાળકો બહુ બુદ્ધિશાળી હોય છે.

અમેરિકા, ન્યૂઝીલૅન્ડ ને ઑસ્ટ્રેલિયા જેવા ખાનપાનમાં સમૃદ્ધ દેશોમાં મધુમેહ સામાન્ય છે. બીજા લોકો કરતાં યહૂદીઓ, ઇટાલિયનો અને હિન્દુઓને એ વધારે પ્રમાણમાં થાય છે. આહાર, રિવાજો ને આબોહવામાં વૈવિધ્યવાળા હિંદ જેવા વિશાળ દેશમાં મધુમેહના પ્રમાણ અંગે ઘણો ફેરફાર રહે છે. બંગાળ કે જ્યાં ચોખાનો પાક વિશેષ છે, લોકો વધુ બુદ્ધિશાળી ને ઓછા મહેનતુ છે ત્યાં તેનું પ્રમાણ વધારે છે. વધારે ઉદ્યમી મહેનતુ અને શૂરવીર પંજાબીઓમાં આ રોગ મુકાબલે થોડો છે. વધારે ભાતખાઉ ગુરખાઓ શ્રમજીવી હોવાથી બંગાળીઓ જેટલા રોગગ્રસ્ત નથી. મિશ્ર ખોરાક ઉપર નભતા મુસલમાનો કરતાં વનસ્પત્યાહારી હિન્દુઓમાં રોગનું પ્રમાણ વિશેષ છે.

પૌષ્ટિક ખોરાક ખાઈ શરીરશ્રમ વિના વેપાર-રોજગાર કરતા સુખી વેપારીઓ આના ખસૂસ ભોગ બને છે. હા, એમને વેપારમાં વારંવાર ચિંતા રહે છે; પણ ચિંતાથી સિમ્પૅથેટિક જ્ઞાનતંત્ર દ્વારા એડ્રેનલનો વધુ સ્રાવ થાય છે. એવા સ્રાવવાળા માણસો તેજસ્વી કારકિર્દીવાળા હોય છે; પછી ભલે તે વેપારી, વકીલ, ન્યાયાધીશ કે શરાફ હોય. મહત્વાકાંક્ષા ભરેલા આ માણસો જ્ઞાનતંત્રને પૂરતો આરામ નથી આપતા. ઓછા શારીરિક શ્રમવાળી સખત મહેનત ઉપાડી તે આર્થિક સ્થિતિ સંગીન બનાવે છે. વેપાર કે ધંધાની જમાવટ થતાં તે વ્યાયામ અને હરવુંફરવું ઓછું કરે છે. મોટર આવતાં ચાલવાની કસરત પણ ઓછી થાય છે; પણ અગાઉના કરતાં ખાય છે વધારે, કારણ કે મિષ્ટ ને મસાલાદાર વાનીઓ હવે એમને પ્રાપ્ય થાય છે. પછી વધેલી શક્તિને કામદેવની આરાધનામાં સમર્પે છે. આટલું બાકી હોય તેમ દારૂની લતે ચડે છે. આમ, જિંદગીની જ્યોત બે છેડે બળવા માંડે છે. લોહીમાં વધારાની શર્કરા ચરબીરૂપે જમા થવા માંડે છે. કસરતના અભાવે માંસપેશીઓ ઢીલી બને છે, શરીર ભરાવદાર બને છે. આ વખતે કોઈ સાધારણ

માંદગી મટતાં વાર લાગે કે ગૂમડાંની કળે—પાકું પણ નીકળે ત્યારે દાક્તરી તપાસમાં મધુમેહ રોગ હોવાનું સૌપ્રથમ જાહેર થાય છે.

આ રોગ પારખવાને દાક્તર પાસે બે સાધનો છે: એક તો રોગીના પેશાબમાં સાકર અને બીજું લોહીમાં સાકરનું વધારે પ્રમાણ. જવલ્લે થોડા કેસોમાં પેશાબમાં સાકર માલૂમ નથી પડતી, તો લોહીમાં તો તે માલૂમ પડે છે જ. પેશાબની પરીક્ષા સાવ સાદી છે અને ઘણા કિસ્સાઓમાં રોગી તે જાતે કરવાનું શીખી લે છે. જમ્યાના ત્રણ ચાર કલાક બાદ થએલો પેશાબ પરીક્ષા માટે લેવાનો હોય છે. પેશાબનાં આઠ ટીપાંમાં પાંચ સી.સી. મોરથૂથાનું દ્રાવણ [આ સોલ્યુશન બે જાતનાં આવે છે (૧) ફેહલિંગ સોલ્યુશન ને (૨) બેનેડિક્ટસ સોલ્યુશન] નાખી સ્પિરિટ લૅમ્પ ઉપર પાંચ મિનિટ સુધી ગરમ કરવાથી સાકરના પ્રમાણ અનુસાર દ્રાવણનો રંગ બદલાય છે. જો સાકર ન હોય તો દ્રાવણ ચોખ્ખું અને ભૂરું રહે છે. જો દ્રાવણ લીલું, પીળું કે લાલ રંગમાં જામે તો સાકરની હાજરી જાણવી. લીલો રંગ અરધો ટકો, પીળો-લીલો ૧ ટકો, પીળો ૨ ટકા, નારંગી ૨॥ ટકા અને લાલ રંગ ૪ ટકા સાકરનું પ્રમાણ દર્શાવે છે.

તંદુરસ્તીમાં બાર કલાકના અપવાસ બાદ લોહીના ૧૦૦ સી.સી. (આશરે ત્રણ ઔંસ)માં સાકરનું પ્રમાણ ૮૦થી ૧૨૦ મિલિગ્રામ હોય છે. જો આ પ્રમાણ ૧૩૦ મિલિગ્રામ કે વધારે નીકળે તો મધુમેહ ચોક્કસ થાય છે. લોહીમાં સાકરનું પ્રમાણ જાણવા 'ગ્લુકોઝ ટૉલરેન્સ' નામે ટેસ્ટ પણ થાય છે. આમાં રોગીને ૫૦ ગ્રામ (૩૦ગ્રામ=૧ ઔંસ) ગ્લુકોઝ આપી, દર અરધા કલાકે એમ ત્રણ કલાક સુધી લોહી લઇ, લોહીમાં સાકરનું પ્રમાણ તપાસવામાં આવે છે.જો સાકરનું પ્રમાણ ૨૦૦ મિલિગ્રામ કે વધારે નીકળે તો મધુમેહ રોગ નક્કી થાય છે.

શરીરના એક અવયવના બગાડથી આ રોગ થયો હોવાથી જિંદગી સાથે આ રોગ જડાએલો છે. આમ તો તે 'અસાધ્ય' છે, બાકી તેને સારી રીતે 'કાબૂ'માં રાખી શકાય છે. આ માટે બે બાબતો જરૂરી છે: એક તો સંયમિત ખોરાક અને બીજું ઈન્સ્યુલિનનું ઇન્જેક્શન.

રોગીના શરીરમાં કાં તો ઈન્સ્યુલિન બનતું નથી, અગર તો તેને પૂરું વાપરી શકાતું નથી એ બરાબર સમજાયું નથી; પણ એ તો ચોક્કસ છે કે રોગીના શરીરમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થોના વપરાશનાં સાધનો ખૂટતાં છે. રોગ વેળાસર પકડાયો હોય ને મંદ રૂપમાં હોય તો ખોરાકમાં ગળપણ અને સ્ટાર્ચ-પદાર્થો કમી કરવાથી રોગ કાબૂમાં આવે છે; પણ મોટા ભાગના રોગીઓમાં ખોરાકનું નિયમન પૂરતું ન નીવડવાથી અંકુશિત ખોરાક સાથે ઈન્જેક્શન રૂપે ઈન્સ્યુલિન આપવું પડે છે. આમ શરીરમાં ખૂટતું ઈન્સ્યુલિન ભરપાઈ કરી આપવાની જોગવાઈ છે.

ઈ. સ. ૧૯૨૨માં ફ્રેડરિક બૅન્ટિંગ અને ચાર્લ્સ બેસ્ટે ઈન્સ્યુલિન શોધ્યું. આ અગાઉ આંગ્લ વૈદક અનુસાર રોગીના ખોરાકમાં સ્ટાર્ચ અને ગળપણ વગરના ચરબીવાળા પદાર્થો હતા. આજે સાવધાનીથી તે કાર્બોહાઇડ્રેટ, ચરબી, અને જો વજન ઓછું હોય તો ગળપણ પણ લઈ શકે છે. એક જમાનામાં ભૂખમરાથી રોગીનું શરીર ધીમેધીમે ગળતું જઈ પાંચેક વર્ષમાં ખતમ થતું હતું; આજે યોગ્ય સારવારથી તે આયુની પૂર્ણ મર્યાદા ભોગવી શકે છે. અને સબળ કામગરું જીવન ગુજારી શકે છે. આના દાખલા રૂપ છે ખ્યાતનામ લેખક એચ. જી. વેલ્સ અને અગ્રિમ ટેનિસ-ખેલાડી વિલિયમ ટાલ્બર્ટ. ટાલ્બર્ટ વીસ વર્ષ પર્યંત ઉગ્ર રોગી હોવા છતાં પાંચસો ટૂર્નામેન્ટ મૅચો રમ્યો હતો. ઈન્સ્યુલિનના જમાના પહેલાં ઘણાં મૃત્યુઓ કોમા(બેભાનાવસ્થા)ના કારણે થતાં હતાં, જ્યારે અત્યારે આ કારણથી બહુ ઓછા રોગીઓ મરે છે.

કતલખાનાનાં ઢોરોના પૅંક્રિયાસમાંથી બનાવેલા ઈન્સ્યુલિનનું ઈન્જેક્શન રોગીના લોહીની શર્કરા એકદમ કમી કરે છે; પણ તેની અસર પાંચ કે છ કલાક પર્યંત જ રહેતી હોઈ દિવસમાં એનાં બે કે ત્રણ ઈન્જેક્શનો લેવાં પડે છે. આ ખામી નિવારવા ઈ.સ. ૧૯૩૬માં બે નવાં ઈન્સ્યુલિન આવ્યાં. તેમનાં નામ પ્રોટેમાઈન ઝિન્ક ઇન્સ્યુલિન અને ગ્લોબ્યુલિન ઈન્સ્યુલિન. એમની અસર મોડી શરૂ થઈ લાંબો વખત ટકે છે. પ્રોટેમાઇનની અસર ચારથી છ કલાકે શરૂ થઈ અઢારથી બોંતેર કલાક પર્યંત રહે છે. ગ્લોબ્યુલિનની અસર કલાકેકમાં શરૂ થઇ પંદર કલાક સુધી ટકે છે. ધીમી અને ઝડપી અસર કરતાં ઇન્સ્યુલિન એકબીજાનાં પૂરક છે. રોગીને હવે દિવસમાં એક જ ઇન્જેક્શન બસ છે.

મોટી ઉંમરે જાડા શરીરમાં અને થોડા સમયથી થએલા રોગ માટે હમણાં મોઢેથી લેવાની 'ટોલ બુટે માઇડ' અને 'ક્લોર બુટે માઇડ' નામની દવાઓ શોધાઇ છે. આ ગોળીઓના સેવન વખતે પણ ખોરાક ઉપર સંયમ રાખવો જરૂરી છે. રોગીએ મર્યાદિત કૅલરીવાળો, વધારે કાર્બોહાઇડ્રેટ અને ઓછી ચરબીવાળો ખોરાક લેવાનો છે. પ્રાણિજ ચરબી (ઘી, માખણ) કરતાં વનસ્પતિ ચરબી (મગફળી અને તલનું તેલ) પસંદગીપાત્ર છે. શાકભાજી ને ફળો વધારે પ્રમાણમાં લેવાનાં છે.

આપણો મુખ્ય આહાર શુકધાન્ય(cereal)નો છે. જુદાં જુદાં ધાનનાં કાર્બોહાઇડ્રેટ પ્રમાણ આ પ્રમાણે છે (સો ગ્રામ એટલે સાડા ત્રણ ઔંસ). ચોખામાં ૭૮ ગ્રામ, ઘઉંમાં ૭૪ ગ્રામ, જુવારમાં ૭૪ ગ્રામ, બાજરીમાં ૬૭ ગ્રામ અને કોદરીમાં ૬૫ ગ્રામ છે. આથી પ્રચલિત માન્યતા મુજબ ચોખાને બદલે કોદરી અને ઘઉંને બદલે બાજરી ખાવાનો કશો અર્થ નથી. ખરી રીતે તો ધાન્યના પ્રકાર કરતાં તેમનું પ્રમાણ અને કૅલરી વિચારવાનાં છે. રોગી જો ખાવાની બાબતમાં પોતાની જાતને કાબૂમાં રાખી શકે તો રોગ અંકુશમાં રહે છે. ખોરાક ને રોગનો સંબંધ આપણે જાણી ગયા. આ રોગમાં દવા કરતાં ખોરાક જાળવવાનું ઘણું મહત્ત્વ છે. રોગીનું ખોરાક સંબંધીનું અજ્ઞાન કે ગેરસમજ નભાવી ન લેવાય. ભાણામાં આવેલા ખોરાકમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થો અને ખોરાકનો ઉષ્માંક (કૅલરી વેલ્યુ) જાણવાં જોઈએ. આ દૃષ્ટિએ રોગીની કેળવણી અગત્યની છે. આખા દિવસમાં કુલ્લે જોઈતી કૅલરીની ગણતરી આ પ્રમાણે કરવી: પથારીવશ જાડા રોગીને વજનના દર રતલ દીઠ ૧૨ કૅલરી ને જુવાન તથા કામગરા રોગીને રતલ દીઠ ૧૫થી ૧૭ કૅલરી જોઇએ. એક ગ્રામ કાર્બોહાઇડ્રેટ ને પ્રોટિન પદાર્થોમાંથી ચાર આંક કૅલરી અને એક ગ્રામ ચરબીમાંથી નવ આંક કૅલરી મળે છે. ત્રીસ ગ્રામ એટલે એક ઔંસ (અધોળ).

શુકધાન્ય, કઠોળ, ચરબી ને તેલો, શાક ફળ અને કંદમૂળ, આવા ખોરાકના પ્રકારો આપણે જાણીએ છીએ. કુદરતમાંથી મળતા આ પદાર્થોનું પૃથક્કરણ કરીએ તો તેમાં નીચેના ઘટકો જોવા મળે છે: કાર્બોહાઇડ્રેટ, પ્રોટિનો, ચરબી, ક્ષારો, વિટામિન અને પાણી.

કાર્બોહાઇડ્રેટ પદાર્થો: ખાંડ, ગોળ, મધ, ઘઉં, ચોખા, કોદરી, બાજરી, મકાઈ, કઠોળ, બટાટા, ફળો ને શાકભાજી.

પ્રોટિન-પદાર્થો: માંસ,મચ્છી,ઇંડાં,કઠોળ,દૂધ, પનીર સોયાબિન.

ચરબી-પદાર્થો: માખણ, મલાઇ, ઘી, ડાલ્ડા, તલ ને મગફળીનું તેલ.

તંદુરસ્ત માણસના શરીરમાં બધા પ્રકારનો ખોરાક વપરાશમાં આવે છે, જ્યારે મધુમેહ-રોગીને કાર્બોહાઇડ્રેટ પદાર્થો પૂરા વપરાશમાં નથી આવતા. આથી એ રોગી બધા પ્રકારના ખોરાક અમર્યાદિતરીતે ખાઈ જ શકે. છતાંય પણ ખોરાક એવો હોવો જોઈએ કે જે ભૂખ સંતોષે, શક્તિ આપે ને સ્વાદમાં માફકસર હોય. ચોખા, ઘઉં, બાજરી મકાઈ ને બટાટા જેવા પદાર્થો એણે અમુક વજનમાં જ ખાવાના છે. શરૂમાં આ પદાર્થો જોખીને લેવા. અભ્યાસથી એની ધારણા આવી

જશે. અને ખોરાકના સાદા પ્રયોગમાત્રથી પણ મોટા ભાગના પ્રૌઢ રોગીઓનો રોગ મોટેભાગે કાબૂમાં આવી જશે.

ખોરાકની પસંદગીમાં આટલી બાબતો આવી જાય છે: ગોળ ખાંડ ને મધ છોડવાં. આમાં ગળપણ માટે સેકેરીન કે સુકેરીલ વાપરવું. દિવસભરમાં બે નાની ચમચીપૂર ખાંડ લેવાની છૂટ છે. બટાટા, સક્કરિયાં, સૂરણ ને રતાળુ થોડાં ને લાંબા ગાળે ખાવાં, કારણકે એમાં ૨૦ થી ૩૦ ટકા જેટલું કાર્બોહાઇડ્રેટ છે. આ ખાતી વખતે ચોખા છોડવા. એક ઔંસ ચોખાના બદલામાં સાડાત્રણ ઔંસ બટાટા ખાઈ શકાય. પાંચ ટકા કાર્બોહાઇડ્રેટવાળાં શાક—જેવાંકે પાંદડાંવાળી ભાજી ને લીલી તથા પીળી છાલવાળાં બધાં શાક ભરપટ્ટે ખાઈ શકાય છે. માંસ મચ્છી ને માંસાહારનો મિતાહાર કરવો. રોજનું શેર-દોઢશેર દૂધ લેવાની છૂટ છે. દાક્તરની સલાહ મુજબ તાજાં ફળ લેવાં. રોગીને વિટામિન-સી ને વિટામિન-બી જૂથ મેળવવાની ખાસ અગત્ય છે. વિટામિન-સી માટે રોજ આમળાં, કાકડી, જામફળ, લીંબુ, ટમેટાં ને નારંગીમાંથી એકાદ ફળ તો ખાવું જ. કાર્બોહાઇડ્રેટ પચાવવા વિટામિન-બી જૂથ ઉપયોગી છે. આ મેળવવા ફણગાવેલાં કઠોળ ખાવાં. જો એમ ન બની શકે તો ખાધા બાદ વિટામિન-બી કૉમ્પ્લેક્સની ગોળી લેવી. બીર અને મિષ્ટ દારૂ પીવાની મનાઈ છે. ઘી અને તેલ થોડાં ખાવાં. આહારનો કોઠો નીચે આપ્યો છે પણ ઉમર અને વજન અનુસાર એમાં ફેરફાર રહે છે, એટલે આહારની યોજના રોગી પ્રમાણે વ્યક્તિગત રહે છે. ધારો કે રોગીનું વજન ૧૩૦ રતલ છે, તો એના હળવા કામકાજ અંગે વજનના દર રતલ દીઠ ૧૪ કૅલરી જોઇએ. આમ, ૧૮૦૦ કૅલરી મેળવવા માટે નીચે મુજબ ખોરાકની વહેંચણી કરવી: ૬૦ ગ્રામ પ્રોટિન (૧૦૦ ગ્રામ એટલે ૩।। ઔંસ), ૯૦ ગ્રામ ચરબી અને ૧૮૭ ગ્રામ કાર્બોહાઇડ્રેટ. જો ચરબી ઓછી કરવામાં આવે તો તે અનુસાર કાર્બોહાઇડ્રેટ વધારવા. પા શેર ચોખા કે દોઢ પાશેર લોટમાં ૧૦૦ ગ્રામ કાર્બોહાઇડ્રેટ છે. પાંચ ગ્રામ કાર્બોહાઇડ્રેટના પ્રમાણવાળા ખોરાક આ પ્રમાણે છે: બટાટા ૧ ઔંસ, લીલા વટાણા ૧। ઔંસ, કાંદા બે ઔંસ, લસણ ૦।। ઔંસ, કેળાં ૧ ઔંસ, દ્રાક્ષ સવા ઔંસ, કેરી ૧ ઔંસ, નારંગી ૧।।, ચોખા ૦।, લોટ ૦।, જવ ૦।, દૂધ ૩।। અને દાળ ૩/૪ ઔંસ. કોબીજ કોલી ફ્લાવર કાકડી પપૈયા ટમેટાંમાં થોડાથી માંડી નહિવત્ કાર્બોહાઇડ્રેટ છે.

વનસ્પત્યાહારીનો ખોરાક: ચોખા ઘઉં કે બાજરી ૬ ઔંસ, કઠોળ ત્રણ ઔંસ, પાંદડાંવાળી ભાજી ૮, લીલોતરી શાક ૪, ફળ ત્રણ, ગોળ ખાંડ ૧, ચરબી ૧।। ઔંસ, દૂધ ૧ શેર, મશાલા ૦।। ઔંસ. આ ખોરાકથી ૧૭૬૦ કૅલરી ગરમી પ્રાપ્ત થાય છે.

માંસાહારીનો ખોરાક: ચોખા ઘઉં કે બાજરી ૬ ઔંસ, કઠોળ ૨, પાંદડાંવાળી ભાજી ૮, લીલોતરી શાક ૪, ફળ ૩, ખાંડ ગોળ ૧, ચરબી ૧।।, મચ્છી ને માંસ ૩ અને મશાલા ૦।। ઔંસ. આ ખોરાકથી ૧૭૦૦ કૅલરી ગરમી પ્રાપ્ત થાય છે.

ખોરાક સમતોલ, વિટામિન-બી જૂથવાળો ને પુષ્કળ વિટામિન-સી વાળો જોઇએ. આહારમાં કાચાં શાકનું મહત્ત્વ છે. કોબીજ, કાકડી, લીલાં આમળાંની ચટણી, મગ-મઠનાં વેડાં વિટામિન-સીનાં ધારક છે. ખોરાક ત્રણ ટંકમાં વહેંચીને ખાવો: નાસ્તો ભોજન અને વાળુ. વચગાળામાં ભૂખ લાગે તો દાક્તરની સલાહ અનુસાર ફળ જ લેવાં.

રોગીએ ખાવાની રસમ બદલવાની છે. ભૂખ્યા નથી રહેવાનું, પણ ફક્ત જીવવા પૂરતું ખાવાનું છે. ખાવાનો શોખ છોડવાનો છે, પણ ભૂખ સંતોષે એવું ખાવાની મના નથી. જિંદગી જીવવાની રીત અને ખોરાકની પસંદગીમાં જાળવવાનું હોવાથી રોગી આત્મસંયમી બને છે. ખાવાની રસમ છોડવાની હોવાથી રોગીનું જીવન તપોમય બને છે. આમ ખાવામાં સંયમ અને જીવવામાં વિચારણા આવવાથી રોગી બીજાઓ કરતાં લાંબું જીવે છે.

લોહીની શર્કરા સાધારણ બને અને સાથોસાથ રોગીની તંદુરસ્તી જળવાઈ રહે એવો પૂરતો ખોરાક એ સારવારનું ધ્યેય છે. સાધારણ રોગમાં એકલા ખોરાકના નિયમનથી પતે છે, પણ ચેપી રોગ, ચેપ કે બોજ તળે રોગ ઉગ્ર બને છે એ ધ્યાનમાં રાખવું. ઉગ્ર રોગમાં ખોરાક સાથે ઈન્સ્યુલિનની જરૂર છે. રોગીએ રોગ સમજી પોતાના દાક્તર થવાની જરૂર છે અને કુટુમ્બીઓએ રોગીને માફક આવે એવો ખોરાક બનાવી આપી સહકાર આપવાનો ધર્મ છે. રોગીએ વધારેપડતું કામ, થાક અને ચિંતાથી વેગળા રહેવું. ગૂમડાં, પાકું કે નૈયું પાકે ત્યારે ઘરાળુ ઉપચાર છોડી તાત્કાલિક દાક્તરી સારવાર લેવી, કારણ કે મધુમેહ અંગે આવા ચેપી રોગો ઉગ્ર રૂપ ધારણ કરે છે. સગર્ભાવસ્થા અને પ્રસૂતિ વખતે ખાસ જાળવવાનું છે. આ વખતે મંદ રોગ ઉગ્ર રૂપ ધારણ કરે છે. મોટા કદના બાળકથી માંડી સુવાવડમાં મુશ્કેલી આવવા સંભવ છે. રોગીએ પગની ખાસ સંભાળ રાખવાની છે. રોજ રાતના પગ ધોવા, પોચા ટુવાલ વતી લૂછવા. જો પગ સૂકા હોય તો વેસેલિન કે દિવેલ લગાડવું. જો ભીના હોય તો મેથેલેટેડ સ્પિરિટ લગાડવું. ચપોચપ આવતાં પગરખાં ન પહેરવાં. આંગળીના ચેપ, કણી અને ફોલ્લા વખતે દાક્તરી સારવાર લેવી. વાળંદ પાસે કે આપમેળે કણી ન કપાવવી. પગ ઉપર આયોડિન, લાયસોલ કે એવી જલદ જંતુઘ્ન દવાઓ ન લગાવવી.

મધુમેહ 'નિવારી' શકાય એવો રોગ છે. રોગ નિવારવા માટે એક નિયમ: શરીરનું વધારેપડતું વજન વધવા ન દેવું. ચાલીસની ઉમર બાદ તો આ વ્યાજબી સલાહ છે. અમેરિકાની નોંધો ઉપરથી નક્કી થયું છે કે ચાલીસ પછી રોગી બનેલા દર વીસ જણમાં બાર મેદોવૃદ્ધિવાળા, પાંચ સમધારણ જાડા, બે સરાસરી સાધારણ વજનના અને માત્ર એક પાતળો હોય છે.

રોગ નિવારવાનો બીજો નિયમ એ કે કુટુમ્બમાં કોઇને રોગ છે કે કેમ તે જાણી લેવું. જો તે હોય તો પોતે એના ભોગ બનવાની શક્યતા ધ્યાનમાં રાખવી. સાવચેતીનાં પગલાં તરીકે વધારેપડતી મીઠાઈ અને વધારેપડતું ન ખાવું. વજનનો વધારો થતો રોકવો. ત્રીજું એ કે, ચાલીસની ઉમર બાદ વર્ષમાં એક વાર પેશાબની તપાસ કરાવવી અગર તો વારંવાર ફોલ્લીઓ થાય, સાધારણ ઘા પાક ઉપર ચડે બહુમૂત્રતા આવી પડે કે સહજ વારમાં થાક લાગે તો આ રોગ અંગે સાશંક બની દાક્તરની સલાહ લેવામાં વિલંબ ન કરવો. આમ કરવાથી રોગ શરૂઆતમાં પકડાઈ જતાં સફળતાપૂર્વક સારવાર થાય છે. આમ થતાં રોગથી આવી પડતા આંખો, શરીર ને લોહીની નળીઓના ઉપદ્રવમાંથી, જીવનાવશ્યક અવયવોના થતા છૂપા નાશમાંથી અને અકાળ વૃદ્ધત્વમાંથી ઊગરી જવાય છે. જેમ રોગ વહેલો પકડાય તેમ તેની સારવાર સહેલી થાય છે. બધા રોગો માટે આ સનાતન સત્ય મધુમેહ માટે એટલું જ સાચું છે.

'કુમાર'ના જૂના અંકો તથા ફાઇલોની યાદી

ઇચ્છુકોને હજી મોકલી શકાઈ નથી. જેમની પૃચ્છા તથા પૈસા આવ્યા છે તેમને હવે તે વહેલી તકે મોકલાશે.

'કુમાર'ના નામાક્ષરોની હરીફાઈ

માં ભાગ લેનારાઓમાં ગણનાપાત્ર નહિવત જ છે. તેમને યથાયોગ્ય નિર્ણય પરભાર્યો જણાવાશે.

પચ્ચીસ વર્ષ પહેલાં



ફાગણ ૧૯૯૦
અંક ૧૨૩

હિંદના શિલ્પના ઇતિહાસમાં જેનો જીવનવૃત્તાંત પ્રબળ નક્ષત્ર શો ઉજ્જ્વલ ને પ્રેરણાવંતો પ્રકાશી રહેશે એવા, જીવન અને કલામાં શૌર્ય તથા સિદ્ધિ દાખવનાર શિલ્પસ્વામી વિનાયકરાવ કરમારકરનો જે પરિચય શ્રી ર.મ. રાવળે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં કરાવેલો તે એટલો તો પ્રેરક ને પ્રભાવક હતો કે તેનો મોટો ભાગ–બને તેટલાં ચિત્રો સાથે ઉતારવાની લાલચ રોકી શકાતી નથી :

"ઈ.૧૯૨૮ની એક રાત્રે મુંબાઇમાં મઝગાંવ ઉપરની પી. ઍન્ડ ઓ. કંપનીની ગોદીમાં બધાં કારખાનાં બંધ છતાં તેની ધાતુની ભઠ્ઠીઓ કદી નહિ દેખાએલા પ્રમાણમાં જ્વાળાઓ ફેંકી રહી હતી. ત્યાંની બધી યે ભઠ્ઠીઓ આમ એકીસાથે કામ કરતી જોવાનો પ્રસંગ કેટલાકને પહેલવહેલો જ હતો, એટલે એ વિભાગમાં ખૂબ હલચલ થઇ રહી હતી ને કારખાનાની ત્યાં આગળ મળેલી એ કુતૂહલભરી માનવમેદનીની જમાવટથી હરકોઇને લાગતું હતું કે ત્યાં કંઈક અસાધારણ કામ ચાલી રહ્યું છે.

એટલામાં તો એ બધાંની વચ્ચેથી માર્ગ કરવા ભૂંગળું માર્યા કરતી મોટર દાખલ થઈ. તે કારખાનાના દરવાજામાં ધસારાબંધ પ્રવેશી ઊભી રહી કે તરત તેમાંથી ઈંતેજાર છતાં મક્કમ છટાભર્યો એક યુવાન ઊતર્યો. લાગલો જ ત્યાંના ભઠ્ઠાનો અંગ્રેજ અધિકારી 'હલ્લો મિ. કરમારકર' કરતો સામે આવ્યો ને ભઠ્ઠીમાંથી નીકળતી જ્વાળાઓના રંગ સામે જોતો બોલ્યો: 'હું ધારું છું કે રસ તૈયાર થઈ ગયો છે. તમારી જ અનુમતિની હવે અમે રાહ જોઈ રહ્યા છીએ.' આડત્રીસ વર્ષના જુવાન વિનાયક કરમારકરે, સામે ઊભેલા લશ્કરને નિહાળતા વીર સેનાપતિ પેઠે ફરી વાર એ જ્વાળાઓ



નીરખી આંખો ચમકાવીને કહ્યું, 'બરોબર! ચાલો, હવે પહેલાં રસ રેડનારા સાંઢિયાનો કયાસ કાઢી લઇએ.' અંગ્રેજ અધિકારીએ જરા ખભો ઊંચો કરી હોઠ ચડાવ્યો: 'એમાં કયાસ કાઢવાની શી જરૂર છે? રસ સાથે સંચાઓનું વજન ૪૦ ટન છે અને એક જ સાથે તે છયે સાંઢિયા ઉઠાવશે.' પણ નહિ. વિનાયક કરમારકરને અત્યારે કોઈ પણ બાબત અંદાજ કે અટકળ પર છોડવાનો ખયાલ સરખો પણ મંજૂર ન હતો. એક નાની પણ સરતચૂક કે જરા પણ ગલતી આજના કાર્યક્રમમાં થાય તો તેના જીવન પર ધૂળ અને સર્વનાશ ફરી વળે એવો મામલો હતો. એટલે અંગ્રેજ અધિકારી કચવાતો રહ્યો છતાં સાંઢિયાઓ તે ભાર બરાબર ઊંચકશે કે નહિ તે તપાસી જોવાનો તેણે હુકમ કાઢ્યો. અને ખરેખર, માપ પ્રમાણે વજનો ચડાવી સાંઢિયા ચલાવી જોયા તો તેમાં એકની સાંકળ તૂટી પડી અને વજન નીચે પછડાયું!

આવી દૂરંદેશી અને સાવચેતી આજના કામની એકેએક વિગતમાં વાપરવામાં આવતી હતી, કેમકે ચૌદ ફીટ ઊંચાઈની ને ચૌદ ટન વજનની શિવાજી મહારાજની ઘોડેસવાર મૂર્તિ એક જ ઢાળે ધાતુમાં ઉતારવી એ આજના પ્રયોગનો કટોકટીભર્યો મામલો હતો. જો આજે એકાદ બાબતમાં પણ ભૂલ થાય,—રસ પૂરો પડે નહિ, અથવા ઢાળો ફાટે, કે વાયુના પરપોટા પેસે, કે ગમે તે કારણે પ્રયોગ ખાલી જાય—તો બીજી વાર રસ તૈયાર કરવાની કે ઢાળો સુધારવાની તક અથવા વખતની મર્યાદા જરાપણ પહોંચે એમ નહોતું. જિંદગીનું બધું વટાવીને આ કામ પાછળ ખર્ચેલા હજારો રૂપિયાનો પાઈ પણ બદલો મળવો તો બાજુએ રહ્યો, પણ નામોશી અને હરીફોના કઠોર ઉપહાસના ભયંકર ભોગ થવાનું જ લખાઇ રહ્યું હતું; જેનો સામનો કરવા કરતાં એકાંતે ઝેર પી લેવાનું ગમે તેવો બહાદુર પણ પસંદ કરે એવી નિરાશા આવવાનો મામલો હતો.

હિંદુસ્તાનભરમાં કોઈ પણ કલાકારે કે કારીગરે આજસુધી કદી નહિ ઉઠાવેલું એવું મહાભારત કામ તે આ મૂર્તિનો ઢાળો ગણાતું હતું. મોટી મોટી કંપનીઓએ તે હાથ પર લેવાની ધસીને ના પાડી હતી, અને પી. ઍન્ડ ઓ. કંપનીએ પણ પોતાના દોઢસો કામદારોના સંઘને અને તેના મૅનેજરને આ કામ માટે શ્રી કરમારકરની સરદારી તળે મૂકયા હતા તે પણ સર્વ કંઈ જોખમ, જવાબદારી અને પરિણામ તેમના ઉપર રહેવા દઇને જ. અઠવાડિયાથી જ મુંબાઇનાં પત્રોમાં તેમના હરીફોએ આ કામનું વગોણું કરવામાં બાકી રાખી નહોતી; પણ તેમની આ ચળવળથી બીજી રીતે લોકો, સરકાર અને પત્રકારોની નજર આ કામના પરિણામ પર ખેંચાઈ રહી હતી. 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'નો ખબરપત્રી રોજેરોજની હકીકત નોંધી જતો હતો અને તેના ખુદ અધિપતિ પણ એક વાર જાતે પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા આવી ગયા હતા.

મૂર્તિના માત્ર તલવારવાળા લંબાવેલા હાથ સિવાયનો બાકીનો સર્વ ભાગ એકી જ વખતે ઢાળામાં લાવવા માટે કેટલીક તરકીબો અને રચનાઓ કરવામાં આવી હતી, જેની વાત અને મુશ્કેલીઓ એ ધંધાથી અજ્ઞાત વાચકોને સમજાવવી મુશ્કેલ છે; પણ જીવનભર જેણે આગળ ધસવાનો જ મનોવિગ્રહ ખેડ્યા કર્યો હતો એવા શ્રી કરમારકરે એ એકેએક બાબતમાં પોતાનાં પ્રાવીણ્ય અને શક્તિની પ્રતીતિ કરાવી હતી. સૌ પહેલાં માટીનું પૂતળું તૈયાર કરવું, તે સંપૂર્ણરીતે મંજૂર કરાવવું, તે પરથી તેના જુદાજુદા વિભાગ કરીને નાનાં નાનાં બીબાં કરી આખું પ્લાસ્ટરમાં ઉતારવું, તે પરથી વળી પાછું ધાતુ ઝીલે એવા થરમાં ઓકું ઘાલી મીણનું પૂતળું ગોઠવી પોલાણ તૈયાર કરવું, અને તેમાં ધાતુ ઉતારવાના માર્ગો રાખી ધાતુની જરૂરિયાતનો હિસાબ કાઢવો,—આ દરેક બાબતમાં જોઈતી કુશળતા, દૂરંદેશી અને સંપૂર્ણતા તથા સામાન અને વખત તેમની શક્તિને પૂરી કસોટીએ ચડાવી ચૂકયાં હતાં.

આખરે રસ રેડાયો અને ત્રણ દિવસે તે ઠર્યા બાદ બીબું ખોલવાને વખતે ફરી વાર માનવસાગરની ત્યાં મોટી છોળ આવી. ડૉક પર લોકો સમાતા નહોતા. ફરીવાર એ વામનકાય શિલ્પીએ ધડકતે હૈયે બીબાં તોડી પૂતળું ઊંચકવા સાંઢિયા યંત્રોને હુકમો આપ્યા. સૌની આતુરતા ને ઘોંઘાટ વચ્ચે પાતાળમાંથી નીકળતા કોઈ દેવ સમો, ધાતુનો ઘોડેસવાર અણીશુદ્ધ લોકોના સાગર વચ્ચે ઊભેલો દેખાયો અને માનવમેદનીએ આનંદનો પોકાર કર્યો.

થયું; નિંદાખોરોની જીભો સિવાઇ ગઈ;



ગોપકુમાર: સૌરાષ્ટ્રમાં ગોંડળના મહારાજાનું શિલ્પ કરતાહતા તે દરમ્યાન ત્યાંનાં ગ્રામપાત્રોનાં અનેક શિલ્પો પૈકીનું એક. મૂર્તિવિધાનમાં પાત્રોનાં અંગસૌષ્ઠવ ને વસ્ત્રોની ખૂબી એના જેટલી સફળતાથી કોઈ ઉતારી શક્યું નથી.

કલાકારનો કીર્તિધ્વજ ફડફડાટ કરતો ઊંચકાયો. ખુદ 'ટાઇમ્સે' બે પાનાં ભરી કલા અને ક્રિયાના આ અદ્ભુત કૌશલ્યનો દુંદુભિનાદ કર્યો. જગત આખું જાણે એમ ભારતીય કલાપ્રતિભાનું નેજ ઝળહળી રહ્યું; કેમકે દુનિયાભરમાં આવી રીતે ઢળાએલાં, આવડા મોટા કદનાં, સળંગ એક જ ઢાળાનાં બાવલાં આંગળીને વેઢે ગણાય એટલાં જ છે. હિંદમાં તો બીજું છે જ નહિ. કરમારકર ન હોત તો ભારતના કીર્તિમંદિર પર કોઈ પરદેશી કલાકારની કલાનો કળશ જ ચડવાનો હતો; કરમારકરે આ કામ છેલ્લી ઘડીએ ન સ્વીકાર્યું હોત તો કારોબારી કમિટી તેનો ઑર્ડર પરદેશ મૂકવાનો નિશ્ચય કરી ચૂકી હતી.

શક્તિ અને શૌર્યવાળા યુવાન વિનાયકરાવ ભારતની પ્રતિભાનું આવું અપમાન સાંખવા તૈયાર નહોતા. મુદત થોડી હતી, સાધનોની શંકા હતી, જાતીય કલાકારોમાં વિદ્વેષ થવાનો સંભવ હતો, પણ હિંદમાં આવું કામ ન બની શક્યું એવું કહેવડાવવા એમની વીરશ્રી તૈયાર નહોતી. તુરત કામ હાથમાં લીધું અને આપેલી મુદતમાં ઘોડેસવાર સહિત માટીકામ તૈયાર કર્યું. તે પછી જ્યારે ઉપર વર્ણવેલી ધાતુમૂર્તિ તૈયાર થઈ ત્યારે તેને જાહેરમાં મૂકવાના ઉત્સવ આડા માત્ર દસ દિવસ બાકી હતા.

પોતાનું કામ ઊકલી ગયું એટલે કરમારકરે સમિતિને તાર કર્યો કે કામ તૈયાર છે, માટે શરત પ્રમાણે અહીં આવીને સંભાળી લો. સમિતિએ હાશ માની; પણ હજુ શ્રી કરમારકરની વધુ કસોટી લેવી હોય તેમ સામો તાર કર્યો કે 'અમારે ખર્ચે ને જોખમે પૂતળું પૂના પહોંચતું કરી આપો.' પૂરી આફત! આવડા જંગી માપનો દાગીનો જી.આઇ.પી. રેલવેના સાંકડા બુગદા વટાવીને તથા પહાડો ચડાવીને શી રીતે પૂના પહોંચતો કરવો? મોટરનો માર્ગ તો કેવળ અશક્ય હતો. રેલવેએ પણ ના પાડી!

આખરે શ્રી કરમારકરે જી. આઈ. પી. રેલવેના મુખ્ય સત્તાધીશ (રેલવે એજન્ટ) પાસે જાતે જઈ પોતાની હકીકત રજૂ કરી અને તેમને પૂતળું જોવા ખેંચી આણ્યા. આ પરાક્રમભરી કલાકૃતિ જોઈ એ યુરોપિયન ગૃહસ્થ આશ્ચર્યચકિત થઈ ગયો અને પોતાની રેલવે આવો દાગીનો પહોંચાડશે તો તેનું પણ ગૌરવ વધશે એમ વિચારી તે માટે જોઇએ તેટલી સહાય, સગવડ અને તરકીબો આપવા વચન આપ્યું. રેલવે કંપનીનો એજન્ટ એટલે રેલવેનો રાજા. પછી તો પૂછવું જ શું? રેલવેના કારખાનામાં એક ખાસ વૅગન તૈયાર કરવામાં આવ્યું. તેની ઉપર ગોળચક્કર ફરે એવી પીઠ બનાવી. પૂના જતા રેલવેના રસ્તે આવતા દરેક બુગદા(ટનલ)નાં માપ લેવામાં આવ્યાં અને તેમાંથી જરૂર પડે તેમ ત્રાંસમાં ફેરવીને મૂર્તિને પસાર કરી શકાશે કે કેમ તેની ચોક્કસાઈ કરવામાં આવી. પછી બહુ જ સંભાળથી એ ધાતુમૂર્તિ વૅગન પર ચડાવી અને ખાસ એન્જિનોથી ખેંચાતી એ સવારી, દરેક બોગદાના મોં આગળ અટકતી તથા યંત્રોની મદદથી ગોળ ફરતી પીઠ પર મૂર્તિને જરા ત્રાંસમાં નમાવી આગળ વધતી, દસ કલાકે એસ્તેકબાલ પૂના પહોંચી— જાહેરમાં મૂકવાના આઠ દિવસ આગમચ જ આમ શિવાજી મહારાજની આ જયવંતી મૂર્તિએ (જુઓ સાથેનું ચિત્ર) શ્રી કરમારકરને હિંદના શિલ્પકારોમાં પ્રથમ પદ અપાવ્યું.

એ પદથી તો એમની કલાસંપત્તિ ને આત્મસમૃદ્ધિનો આંક માત્ર દેખાય; પરંતુ પોતાના સમસ્ત જીવનમાં જે એકધારી ઉપાસના, શૌર્ય, બલ ને વિચક્ષણતા વડે એમણે પ્રવીણતા પ્રાપ્ત કરી છે તે સમજવાને એમના જીવનપટ પર સળંગ નજર નાખવી જોઈએ.

મુંબાઇ પાસે અલીબાગ તાલુકાના સાસવણ ગામમાં એક મધ્યમ સ્થિતિના ચિત્તપાવન બ્રાહ્મણ કુટુંબમાં ઈ.સ. ૧૮૯૨માં વિનાયકરાવનો જન્મ થયો હતો. તેમની પરંપરાની જાગીર તેમના પૂર્વજોના વખતમાં વેડફાઇ ગઈ હતી અને કુટુંબનિર્વાહની મુશ્કેલી દૂર કરવાને તેમના દાદાએ ગણપતિ-ઉત્સવો માટે ગણપતિની મૂર્તિઓ બનાવવાનો ધંધો શરૂ કર્યો હતો. તેમાં તેઓ નભ્યા પણ ઠીક. બાળક વિનાયકને આમ નાનપણથી જ માટીની મૂર્તિઓ કરવાની પરંપરાગત તાલીમ દાદા પાસેથી મળી હતી અને તેઓ ઘરના ધંધામાં સહાય કરવા લાગ્યા હતા. એમના પિતા પાંડોબાના ગણપતિ પણ આખા મુંબાઈમાં વખણાતા; છતાં એમના મોટા કુટુંબનું ભરણપોષણ કરવામાં એમને સાંસા પડતા.

દસ ભાંડુઓમાં સૌથી નાના આપણા વિનોબા કરમારકરને ગામડાની શાળામાં પ્રાથમિક શિક્ષણ મળ્યા ન મળ્યા જેવું હતું, કારણ




કે ઘરના ધંધામાં પિતાને મદદગાર થવાની જરૂર હતી. મૂર્તિકામમાં તો, જાણે તે શીખીને જ જન્મેલા ન હોય એવી ચપળતા ને કુશળતા તેમણે થોડા વખતમાં બતાવી દીધી.

એ અરસામાં કોલાબા જિલ્લાના આસિ. કલેક્ટર મિ. ઑટો રૅાથફીલ્ડનો મુકામ તેમના ગામે થયો. ગામમાં ફરતાંફરતાં એક દેવળની ભીંત પરનાં કેટલાંક ચિતરામણ સાહેબની નજરે પડચાં અને તરત તે તેના ચીતરનાર માટે તપાસ કરવા લાગ્યા. ચિત્રોમાં શિવાજી મહારાજની છબિ પણ હતી, એટલે ગામના લોકો ગભરાયા કે ચીતરનારનું આવી બન્યું; કેમકે એ વખતમાં—ઈ.સ. ૧૯૦૮માં તો તિલક મહારાજ કે શિવાજી મહારાજનું નામ માત્ર લેનાર ગુનેગાર ગણાતો તથા જેલયાત્રા પામતો; અને તેમાં યે ઑટો રૅાથફીલ્ડનું નામ પડે ત્યાં તો લોકો થથરતા. એ સાહેબ પેલા ચિતરામણના કર્તાને શોધે છે એવી વાત ગામમાં ચાલી એટલે વિનોબાના ઘરમાં ગભરાટ છૂટચો, કારણ કે એ તો ભાઈની જ કૃતિઓ હતી. વળી તેણે કૈંક વિદ્યાર્થીસભા ને પૈસાફંડની પ્રવૃત્તિઓ ચલાવી હતી, એટલે પિતાની સાથે જ્યારે સાહેબની હજૂરમાં જવાનું થયું ત્યારે તો ખાતરીથી માન્યું કે કંઈ ને કંઈ સખત સજા(જેલ કે દંડ) આવી પડવાની જ! પાંડોબા સીધી લાઈનના માણસ હતા એટલે જે થવાનું હોય તે થાય એમ હિંમત ધરી સાથે ગયા.

પણ રૅાથફીલ્ડ સાહેબને રૂબરૂ મળતાં જ પરિસ્થિતિનો રંગ ફરી ગયો અને ભયમાત્ર ઊડી ગયો. સાહેબે તો કહ્યું કે ચિત્રો જોઈ પોતે બહુ ખુશ થયા હતા ને તેથી રૂબરૂ મળવા બોલાવ્યા હતા. એમણે નાના વિનોબાની બધી હકીકત જાણીને પછી પૂછ્યું, 'તું માટીમાં મારો ઘાટ ઉતારી શકે ખરો?' વિનોબાએ તરત જ તે કામ કરી બતાવવા ખુશાલીથી સ્વીકાર્યું ને ઘેરથી માટી મંગાવી થોડા જ વખતમાં તે કરી બતાવ્યું. સાહેબે એ જોઈ ખૂબ આનંદ બતાવ્યો અને દસ રૂપિયાની નોટ ઇનામ તરીકે હાથમાં મૂકી. શ્રી કરમારકર આજે પણ કહે છે કે રૅાથફીલ્ડ સાહેબની કદરદાનીથી મળેલા એ દસ રૂપિયાએ જે આનંદ આપ્યો હતો તેવો ફરી જીવનમાં હજારો રૂપિયા કમાયા છતાં પોતાને કદી મળ્યો નથી. સાહેબે પાંડોબાને કહ્યું, 'આવા ચાલાક છોકરાને વિશેષ અભ્યાસ માટે મુંબાઈની આર્ટ સ્કૂલમાં મોકલવો જોઇએ.' પાંડોબા કહે, 'સાહેબ, ઘરનો ખર્ચ જ માંડમાંડ પૂરો થાય છે ત્યાં મુંબાઈ કેવી રીતે મોકલું?' સાહેબે કહ્યું, 'તમે ફિકર ન કરો, હું તેને દર માસે પંદર રૂપિયાની સ્કૅાલરશિપ આપીશ.' અને તે પછી તેમણે એ રકમ નિયમિત રીતે મોકલ્યા કરી. એવો કલારસિક ને વિદ્વાન અંગ્રેજ અફસર મુંબાઈ ઈલાકામાં ભાગ્યે જ આવ્યો હશે.

મુંબાઈની આર્ટ સ્કૂલમાં વિનાયક કરમારકરની પ્રગતિ ને સફળતા બહુ જ ત્વરિત થઈ. પહેલા જ મહિનામાં રૂ. ૧૮ની એક સ્કૅાલરશિપ ત્યાંથી મળી, અને પછીનાં ત્રણ વરસમાં યે દરેક પરીક્ષાને અંતે ઇનામ કે સ્કૅાલરશિપ તે જીતતા જ રહ્યા. ઈ.સ. ૧૯૧૩માં પોતાની કારકિર્દીને અંતે શાળાનો શિલ્પ વિભાગનો મેયો મેડલ પણ તેમણે મેળવ્યો. અભ્યાસ દરમિયાન વિનોબાને અંગ્રેજી જ્ઞાનની જરૂર લાગી એટલે રાત્રિશાળાના વર્ગોમાં જઇ પોતાના પરિચય ને કામ પૂરતું તે જ્ઞાન પણ મેળવ્યું.

અભ્યાસ અને સિદ્ધિ તો મેળવ્યાં, પણ હવે આગળ શું? શાળા છોડચા પછી ધંધાનું કામ મેળવવાને એમને બહુ જ ફાંફાં મારવા પડચાં. શ્રી મ્હાત્રે જેવા સુપ્રસિદ્ધ અને વયોવૃદ્ધ મૂર્તિકારની દરમ્યાનગીરીથી વખતોવખત તેમને થોડું કામ મળી રહેતું. ઉપરાંત ખાનદેશ જિલ્લાના જળગામમાં એકબે સારાં કામ મિ. રૅાથફીલ્ડની મદદથી મળ્યાં હતાં. પણ મુંબાઇ ઇલાકામાં તેમને ધંધાનો બહુ વિચિત્ર



ડાબી બાજુ: ગોંડલ મહારાજાનું શિલ્પ; જમણી બાજુ: ખંડેરાવ ગાયકવાડનું શિલ્પ કરતા.

અનુભવ થયો. તે પરથી તે કલકત્તાના ક્ષેત્રમાં નસીબ અજમાવવા ગયા. ત્યાં કંઈક અનુકૂળતા મળી અને જેમતેમ જીવનવિગ્રહ વેઠતાં એમણે પાંચ વર્ષ ત્યાં ખેંચી કાઢયાં.

એ પછી તેમના શુભેચ્છકો તેમજ વાડિયા ચૅરિટી ફંડમાંની સહાય વડે તેમણે ઇંગ્લંડનો પ્રવાસ ખેડયો. ત્યાં પણ અહીંના મિત્રોએ લંડનના મોટા કલાકારો કે. રૅાબર્ટસન, મિ. મેરીફીલ્ડ, આલ્બર્ટ ટૉફ્ટ વગેરે સાથે એમનો સંબંધ કરાવી આપ્યો. કે. રૅાબર્ટસનનું એક પ્લાસ્ટર બસ્ટ એમણે ત્યાં જઇને પ્રથમ જ કરેલું તે એટલું બધું વખણાયું કે ઈંગ્લંડની ૧૯૨૧ની રૅાયલ ઍકૅડેમીના પ્રદર્શન માટે તે સ્વીકારાયું. રૅાયલ ઍકૅડેમીનું સ્થાન ખુદ ઇંગ્લંડના કલાકારો માટે પણ અતિ દુષ્પ્રાપ્ય ગણાય છે. હિંદી કલાકારની કૃતિ ઍકૅડેમીમાં સ્થાન મેળવે એ આ પહેલો જ પ્રસંગ હતો.

લંડનમાં તે શિલ્પના વર્ગમાં તો કામ કરતા પણ ધાતુ ઢાળવાનાં મોટાં કારખાનાંઓમાં કોઈ તેમને દાખલ કરતું નહોતું, એટલે મિ. ટૉફ્ટની ભલામણ લઈ મૂર્તિકામ ઢાળનારી આલ્બિયન આર્ટ ફાઉન્ડ્રીમાં તે મજૂર તરીકે દાખલ થયા! અંદર પેઠા પછી તો તેમણે બધા કારીગરોને પોતાની કુશળતાથી ખુશ કરી મિત્રો બનાવી લીધા અને ધાતુમાં મૂર્તિ ઢાળવાનું કામ ચાર જ માસમાં અથેતિ સિદ્ધ કર્યું. આ બધા વખતમાં વચ્ચેવચ્ચે મહત્ત્વનાં ચિત્રાલયો, કલાસંગ્રહો, મ્યૂઝિયમો જોઇ નાખ્યાં તેમજ ફ્રાંસ તથા ઇટલીના સુપ્રસિદ્ધ મૂર્તિકારોનાં કલાગૃહોની મુલાકાત લઈ પાછા ૧૯૨૨માં હિંદુસ્તાન આવી, કલકત્તાના સ્ટુડિયોમાં ધંધાનું 'પુનશ્ચ હરિઃ ૐ' કર્યું.

તે પછીનાં ચારેક વર્ષનો જીવનવિગ્રહ કપરામાં કપરો નીવડયો. કામ મળતું નહિ અને ખર્ચના ખાડા પૂરવાની મુશ્કેલીઓ દિનપ્રતિદિન વધતી જ જતી હતી. પ્રદર્શનોમાં તેમની કૃતિઓ પર ચાંદો અને ઈનામો ચારે તરફથી આવતાં, પરંતુ તેથી શો શુક્રવાર વળે?

ઈ. ૧૯૨૫માં કોલ્હાપુરના મહારાજા કલકત્તા ગયા હતા તે વખતે તેમની શક્તિ તથા કળાથી પ્રસન્ન થઇ એમણે રાજમાતાની પ્રતિમા કરવાનું કામ તેમને સોંપ્યું. આ કૃતિથી તેમને સંતોષ થયો એટલે 'અખિલ ભારત શિવાજી સ્મારક સમિતિ'ના પ્રમુખ તરીકે તેમણે કરમારકરને માટે ખાસ ભલામણ કરી; પણ તે કામ પ્રખ્યાત શિલ્પી શ્રી મ્હાત્રેને સોંપાયું. સમિતિને શિવાજી મહારાજની ત્રીજી શતાબ્દી ૧૯૨૭ના જૂનમાં પૂના ખાતે ઊજવાય ત્યારે એ કામ સંપૂર્ણ જોઇતું હતું; પણ શ્રી મ્હાત્રે, વખત ભરાઇ ગયો ત્યારે પૂરું માટીનું કામ પણ પાર પાડી શકયા નહિ અને મુદત ઉપર બે માસ વીતી ગયા. સમિતિ પાસે હવે સમય ટૂંકો હતો અને વખતસર કામ મેળવવા તે અધીરી બની હતી. તેણે શ્રી કરમારકરને તે કામ માટે આવાહન કર્યું. તેમનો વિચાર શ્રી મ્હાત્રેની સામે પડી એ કામ ન જ કરવું એવો હતો; પણ સમિતિએ તો ઉછાળો માર્યો કે હવે કોઇ હિંદી કલાકાર એ કામ નહિ લે તો પરદેશના કલાકારને તેઓ એ ઑર્ડર સોંપી દેશે. આથી ભારતની શાન સાચવવા વિનાયકરાવ તે કામ ઉપાડવા તૈયાર થએલો.

તે પછી ઈ. ૧૯૩૦માં મુંબાઇની આર્ટ સોસાએટીએ શ્રી કરમારકરના 'માછીમારની કન્યા' નામના સુંદર શિલ્પ ઉપર સુવર્ણચંદ્રક આપ્યો; પણ હવે તેમને આવી કદરની જરૂર ન હતી. કારકિર્દી જામી ગઇ હતી. તેમાં સૌરાષ્ટ્રમાં ગોંડલ મહારાજાનાં બે મોટાં આરસનાં પૂતળાં સંપૂર્ણ કરી તેમણે વડોદરા માટે સ્વ. ખંડેરાવ મહારાજનું ઘણા મોટા માપનું પૂતળું, તેમજ રાજકોટ નરેશ લાખાજીરાજની મૂર્તિનું કામ પણ લીધું. સૌરાષ્ટ્રના વસવાટ દરમિયાન તેમણે જે થોડાં ગ્રામપાત્રોને મૂર્ત સ્વરૂપ આપ્યાં છે તે તેમની કલ્પનાકૃતિ ને હસ્તલાઘવનાં સાક્ષી છે. વાસ્તવિકતાને જરા પણ ખંડિત થવા દીધા વિના પાત્રનાં અંગસૌષ્ઠવ તે અચૂકપણે રજૂ કરી શકે છે. અને વળી મૂર્તિવિધાનમાં વસ્ત્રોની ખૂબી તો એમના જેવી હજુ બીજે હિંદી શિલ્પી સફળતાપૂર્વક ઉતારી શકયો નથી.

'કુમાર'નું નવલિકા-નાટિકા પારિતોષિક

'કુમાર'માં આખા વર્ષ દરમ્યાન આવેલી મૌલિક વાર્તા-નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને દર વર્ષે અપાતું રૂપિયા ત્રીસનું પારિતોષિક ૧૯૫૮ના વર્ષ માટે તેમની નાટિકાઓ માટે પ્રો. રમણલાલ શાહને આપવાનું તેના નિર્ણાયક પ્રા. અનંતરાય રાવળે ઠરાવ્યું છે. પ્રો. રમણલાલ શાહને અમે અભિનંદન આપીએ છીએ અને પ્રા. રાવળનો આભાર માનીએ છીએ.

આ પારિતોષિક આ વર્ષે પણ ચાલુ રહે છે.

સાહિત્યસંપર્ક

સૂરમંગલ : શ્રી હસિત બૂચના આ સંગ્રહમાં પ્રસ્તુત પદ્યકૃતિઓના પ્રકારની ઓળખ આપતાં 'પુરોવચન'માં શ્રી ડોલરરાય માંકડ લખે છે: 'સગીતમાં ગાવાનાં હોવાથી આને સંગીતરૂપકો કહીએ; પણ અહીં બધે જ સાત્ત્વિક અભિનયને પ્રધાનપદ મળતું નથી, એટલે હું આને ઉપરૂપકો કહેવા પ્રેરાઉં છું.'

શબ્દોના સંગીત અને અર્થના ઉપયોગનું ઔચિત્ય શ્રી હસિત બૂચની કલમને સહજ છે. આછુંપાતળું યે જે વસ્તુ અને પાત્રજગત આ પ્રકારને છે, તથા 'કલા' જે તેનો સાહિત્યપ્રાણ છે, એ પર પુરોવચનમાં કંઈ પ્રકાશ પોડવામાં આવ્યો નથી. પદ્યપ્રકારોની ઇયત્તા સાથે તેની ગુણવત્તા ઊતરવા ન પામે એનો, અરધા સૈકા પહેલાં 'કાન્તે' અજમાવેલો ખંડકાવ્યનો પ્રકાર આજના પ્રત્યેક સર્જક પ્રયોગકાર માટે ઉદાહરણ રૂપ છે. પ્રકાશક : ભારત પ્રકાશન, ૪૪ કલ્યાણભવન, અમદાવાદ; રૂ. ૧·૭૫.

સર્વોદય-વિજ્ઞાન : 'આપણા સવાલોની વિચારણા કરતી વખતે આપણે હમેશાં શાંતિમય સાધનો દ્વારા પાયાના ઉકેલનો વિચાર કરવાનો છે અને આપણી સામે જે કાંઈ સર્જાએલું છે તેના આંતરિક પાયામાં રહેલી જીવનશક્તિની પુરાણી વેદાંતની વિચારધારા નજર સમક્ષ રાખવાની છે.' —પં. જવાહરલાલ.

સર્વોદયનું જે શાસ્ત્ર આપણે ત્યાં વિકસ્યું એને ઉપર કહ્યું એવા વ્યાપક અને ઊંડા અર્થમાં ઘટાવવાનો સૈદ્ધાંતિક અને સક્રિય પ્રયાસ કરનારા આપણા પં. જવાહરલાલ, દાદા ધર્માધિકારી, વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણ, પ્યારેલાલ, નારાયણ દેસાઈ જેવા સંનિષ્ઠ ચિંતકોનું વિચારસ્વારસ્ય, સર્વોદયવિચારની આ હાથપોથીમાં એકઠું કર્યું છે. સંપાદક : શ્રી ભોગીલાલ ગાંધી; પ્રકાશક : ચેતન પ્રકાશન ગૃહ પ્રા. લિ. વડોદરા; રૂ. ૩·૫૦.

જમા-ઉધાર : અંગ્રેજી પ્રહસન 'બ્રાથ એન્ડ્ઝ મીટ'ના શ્રી. ભ. હી. ભૂખણવાળાએ કરેલા આ ત્રિઅંકી રૂપાંતરમાં તેના સંવાદો અને કથાદૃષ્ટિ તો એટલાં સ્વાભાવિક છે કે રૂપાંતરની ગંધ સરખી ન આવે. પરંતુ ઈંગ્લંડના અને અહીંના કાયદાના ફેરને કારણે અસ્વાભાવિકતા લાગે છે. મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબાઈ-૨; રૂ. ૨.

શબ્દકથા : ઘોઘર · હાઉ · બાઉ

ગયે વખતે 'બિલાડી'નાં નામ ગણાવતાં એક બાકી રાખેલો : 'ઘોઘર'. 'ઘોઘર' એટલે ભારે માથાનો જંગલી બિલાડો. એને બાકી એટલા માટે રાખેલો કે અર્થની દૃષ્ટિએ તેની નાત 'મીની' વગેરે શબ્દો કરતાં કાંઈક જુદી પણ છે. 'ઘોઘર' વિશેષ તો વપરાય છે બાળકોને બીક ને ધાક દેખાડવા—રડતાંને છાનાં કરવા. એ માટે 'ઘોઘર', 'બાઘડો', 'બાઉ' (કે 'બહાઉ')ને 'બાવો' એટલાને આપણે બોલાવીને ખડા કરીએ છીએ.

સંસ્કૃતમાં ઘુર્ઘુર એટલે 'ઘુરઘુરાટ'. લડતાં બિલાડાંને મધરાતે સાંભળતાં પ્રતીતિ થાય કે આનું નામ ઉચિત રીતે તેના અવાજ ઉપરથી પાડયું છે. સંસ્કૃત काक-કાગડો, ને टिट्टिभ—ટીટોડી, હિન્દી ઘુગ્ઘૂ-ઘુવડ, અંગ્રેજી 'કૂકુ'–કોયલ, વગેરે નામ તેમના વિશિષ્ટ અવાજનાં જ સૂચક છે.

જાડા ને કાંઈક તરડાએલા ઘાંટાને આપણે 'ઘોઘરો સાદ' કહીએ છીએ તેમાં પણ થોડોક 'ઘોઘર' ડોકાય છે. 'ઘોઘરો સાદ', 'માંજરી આંખો' ને 'બિલ્લીપગો'–આટલામાં આપણી ભાષાએ બિલાડીનાં મુખ્ય લક્ષણો તારવી લીધાં! ઘુરઘુરાટ, હિંસક આંખો, કદીક કાળો રંગને, ચોરીછૂપી ભરેલી રીતભાત 'ઘોઘર'ને બાળકોની ભયમૂર્તિ બનાવે છે. તે જ પ્રમાણે બીજી ભયમૂર્તિ 'બાઘડો' એટલે વાઘ તે હિન્દી 'બાઘ' (સંસ્કૃત व्याघ्र) ઉપરથી આપણે ત્યાં આવ્યો.

ત્રીજી ભયમૂર્તિ 'હાઉ' મૂળમાં તો કન્નડ ભાષાનો શબ્દ છે : 'હાવુ'=સાપ.

જેમ 'બિલાડો', 'વાઘ' ને 'સાપ' એ ભયંકર પ્રાણીઓનો બિવરાવવા માટે ઉપયોગ થાય છે, તેમ વિચિત્ર દેખાવવાળી વ્યક્તિઓનો પણ તેવો ઉપયોગ આપણે કરીએ છીએ. 'બાઉ' અથવા 'બહાઉ' (અજાણી ને વિચિત્ર દેખાતી સજીવ-નિર્જીવ વસ્તુ માટે પણ એ બાળભાષામાં વપરાય છે) શબ્દનું મૂળ છે वाहुक. નળરાજાને તક્ષક નાગ ડસતાં તેનું કાળુંકૂબડું રૂપ થઈ ગયું, ત્યારે તે 'બાહુક' નામે ઓળખાતો. 'બાવો'નું પણ તેવું જ છે. ઘણુંખરું તો બાવાસાધુનો વિચિત્ર ચહેરોમહોરો ને વેશભૂષા એ જ એમની પ્રતિષ્ઠા હોય છે.

—હરિવલ્લભ ભાયાણી

લિપિકા

"આજના વ્યાપક શબ્દપ્રપંચમાં જીવનના અંતરતમ સુધી પહોંચવાની શક્તિ અને વૃત્તિ ઓછાં ને ઓછાં થતાં ચાલ્યાં છે ત્યારે, એ શક્તિ અને વૃત્તિને પ્રેરણા અને પોષણ આપતું કોઈ પણ પ્રકાશન સત્કારણીય ગણાય. સ્વ. રવીન્દ્રનાથ ઠાકુરકૃત 'લિપિકા'નો અનુવાદ પ્રસિદ્ધ કરીને કુમાર કાર્યાલયે એવું જ એક સત્કાર્ય કર્યું છે. અનુવાદક ભાઇ વિનોદ કોઠારીએ 'પ્રાર્થભૂમિકા'માં જણાવ્યું છે તેમ, 'અત્યંત સરળ ભાષામાં જીવનનાં સૂક્ષ્મ સત્યો મૂકી દેવાં એ બહુ જ મોટી કળા છે,' અને એ કળા વર્તમાન યુગમાં તો કોઈ ટૉલ્સ્ટૉય, કોઈ જિબ્રાન કે કોઇ રવીન્દ્રનાથને જ સાધ્ય થઈ શકે; કારણ એ કેવળ વૃત્તિસાધ્ય નથી, તપસાધ્ય છે.

'લિપિકા'ની ખૂબી એ છે કે વાર્તારસિકને એમાંથી વાર્તારસ મળી રહે છે, જ્યારે જિજ્ઞાસુને એમાંથી ઉપનિષદાદિની આર્યવાણીનું નવનીત સાંપડે છે. રવિબાબુએ વિવિધ પ્રકારે એનું આલેખન કર્યું છે, જેને કોઈ પણ એક સમૂહવાચક નામ આપવું મુશ્કેલ છે. કુમાર પ્રિન્ટરીની મુદ્રણવિશેષતા સાથે 'લિપિકા'નું સચિત્ર પ્રકાશન આપણે ત્યાં કાયમ સંઘરી રાખવા જેવાં જૂજ પુસ્તકોમાંનું એક બની રહે છે. (પ્રકાશક—કુમાર કાર્યાલય લિ., રાયપુર અમદાવાદ, પૃષ્ઠ ૧૧૯, કિંમત રૂા. ૨-૦-૦)

('જનસત્તા'માં શ્રી અશોક હર્ષ)

રસદ્રષ્ટા કવિવર : જેમની 'શ્રીમતી ને ઊર્જસ્વી કવિતા વડે આપણી કાવ્યસૃષ્ટિમાં જે અભિનવ સુંદરતા ને ભવ્યતા આવી છે તે કોઈ પણ સુવિકસિત સાહિત્યનો ગર્વ ને સ્થાયી ગૌરવ બની રહે તેવી અસાધારણ છે'(-વિજયરાય ક. વૈદ્ય) તે કવિવર નાનાલાલની કવિતાનો રસલક્ષી પરિચય આપવાનો પ્રસ્તુત પુસ્તકમાં, કવિશ્રીના સાહિત્યના ઉપાસક શ્રી બાલચન્દ્ર પરીખનો સહૃદય પ્રયત્ન છે.

કવિશ્રી નાનાલાલના સાહિત્યની ઉપાસનાના પ્રસાદરૂપ આવાં પુસ્તકો પાછળનો ગ્રંથનાયક માટેનો લેખકનો જે અહોભાવ છે તે સાથે એ પ્રયત્નો ગુણવિવેક દૃષ્ટિએ વિશેષ સંમાર્જિત ને સમૃદ્ધ બને એમ ઇચ્છીએ. શ્રી 'ધૂમકેતુ'ના પુરોવચન અને કવિશ્રી નાનાલાલની છબિ સાથે. પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; રૂા. ૩·૦૦.

स्याद्वाद : જૈન ધર્મની એ મહત્ત્વની જ્ઞાનશાખાની સમીક્ષા કરતી, શ્રી શંકરલાલ ડાહ્યાભાઈ કાપડિયા એ લખેલી ગુજરાતી પુસ્તિકાનો પં૦ ચંદનમલ જી. લસોડે કરેલો હિંદી અનુવાદ, પ્રકાશક : શ્રી મનુભાઈ શંકરલાલ કાપડિયા, ૧૬૫ બજાર ગેટ સ્ટ્રીટ, કોટ, મુંબાઈ ૧. રૂ. ૦·૭૫; **Jainism :** જૈનધર્મનાં સ્વરૂપ, સિદ્ધાંતો ને સેવા વિષયક અંગ્રેજી અને હિંદી લેખો, પ્રકાશક : શ્રી વલ્લભસૂરિ સ્મારકનિધિ, ૮૯ તાંબાકાંટા, મુંબાઈ-૩, રૂ. ૦-૫૦; **Mahavir :** જૈન ધર્મના છેલ્લા ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનું શ્રી સરસ્વતી રાઘવાચારીએ અંગ્રેજી ભાષામાં લખેલું ચરિત્ર, જૈન ધર્મના સિદ્ધાંતો વિષેનાં અન્ય અંગ્રેજી-ગુજરાતી લખાણો સાથે, પ્રકાશક : ઉપર મુજબ, રૂ. ૦·૨૫; **સ્મૃતિપ્રસંગો :** ભારત અને આફ્રિકાના વિવિધ સાંસ્કૃતિક પ્રવાહોનું અવલોકન અને ચિંતન, ત્રણ આર્ટપ્લેટો સાથે, લેખક : પ્રાણશંકર સોમેશ્વર જોશી, મુખ્ય વિક્રેતા : સાહિત્યસંગમ, ત્રિકોણબાગ, રાજકોટ, રૂ. ૫·૦૦; **રજકણ :** સૌ. સત્યબાલા વિલોચનરાવ દેસાઈનાં વિચારમૌક્તિકો, પ્રાપ્તિસ્થાન : મહાજન બુક ડીપો, ગાંધીરોડ, અમદાવાદ-૧.

નૂતન શિક્ષણ વિહાર : જીવનનાં બદલાતા મૂલ્યો સાથે બદલાતી જતી શિક્ષણપદ્ધતિનો, છેલ્લી અભ્યાસપ્રણાલી બુનિયાદી તાલીમને પણ સાંકળી લેતો, અનુભવી લેખકો સર્વશ્રી કાન્તિલાલ ગો. સુતરિયા અને દ. પાં. નંદુબારકરે સરળ અને વિષયગામી શૈલીમાં, શિક્ષણના સિદ્ધાંતો, શાળાવ્યવસ્થા ને શાળાસંચાલન તથા શિક્ષણની પદ્ધતિઓ, એમ ત્રણ ખંડોમાં કરાવેલો શ્રમનિષ્ઠ ને સવિગત પરિચય, પ્રકાશક : આચાર્ય બુક ડેપો, જ્યુબિલી બાગ સામે, વડોદરા, રૂ. ૩·૫૦; **ગાંધીજી સાથે જીવનયાત્રા :** મહાવિભૂતિઓના જીવન-રસાયનના આપણા પીઢ ચિંતક શ્રી ગુરુદયાલ મલ્લિકના, ગાંધીજીના જન્મદિને, અંતઃસ્ફુરિત આદરણીય અને આચરણીય વિચારો, પ્રકાશક : રૂપાયતન જૂનાગઢ, રૂ. ૦·૨૦.

રૂપાનું ઘર : સામાજિક ક્રાંતિનો પ્રધાન સૂર ગાતું, સંનિવેશની નજરવાળું ત્રિઅંકી નાટક, લેખક-પ્રકાશક : શ્રી શાંતિકુમાર કામદાર, વી. સી. ચૂડગર, રૉક સાઈડ, વાલકેશ્વર, મુંબાઈ ૬, ૨·૦૦; **અંગૂર :** ગુજરાતી ગઝલોની સર્વશ્રી 'ગરલ' વિજાપુરી અને મનહર 'દિલદાર' સંપાદિત પુસ્તિકા, પ્રકાશક : શ્રી પ્રિયકાંત મહેતા, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ, રૂ. ૦-૨૫; **વિકાસને પંથે :** ગ્રામસેવાના મૂંઝવતા પ્રાણપ્રશ્નોનાં, પ્રશ્નોત્તર રૂપે સમજાવટ ને નિરાકરણ, લેખક-પ્રકાશક : શ્રી પુરાતન બુચ, સાબરમતી આશ્રમ, અમદાવાદ-૧૩.

નેત્ર્ય, કાંતિકારક, વૃષ્ય, હૃદ્ય, બુદ્ધિપ્રદ અને વયઃસ્થાપક એવું સ્નિગ્ધ સુગંધી રસાયન

ગાયનું ઘી

લેખક · નટવરલાલ માલવી

સને ૧૯૪૦ કે '૪૧ હશે. સૂપા ગુરુકુલનો સમારંભ પૂરો થતાં, સવારની ગાડી પકડવા હું ને પં. જ્ઞાનેન્દ્રજી નવસારી સ્ટેશને આવ્યા, તો ગાડી ઊપડી ગએલી દીઠી. ચૂકી ગયા. ગામમાં પાછા ગયા, શ્રી લલ્લુભાઈ કંસારાને ત્યાં. સાતેક વાગ્યા હશે.

આઠ-સવા આઠ વાગ્યે મેં શ્રી લલ્લુભાઇને એક વિચિત્ર રમત ખેલતા જોયા. ખાટલા પર બેઠા બેઠા તેઓ પગ સાથે પગ-એટલે જમણા પાયતળિયા સાથે ડાબુ પાયતળિયું ઘસતા હતા. કેટલી ય વાર સુધી તેમણે એ ક્રિયા ચાલુ રાખી.

મને નવાઈ લાગી. મેં પૂછ્યું: 'લલ્લુભાઈ સાહેબ, આ વળી શું?'

"એ કહાણી જરા લાંબી છે. પણ તમારા જેવાએ તો તે જાણવી ઘણી ઉચિત છે. તમે એનો કંઇક સારો જ ઉપયોગ કરશો એવી મને શ્રદ્ધા છે...

મારી આંખો-એક આંખ ખાસ કરીને નબળી પડી ગઈ હતી અને તેથી તેની દવા કરવાની મને જરૂર પડી. દાક્તરો બાબતમાં મુંબાઇની ખ્યાતિ બહુ વિશેષ, અને મને ય તેનું આકર્ષણ, એટલે હું મુંબાઈ ગયા, ને આંખના સૌથી મોટા ગણાતા દાક્તરને મળ્યો..."

અમારી વચ્ચે આ વાત થયાને આજે પંદરેક વરસ થઈ ગયાં હશે,—એટલે આ બનાવને વીસપચીસ વરસ સહેજે થયાં હશે. એમાં તે વેળાના એક અતિ પ્રખ્યાત આંખ દાક્તરની વાત છે. નામ લખવું અનુચિત ને બીનજરૂરી છે. લલ્લુભાઈના શબ્દોમાં આગળ જાણીએ:

"તેમણે મારી આંખો તપાસી ને પેલી નબળી આંખમાં કંઈ દવા નાખી આપી, અને કહ્યું કે હવે કાલે આવજો. હું તો ઘેર ગયો, ને પછી જાણ થઇ કે પેલી દવાવાળી આંખથી કશું જોઇ શકાતું નથી! કલાક ગયો, બે કલાક ગયા, ચાર કલાક ગયા, પણ કશું દેખાય નહિ!

મને લાગતું હતું કે ઝાંખુંઝાંખું પણ કંઇ દેખાવું તો જોઇએ જ, તદ્દન અંધારું કેમ લાગે? એટલે હું જરા ગભરાયો.

સાંજે દાક્તરને ત્યાં દોડ્યો ને ફરિયાદ કરી કે દાક્તર સાહેબ, મને તો આ આંખે કશું દેખાતું જ નથી. એમ કેમ?

'કશું દેખાતું જ નથી? ઝાંખુંઝાંખું પણ નહિ?' દાક્તરે પૂછ્યું.

'ના, જાણે એ આંખમાંનો દીવો જ હોલવાઈ ગયો લાગે છે.'

દાક્તરે આંખ તપાસવા માંડી ને એમનું મોં પડી ગયું. કહ્યું કે હું બીજી દવા નાખી આપું છું, એટલે દેખાશે. બીજી દવા નાખીને મને બેસાડી મૂક્યો. અરધો કલાક રહીને પૂછ્યું: હવે દેખાય છે?

પણ મને તો કશું દેખાતું જ નહોતું. મેં ના કહી. દાક્તરે ફરી દવા નાખી. ફરી પૂછ્યું. પણ એમના મોં પરનો ભાવ જુદો જ હતો. આખરે એમણે કહ્યું: 'ભાઈ, હું ઘણો જ દિલગીર છું કે તમારી આ આંખમાં ખોટી દવા નંખાઇ ગઈ છે, અને એ આંખ હવે ગઇ જ. એનાથી હવે તમને દેખાશે નહિ. તમારી માફી ચાહું છું, પણ કશું જ હવે સુધરી શકે એમ નથી. મોટી ભૂલ થઇ ગઈ છે!'

થયું! હું તો અત્યંત ખિન્ન થતો થતો ઘેર આવ્યો. એક આંખ ગુમાવી હતી. સારે નસીબે બીજી આંખ સલામત હતી, એટલે કામ તો ગબડતું હતું. પેલી નબળી આંખનો દેખાવ તો જેવો ને તેવો જ હતો, પણ સાજી આંખ મીચું એટલે અંધારું ઘોર! ઉપાય કંઈ રહ્યો નહોતો, મુંબાઇના મોટામાં મોટા ચક્ષુદાક્તરે જ એમ કહ્યું હતું, એટલે મન વાળ્યું.

એમ ને એમ બે ત્રણ વરસ નીકળી ગયાં. એવામાં ઉત્તર તરફના એક સાધુ મારે ત્યાં મહેમાન થયા ને કંઇ વાતમાં વાત નીકળતાં મેં મારી આ તકલીફનું દાસ્તાન તેમને કહ્યું. તેમણે તરત જ કહ્યું: 'ઓ-હો, એટલું જ ને? તમારી આંખ સુધરી જશે. કશી ચિંતા ન કરશો.'

પછી એમણે પ્રયોગ બતાવ્યો: ગાયનું ઘી મંગાવવાનું, ને પગનાં તળિયાંમાં રોજ અરધોક કલાક તેમાલિશ કરી પચાવવાનું. તળિયેતળિયાં સામસામાં ઘસવાનાં. એ રીતે રોજ કરવું! તો છઆઠ મહિને આંખ સાજી થાય. ધીરજ રાખવાની શ્રદ્ધા રાખવાની ને પ્રયોગ કરવાનો.

મેં તો પ્રયોગ શરૂ કરી દીધો, ને છએક મહિનામાં ખરેખર મારી આંખમાંનો દીવો પાછો પ્રગટ થઈ ગયો! દેખાતું થઈ ગયું. ત્યારથી મેં તો આ ટેવ ચાલુ જ રાખી છે. રોજરોજ ગાયનું ઘી પગનાં તળિયાંમાં આમ ઘસ્યા કરું છું, એટલે આંખનું તેજ સબળ રહે છે. આ મારું દાસ્તાન છે. કહો, આપણું અસલી જ્ઞાન કેટલું બધું આગળવધેલું છે?"

હું અચરજ પામ્યો. એમ? ગોઘૃતમાં આવું અપાર દૈવત છે?

આયુર્વેદમાં ગોવૈદક નામે એક સ્વતંત્ર વિભાગ જ છે, જેમાં ગાયનાં ઘી, દૂધ, દહીં, છાશ, માખણ, છાણ, મૂત્ર અને ગોચંદન (ગાયના પેટમાં થતો એક નાનકડો પથ્થર જેવો ગઠ્ઠો)-એવી જાતજાતની ગોપેદાશના વૈદકીય ઉપયોગો આપેલા છે. આવી ગોપેદાશોને યથાર્થ રીતે વાપરી શકાય તો ઘણી બીમારીઓમાં તે સારું પરિણામ આપતી હશે એવું માની શકાય છે. દુર્ભાગ્યે આ ઉપચારોનો પ્રચાર હાલ ઘણોક ઓસરી ગયો છે, તે તરફથી લોકલક્ષ ખસી ગયું છે.

પણ આજે તો ફક્ત ગાયના ઘીની જ વાત કરીએ.

જંગબાર તાબેના પેમ્બા ટાપુમાં હું ફરતો હતો. ચાકેચાકે નામનું ત્યાંનું સૌથી મોટું ગામ છે ત્યાં મારો મુકામ હતો. સાંજે 'બાળકોનું ઘડતર' વિષય પર વ્યાખ્યાન રાખેલું હતું.

થોડુંક પ્રાસ્તાવિક થયા પછી એક જૈફ બલ્કે વૃદ્ધ બહેન બોલ્યાં: 'ભાઇ'સાબ, માથાના દુઃખાવાનો કંઈ ઉપાય બતાવોને. અહીં અમારે ત્યાં બૈરાંઓનાં માથાં બહુ દુઃખે છે, ને કંઇ મટતું નથી.'

મેં કહ્યું: 'આજે તો જે વિષય નક્કી કર્યો છે તેના પર જ બોલવું એ ઠીક છે. આવતી કાલે આ શિરોરોગવાળી ચર્ચા આપણે કરીશું. મારે ખરેખર જ એ વિષે તમને કેટલુંક કહેવાનું છે, ને તમે પ્રશ્ન પૂછ્યો એ બહુ જ સારું થયું.'

બીજે દિવસે મેં એ સવાલ ઉપાડ્યો પણ ખરો. કહ્યું: 'સામાન્ય રીતે માથું દુઃખે ત્યારે લોકો બામ ચોપડે છે. બામ ચોપડવાથી માથું દુખતું મટે છે એવી લોકોની માન્યતા છે. પણ ઘણી માન્યતાઓ પેઠે એ ઘણેખરે અંશે ખોટી જ માન્યતા છે; કેમકે માથું દુખવું એ કોઈ 'એક રોગ' નથી, ને એ જ દવાથી તે મટ્યા કરે એવું બનતું નથી.

માથામાં શરદી થઇ હોય તો માથું દુઃખે; રાત્રે માથા પર સીધો પવનનો મારો થયો હોય (અલબત્ત, મજબૂત જ્ઞાનતંતુવાળાને તો નહિ જ, પણ જરા અશક્ત બનેલાં જ્ઞાનતંતુવાળાનેસ્તો) તો શરદીનું માથું દુઃખે; તડકે ચાલવાનું ઝાઝું થયું હોય તો ગરમીનું માથું દુઃખે; ઉજાગરાથી માથું દુઃખે; અપચાથી માથું દુઃખે; કબજિયાતથી માથું દુઃખે; આંખોને ચશ્માં લેવાનાં થયાં હોય તો માથું દુઃખે; કાનનો ને કેટલીવાર દાંતનો વિકાર હોય તો પણ માથું દુઃખે. નબળા જ્ઞાનતંતુવાળાનું તો, મોટો ઘોંઘાટ કે અવાજ સતત સાંભળ્યાથી ય માથું દુઃખે-ઓછુંયા વત્તું તાવ આવ્યાથી માથું દુઃખે; અને-અને—સત્તર અઢાર વરસની ઉપરવટ

પહોંચેલી કન્યાને શોધાશોધ છતાં સારો વર ન મળતો હોય તો તેથી પણ તેનું માથું દુ:ખે—એટલે કે ચિંતાથી માથું દુ:ખે. આમ શિરોરોગ માટે અનેક જુદાંજુદાં કારણો હોય છે, હોઈ શકે છે, અને કારણ જુદું તેમ તેમ ઉપચાર પણ જુદો જ હોય.

જેમકે શરદીનું માથું 'પેન બામ'થી મટે, અગર સૂંઠના ગરમ ખરડ અથવા ચોખા-મરીના ગરમગરમ ખરડથી મટી શકે, લવિંગના કે તજના તેલના લેપનથી પણ મટી શકે; પણ ગરમીથી-તડકાથી દુખતા મસ્તક માટે ચંદનનો લેપ જોઇએ, તેમાં બામ કામ લાગે જ નહિ. દાંત આંખ કાનના કારણ માટે તે તે અવયવને લગતો ઉપાય કરવો જોઈએ. ઉજાગરો હોય તો ઊંઘ કાઢી લેવી જોઇએ. અપચો, કબજિયાત ને તાવ હોય તો તે તે દૂર કરવાનાં જુદાંજુદાં મારણો વાપરવાં જોઇએ, ચિંતા હોય તો તેને વિસારવી કે દૂર કરવી જોઈએ, ને કન્યાને વર ન મળતો હોય તો તેને માટે વધારે જોરશોરથી શોધ કરી તે મેળવી લેવો જોઇએ, બામ ચોપડી મૂકો તો કંઈ તે વરરાજાની અવેજમાં ચાલે બાલે નહિ!

પણ એક ઉપચાર એવો છે ખરો, કે જે લગભગ ઘણાખરા સંજોગમાં પણ એકધારો, એક સરખો કામ લાગે. તે ઉપાય છે ગાયનું ઘી!

ગાયનું ઘી માથું દુ:ખતું હોય તેને 'તત્કાળ' મટાડી કાઢવાની દવા નથી; પણ જ્ઞાનતંતુને મજબૂત બનાવવાનો, વધારે સત્ત્વશીલ કરવાનો ઉપાય છે. ગોઘૃતનું નસ્ય લેવાથી-વારંવાર અગર રોજ ગાયના ઘીનાં હૂંફાળાં બેત્રણ ટીપાં નાક વાટે મગજમાં પહોંચાડવાથી, અથવા ગાયનું ઘી સૂંઘ્યા કરવાથી, અગર તાળવા પર કે કપાળ પર કે બંને પર તેનું માલિશ કરીને તે પચાવ્યા કરવાથી, મગજના જ્ઞાનતંતુને પુષ્ટિ મળે છે, તે સતેજ થાય છે, શરદીનો ગરમીનો કે બીજા ઉપદ્રવનો હુમલો સહન કરી શકે એવાં થાય છે. સૌ જાણે છે કે બધાંનું જ માથું શરદી-ગરમીથી દુ:ખતું નથી. ઘણાં માણસો પવનનો કે તડકાનો કે અવાજનો મારો સારી રીતે ખમી શકે છે, અને તે કારણે તેમને માથું દુખતું નથી; કેમકે તેમના જ્ઞાનતંતુ નબળા પડવા પામ્યા હોતા નથી.

ગાયનું ઘી મગજપૌષ્ટિક-બ્રેઇન ટૉનિક તરીકે લગભગ અજોડ છે એમ કહેવામાં હરકત નથી. ગાયનું દૂધ પણ એ દૃષ્ટિએ અતિ ઉત્તમ ગણાય છે, અને જગતભરમાં હિન્દ સિવાય બધે ગાયનું દૂધ જ વપરાય છે. માખણ પણ ગાયના દૂધનું જ વપરાય છે. જો કે આજે આપણે ત્યાં ભેંશના દૂધ-ઘીનો મહિમા છે! પણ ગાયનાં દૂધ ઘી આદિના વૈદકીય ગુણોનું, કદાચ શ્રેષ્ઠ સંશોધન પુરાતન કાળમાં આપણે ત્યાં જ થયું છે.

શ્રી લલ્લુભાઇની આંખનું તેજ જાણે હરાઈ ગયું હતું, તે પણ ગોઘૃતના ઉપયોગથી પાછું મળ્યું તે શ્રી લલ્લુભાઇનાં જ્ઞાનતંતુ જ,—આંખની સાથે જોડાણવાળા જ્ઞાનતંતુને ઇજા પહોંચી હતી. તેથી આંખનું આખું યંત્ર રૂપેરંગે જેવું ને તેવું અકબંધ હોવા છતાં નિરુપયોગી હતું. તે જ્ઞાનતંતુ ફરી સતેજ, સબળ, સક્રિય બન્યા-ગાયના ઘીના અમુક પ્રકારના ઉપયોગથી, એટલે તે પાછાં કામ કરવા મંડી પડ્યાં હતાં!

પગને તળિયે ઘી ઘસો ને તે પહોંચે આંખમાં—મગજમાં? શી વાત કરો છો? કંઇ ગાંડા થયા છો?... આવો વાંધો ઉઠાવવાનું અસંખ્ય નાસ્તિકોને મન થઈ જશે. આ વાત તેમને ગળે ઊતરશે નહિ, કેમકે તેમને નીચેના એક સામુદાયિક બનાવની લેશ પણ માહિતી કદાચ નહિ હોય.

સને ૧૯૨૩-૨૪માં જાપાને આખી દુનિયામાંથી ફાટેલાં મોટર-ટાયરો ભેગાં કર્યાં, કચરા તરીકે પાણીને મૂલે ભેગાં કર્યાં અને તેમાંથી લાખો ચંપલો બનાવી, એકદમ સસ્તા દરે વેચવા માટે હિંદુસ્તાનમાં ઉતારી. રૂપિયો કે તેથી પણ ઓછી કિંમત, એટલે રબરની તે ચંપલો સામાન્ય વર્ગમાં એકદમ પ્રચાર પામી, અને શહેરમાં હજારો લોકો તે પહેરીને ફરતા થઈ ગયા. પણ ચાર છ મહિના થયા, વરસ થયું કે બધાની આંખે ગરમી લાગી. આંખોમાં બળતરા શરૂ થઇ અને તેનું કારણ પેલી રબરની—અતિગરમ તાસીરવાળા રબરની જ અસર છે એમ ઘણાએ શોધી કાઢ્યુ. જેને જેને એ સત્ય સમજાતું ગયું તે સૌ એ ચંપલનો ત્યાગ કરવા લાગ્યા, ને બીજાને પણ તેવી ભલામણ કરવા લાગ્યા, પરિણામે બે ત્રણ વરસમાં જ એ ચંપલની ખપત સાવ અટકી ગઈ, બજારમાંથી તે લોપ થઈ ગઈ! જૈફ ઉમરનાં ઘણાંક માણસોને આ વાત હજુ બરાબર યાદ હશે.

પગમાં ચંપલ પહેરે ને તેની ગરમી આંખે લાગે? હા જી, લાગે. લાગે છે જ. પદતલમાં ઘી માલિશ કરો, દિવેલ માલિશ કરો એટલે ઊંઘ આવે. ન કર્યું હોય તેમણે કરી જોવું. પદતલમાં કાંસાની વાટકી વડે ઘી યા દિવેલ ઘસવું. જ્ઞાનતંતુ શાંત થઈ જશે. ઊંઘ આવી જશે.

જ્ઞાનતંતુને સતેજ અને શાંત કરવાનો ગોઘૃત એક સારામાં સારો ઉપચાર છે. તેથી જ ઊંઘ લાવવા માટેની પણ તે અતિ ઉત્તમ કરામત છે. જેમને અનિદ્રાનો રોગ હોય તેમણે આ ઘી માથામાં—તાળવા પર ઘસવું; અગર પદતલમાં; અગર બંને સ્થળે. એથી ઊંઘ આવશે.

અને ધારણ જોઈએ છે? અતિ ઘસઘસાટ ઊંઘ? તો આમ કરો: ગાયના ઘીને જરા ગરમ કરીને સહેતુંસહેતું તાળવામાં પચાવો. જરાક ઠીકઠીક વાપરો. પછી તેની તાસીર જુઓ. અત્યંત ઘસઘસાટ ઊંઘ આવશે.

ગાયના ઘીનો આ 'એક' ઉપયોગ છે. બીજા ઉપયોગો યે છે, પણ તે વિષે સ્વતંત્ર લેખ કરવો રહ્યો. આ લેખ હવે પૂરતો થઇ ગયો.

પણ ગાયનું ઘી મળે ક્યાં? એ,—આ ગોબ્રાહ્મણ-પ્રતિપાળ દેશમાં એ જ સૌથી મોટી મુસીબત અને આફત છે. હરિજન આશ્રમમાં કે વર્ધામાં કે ઉરુલીકાંચનના નિસર્ગધામમાં તે મળે. પણ સામાન્ય રીતે ગાયનું ઘી મેળવવાનું દોહ્યલું છે. તે સાચું જ હોવું જોઇએ, જરા પણ ગરબડિયું, ભેળસેળિયું, વહેમપાત્ર ઘી ચાલી શકે નહિ. જાતે તે બનાવી લેવું ઉત્તમોત્તમ ઉપાય છે. ખાવા માટે તો ઘણું જોઇએ. તે કામ બને નહિ. પણ આવા વૈદકીય ઉપચાર માટે તે ઝાઝું જોઇતું નથી. ટીપાંબંધ જ વાપરવાનું હોય છે. કદીક જ આંગળાબંધ. એટલે મહિને પાશેરેક બનાવી લેવાય તોપણ સામાન્ય રીતે ચાલી જાય. પણ ઘી સો યે સો ટકા ખાતરીનું હોવું જોઇએ.

ગોઘૃતના બીજા ઉપયોગો વિષે બીજી કોઈક વાર.

અનુસંધાન] **ત્રણ દીકરાની મા** [પૃ. ૮૬થી

સીતા બોલી: 'મા! મેં નાનપણમાં મને તમારી દીકરી કરવા કહેલું તે તો રમતમાં કહ્યું'તું, પણ તમારા ત્રણે દીકરા તમને છોડીને અમર થયા એવું જ્યારે મેં જાણ્યું ત્યારે મારું હૈયું રડી ઊઠ્યું. આ વખતે જ દીકરીની સેવાની તમને ખરી જરૂર છે એમ મને લાગ્યું અને મારા પતિને પણ લાગ્યું. તે પડોશના ગામે નિશાળના મુખ્ય શિક્ષક છે. મારી લાગણી જોઇને તેમણે મને કહ્યું છે કે આવા દીકરાઓની મા ઉપર આવો વસમો વખત આવ્યો છે તો તેમની સેવા કરવી તે આપણો ધરમ છે. એટલે મા, અમે ત્યાંની નિશાળમાંથી અહીં બદલી કરાવીને રહીશું અને તમારી સેવા કરીશું; માટે મને દીકરી માનીને મારી સેવા સ્વીકારો અને આશીર્વાદ આપો!'

એ બ્રાહ્મણપુત્રીની ભાવના જોઇને રાણીનું હૈયું ગદ્ગદ્ થયું. તેણે ભાવપૂર્વક સીતાને માથે હાથ મૂકી આશિષ આપી: 'દીકરી સીતા! મારા જેવી દુ:ખણીની સેવા કરવા તું આવી છે, તો ભગવાન જ તારું કલ્યાણ કરશે; હું તને આશીર્વાદ આપનારી કોણ?!'

કલાવાર્તા



કલા-આસ્વાદન: જાપાની કળાની આગવી ચિત્ર-સંયોજના તથા રેખામાધુર્ય દાખવતું ચિત્ર 'રંગભૂમિની પાત્ર સજાવટ'

ગુજરાતને ગૌરવપ્રદ

સાહિત્ય અને કલાઓનાં ઉત્તેજન, સમજ અને પ્રચાર અર્થે મધ્યસ્થ સરકારે સ્થાપેલી અકાદમીઓ પૈકી 'લલિતકલા અકાદમી'ના ઉપક્રમે પાટનગર નવી દિલ્હીમાં દર વર્ષે દેશભરના કલાકારોની કૃતિઓનું 'રાષ્ટ્રીય કલા પ્રદર્શન' યોજાય છે. ગઈ તા. ૨૭ થી ૩૦મી જાન્યુઆરીના દિવસોમાં ભરાએલા આ વર્ષના એ પ્રદર્શન માટે કુલ ૪૮૯ કલાકારોએ ૧૦૨૬ કૃતિઓ મોકલેલી, તેમાંથી ૧૩૨ કલાકારોની જે ૧૮૬ કૃતિઓ નિદર્શન માટે ચૂંટાએલી, એમાં ૧૭૦ ચિત્રો અને આલેખનો તથા ૧૬ શિલ્પો હતાં. કૃતિઓને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવેલી: (૧) મૉડર્ન (આધુનિક), (૨) ઍકેડેમિક—રીઆલિસ્ટિક (સિદ્ધાંત-પરંપરાગત અને વાસ્તવદર્શી) ને (૩) ઓરીએન્ટલ (પૂર્વની–પૌરસ્ત્ય-પદ્ધતિની ભારતીય શૈલીની પરંપરાની) કૃતિઓ. એ પ્રત્યેકમાં જે ત્રણ ત્રણ કૃતિઓ પારિતોષિક પાત્ર-તથા અમુક પ્રશંસાપાત્ર ગણવામાં આવેલી, તેમાં આ વર્ષે ત્રણ ગુજરાતી કલાકારોનું સંમાન થયું છે. મૉડર્ન (આધુનિક કલા) વિભાગમાં શ્રી રાઘવ કનેરિયાની શિલ્પકૃતિ 'નંદી'ને તથા ભારતીય શૈલીના વિભાગમાં શ્રી બિહારીલાલ બારભૈયાની ચિત્રકૃતિ 'રાધાની રાહ જોતા કૃષ્ણ' (ગીતગોવિંદ સર્ગ ૫, શ્લોક અનુસાર અંકિત) ને દરેકને એક એક હજાર રૂપિયાનું પારિતોષિક મળ્યું છે, ને શ્રી બલવંતરાય અંબાશંકર જોષીની ચિત્રકૃતિ 'તુલસી-વિવાહ' ભારતીય શૈલી વિભાગમાં પ્રશંસાપાત્ર ગણાઈ છે. ગુજરાતને ગૌરવપ્રદ આ પ્રસંગ માટે એ ત્રણે બંધુઓને અમે અભિનંદીએ છીએ.

શ્રી બિહારીલાલ બારભૈયાની કલમથી તો 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. છેક ઈ. ૧૯૫૩ના એપ્રિલ અંક(૩૫૨)માં એમનું ત્રિરંગી ચિત્ર પ્રકટ થઇ ગયું છે. શાન્તિનિકેતન કલાભવનમાં તાલીમ લીધા બાદ છેલ્લાં સાતેક વર્ષથી વ્યવસાયી કલાકાર તરીકે કામ કરતા એ ભાઈ હાલ વડોદરા યુનિવર્સિટીના 'હોમ-સાયન્સ' વિભાગમાં કલાશિક્ષક છે. નવી દિલ્હીના બિરલાભવનમાં ગાંધીજીનું જીવન નિરૂપતાં ભીંતચિત્રો આલેખનારા કલાકારોના સંઘમાં એમણે પણ કામ કર્યું છે, અને હવે પાર્લામેન્ટ હાઉસ(લોકસભાગૃહ)ના સુશોભન અર્થે નિયુક્ત થએલા કલાકારોમાં પણ એમની વરણી થઈ છે. આ અંકમાં અન્યત્ર પ્રકટ થએલી એમની એ પારિતોષિકપાત્ર કૃતિ લલિતકલા અકાદમીની રાષ્ટ્રીય ચિત્રશાળા (નૅશનલ ગૅલેરી) માટે ખરીદાઇ પણ છે. એમના એ ચિત્રની શૈલીના વિગતવાર નિદર્શન સાથે એમનો વિશેષ પરિચય આવતા અંકમાં.

ત્રેવીસ જ વર્ષના, સૌરાષ્ટ્રના શ્રી રાઘવ કનેરિયા હજી વડોદરા યુનિવર્સિટીના લલિતકલા વિભાગમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થી છે, પણ મૉડર્નિસ્ટ (આધુનિક) શૈલીએ કાષ્ઠ ને ધાતુશિલ્પના સર્જનમાં એમની શક્તિ પ્રશંસનીય રીતે વિકસી છે. એમનો વિગતવાર પરિચય આ નીચે એ જ યુનિવર્સિટીના–ને 'કુમાર' ને જાણીતા કલાકાર ભાઈ જ્યોતિ ભટ્ટે આપ્યો છે. એ બંનેની પારિતોષિક-પાત્ર ઠરેલી કૃતિઓ આ અંકની આર્ટપ્લેટ પર આપી છે.

રાજકોટની સૌરાષ્ટ્ર ચિત્રશાળામાં કલાકાર મગનલાલ ત્રિવેદી પાસે પાંચ વર્ષ તાલીમ લઇને મુંબાઇ સરકારની જી. ડી. આર્ટની પરીક્ષા બીજા વર્ગમાં પ્રથમ નંબરે પસાર કરનાર ભાઈ બલવંતરાય જોશી પણ સૌરાષ્ટ્રના છે, ને હાલ રાજકોટની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં કલાશિક્ષક છે.

આવો જ ગૌરવપ્રદ બીજો પ્રસંગ તે ગયા માસમાં પૂનામાં ભરાએલા મુંબાઈ-રાજ્ય-કલા પ્રદર્શનમાં 'કુમાર'ના સુપરિચિત કલાકાર-કવિ ભાઈ પ્રદ્યુમ્ન તન્નાની ભારતીય શૈલીની ચિત્રકૃતિને પણ રૂ. ૧૦૦૦)નું પારિતોષિક મળ્યાનો છે. આગામી અંકમાં એ કૃતિ પ્રકટ કરીશું.

નવોદિત શિલ્પકાર
રાઘવ રામજી કનેરિયા

'વરઘોડો વરઘોડો,
રાઘવ તારો વરઘોડો રે!
અણીડા ગામનો રાઘવ કનેરિયો
(એણે) દલ્લી પોગાડયો ઢાંઢો
રાઘવજીનો વરઘોડો રે...'

વચમાં એક કૂડ ઑઈલના પીપડા માથે ધુબાંગ ધુબાંગ તાલ દેવાતા'તા, ને ચારે બાજુ તાળિયું લેતા લેતા એના ભાઇબંધ ગરબી ગાતા'તા. જેમજેમ મનમાં ઉમળકા આવતા જાય ને હૈયે સૂઝે એમ જોડતા જાય ને ગાતા જાય.



રાષ્ટ્રીય કલા-પ્રદર્શનના ત્રણે વિભાગોમાં એક-એક હજાર રૂપિયાનાં ઈનામો મેળવનાર કલાકારો—નવી દિલ્હીમાં પારિતોષિક પ્રદાન સમયે. આગલી હારમાં જમણી બાજુના પ્રથમ ત્રણ મૉડર્ન શૈલીના કલાકારો (૧) પ્રદર્શનનો સુવર્ણપદક મેળવનાર હૈદરાબાદના શ્રી મોહમ્મદ યાસીન; (૨) શિલ્પકૃતિ માટે પારિતોષિક મેળવનાર એકમાત્ર કલાકાર સૌરાષ્ટ્રના શ્રી રાઘવ કનેરિયા; (૩) મદ્રાસના શ્રી એ. એસ. જગન્નાથન—ચિત્રકૃતિ 'મૃત્યુ' માટે; તે પછીનાં ત્રણ કલાકારો ઍકૅડેમિક શૈલીના પારિતોષિક-વિજેતા છે: મુંબાઈનાં કુમારી રતન વાડકે—તસ્વીર-ચિત્ર માટે; બંગાળના શ્રી સુનીલકુમાર દાસ અદ્ભુત વાસ્તવદર્શી આલેખન 'અશ્વો' માટે, અને પાછલી હારમાં પહેલા, બંગાળના શ્રી દીપકપ્રસાદ બૅનરજી—જેમની એક પારિતોષિકપાત્ર ચિત્રકૃતિ ઉપરાંત બીજી ચિત્રકૃતિ 'રજનીગંધા' પ્રશંસાપાત્ર પણ ગણાએલી. પાછલી હારમાં બીજા, ત્રીજા અને ચોથા બેઠેલા છે એ ત્રણ કલાકારો ભારતીય શૈલીની ચિત્રકૃતિઓ માટે પારિતોષિક મેળવનારા છે: અનુક્રમે-મુંબાઈના શ્રી પી. ખેમરાજ; મૂળ કરાચીના શ્રી ભગવાન કપુર અને અમદાવાદના શ્રી બિહારીલાલ બારભૈયા.

આ બધું શરૂ થયું, જ્યારે રાઘવ ઊપર દિલ્હીથી લલિત કલા અકાદમીનો પત્ર આવ્યો ત્યારે, કે—'અમને જણાવતાં આનંદ થાય છે કે તમારા 'નંદી' નામના શિલ્પ માટે તમને પાંચમા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં રૂ. ૧૦૦૦નું પારિતોષિક મળ્યું છે.'

આ પહેલી જ વાર રાઘવે પોતાનાં શિલ્પો પ્રદર્શન માટે દિલ્હી તેમજ પૂના (ચોથા મુંબાઈ રાજ્ય કલા પ્રદર્શન માટે) મોકલ્યાં; અને બન્ને જગ્યાએથી એને પારિતોષિક મળ્યાં. એટલે આ સમાચારથી એના મિત્રો તો બધા રાચે ને નાચે જ ને? કેમકે એના મુલાયમ સ્વભાવ, સાદી રહેણીકરણી ને પરિશ્રમી જીવનની બધા પર એવી તો ઊંડી છાપ પડી ગઈ છે કે કનેરિયા નામ કાને પડતાં જ સૌને વહાલ ઊપજે છે. કંઇ પણ કામ હોય, કે મદદની જરૂર હોય, તો એ ખડે પગે તૈયાર જ હોય. ગમે ત્યારે સાદ પાડો કે કનેરિયા જરા આવશો કે?—તો 'હાલો' કે'તાક ને નીકળ્યા જ છે, પૂછવાની વાત જ નહિ કે ક્યાં જવું છે કે કેટલો વખત લાગશે. છતાં એનું પોતાનું કામ કોઇ દા'ડો રેઢું કે અધૂરું રહે જ નહિ. સવારે છ સાડા છ વાગ્યામાં તો આર્ટ કૉલેજમાં હાજર થઈ જાય ને સાંજે બધા વિદ્યાર્થીઓ ઘરભેળા થઈ ગયા પછી યે એ તો ત્યાંના ત્યાં જ;—છેક મોડી રાત સુધી એનું કામ ચાલ્યા જ કરે.

૧૯૨૯ની ૧૯મી માર્ચે ગોંડળ (સૌરાષ્ટ્ર) પાસે આવેલા અણીડા ગામમાં એમનો જન્મ. નાનપણથી જ ચીતરવાનો શોખ લાગ્યો. ત્રીજી-ચોથી ગુજરાતીમાં ભણતા ત્યારે એકની સાથે બીજો એમ કાગળિયા ચોંટાડીને લાંબું ટીપણું બનાવતા, ને પોતાના ભેરુબંધોને એની ઉપર રેલગાડી ને મોટર ને પોલીસ ને બંદૂક ને તોપ વગેરે ચીતરેલી 'ફીલમ' દેખાડતા.

બીજા ભાઇઓ તો ખેતીમાં પડી ગયા, પણ આમનો જીવ ભણવામાં લાગી ગએલો, એટલે હાઇસ્કૂલના અભ્યાસ માટે ગોંડળ ગયા. પણ ત્યાં ચીતરવાનું કામ બંધ પડયું. એ કહે છે કે 'મન તો બહુ થાતું'તું ચીતરવાનું; પણ હારો હાર બીકે ય બહુ લાગે કે કોઈ ભાળી જાય ને કાંક બખે તો?' પણ જ્યારે એમના વર્ગમાં હસ્તલિખિત માસિક 'પ્રકાશ'નું તંત્રીપદ એમને સોંપાયું ત્યારે એ ઊતરી ગએલી ગાડી પાછી પાટે ચડી ગઇ. એ માસિકને તેમજ શાળાના ઉત્સવો સમયે શાળાને શણગારવામાં એમની શક્તિ પૂરેપૂરી ખીલી ઊઠતી.

સંસ્થાના ગૃહપતિ શ્રી બાલુભાઇને એમની ઉપર પહેલીથી જ લાગણી હોઇ એમની પ્રગતિમાં ખૂબ જ રસ લેતા. એક વખત શાળામાં 'એલીમેન્ટરી ને ઇન્ટરમીડિયેટ ગ્રેડ'ની ડ્રૉઇંગની પરીક્ષાઓ લેવાતી હોઈ શાળાના વર્ગો બંધ હતા, ત્યારે બહારની પરસાળમાં ટલ્લા દેતાદેતા બીજા વિદ્યાર્થીઓનું કામ જોતા કનેરિયા શ્રી બાલુભાઈની નજરે ચડી ગયા. 'અલ્યા! તું પરીક્ષામાં કેમ નથી બેઠો? ભલા માણસ, તેં તો તારું બધું જ ગુમાવ્યું!' કનેરિયા કે' છે કે 'બાલુભાઈ એ શું ગુમાવ્યાનું કીધું ઈ તો બરાબર નો સમજાણું; પણ ઈ અંદર ઊતરી ગ્યું, ને પછી તો સંગ્રામજી હાઇસ્કૂલના ડ્રૉઇંગ ક્લાસમાં બરાબરનો જાવા માંડયો.'

એસ.એસ.સી. પણ 'ડ્રૉઇંગ' વિષય લઇને પસાર કર્યા પછી તે વડોદરા મ.સ. વિશ્વવિદ્યાલયના લલિતકલાવિભાગમાં ૧૯૫૫માં દાખલ થયા ને દરેક વર્ષે પ્રથમ કક્ષાએ ઉત્તીર્ણ થઇને અત્યારે શિલ્પ વિભાગમાં ડિપ્લોમા કોર્સના ચોથા વર્ષમાં અભ્યાસ કરે છે. દરેકેદરેક વિષય(લાઇફ સ્ટડી, પોર્ટ્રેટ કૉમ્પોઝિશન, ડ્રૉઇંગ) તેમજ પ્રત્યેક પદ્ધતિ (વૂડ કાર્વિંગ, બ્રૉન્ઝ, રીલીફ વગેરે) પર એમને અજબ ફાવટ આવી ગઇ છે; છતાં ખેડૂત માબાપનું સંતાન એટલે નાનપણથી જ જેની સાથે ગોઠિયાં જેવી માયા બંધાઈ ગએલી એ ગાય-ભેંશ-ઢાંઢા ને બકરાં-લવારાં-પંખીડાં વગેરે એમનો વહાલો વિષય બની રહ્યાં છે.

—જ્યોતિ ભટ્ટ


રાઘવ કનેરિયા



અમેરિકાનું ઓગણપચાસમું ★ રાજ્ય આલાસ્કા

જાણો છો, ઉત્તર અમેરિકાનો વાયવ્ય દિશાનો કેટલોક ભાગ પહેલાં રશિયાના કબજામાં હતો અને તેથી તે 'રશિયન અમેરિકા' તરીકે પણ ઓળખાતો ? પરંતુ ઈ. સ. ૧૮૬૭માં પ્રેસિડેન્ટ લિંકનના પરદેશગંત્રી સેવર્ડના પ્રયાસથી અમેરિકાએ આ ૫,૮૬,૪૦૦ ચોરસ માઈલનો વિસ્તાર આશરે સાડા ત્રણ કરોડ રૂપિયાની કિંમતે ખરીદી લીધો. હજી આજે પણ લગભગ દર ચાર માઇલે માત્ર એક જ કુટુંબની વસતિવાળા આ પ્રદેશમાં એ કાળે તો લોકોને કેવળ બરફ અને પર્વતોવાળી નકામી જમીન સિવાય કશું નહિ દેખાવાથી એ ખરીદીને અમેરિકન પ્રજાએ 'સેવર્ડની મૂર્ખાઇ' તરીકે જ વધાવેલી, અને 'સેવર્ડની' એ 'ઠારપેટી' (સેવર્ડ્સ આઈસ બૉક્સ)માં કંઈ જ લાભ નહિ જોએલો. પરંતુ એ ભૂમિનો પરિચય વધતો ગયો તેમતેમ તેનું આકર્ષણ વધતું ગયું, અને તેમાં યે ત્યાં સોનું હોવાની જાણ થયા પછી તો તેનું મહત્ત્વ એટલું વધી ગયું કે ખરીદી પછી માત્ર પચ્ચીસ જ વર્ષમાં તેની કિંમત કરતાં ૪૪ ગણી રકમ અમેરિકન પ્રજાએ એ સોનામાંથી ઊભી કરી લીધી ! આ સોનું મેળવવામાં જેઓ પાછા પડ્યા તેમને પણ અહીં અન્ય ધંધા તો મળી જ ગયા અને તેમાંથી અહીંના ખનિજ-ઉદ્યોગ, માછીમારી, ફર(રુવાંટીદાર ચામડા)ના વેપાર વગેરેનો વિકાસ થયો.

ખરીદાયા પછી થોડો સમય તો અમેરિકન માલિકીનો આ પ્રદેશ આલાસ્કા (ત્યાંની લોકભાષામાં એનો અર્થ થાય 'મુખ્ય ભૂમિ' કે 'ઉચ્ચ પ્રદેશ') લશ્કરી વહીવટ તળે હતો. સીમા પરના એક નવા નાકા તરીકે જ તેની ગણના થતી; અને અમેરિકન સંયુક્ત રાજ્યોના બધા કાયદા તેને પણ લાગતા છતાં ત્યાં કોઈ કાયદાની જરૂર જ નહોતી, કોઇ અમલદારનોયે ખપ નહોતો, કે નહોતી ત્યાં કોઈ પ્રતિનિધિ-સભા. જ્યાં વસતિ નામમાત્ર જ હોય ત્યાં એની જરૂરે શી ? પણ સોનાની શોધે તેની સૂરત પલટી અને ધન મેળવવા લોકોએ જે ધસારો કર્યો



ધ્રુવપ્રદેશના પડોશી આલાસ્કાનું એક લાક્ષણિક દૃશ્ય, જેના હિમાચ્છાદિત પર્વતોમાં મોંઘાં ખનિજો અને સાગર-સરિતા-સરોવરોમાં જગતની પેદાશની હોડમાં ઊભી રહે એટલી માછલીઓ છે.




આલાસ્કા
વિમાન એ અહીં સૌથી વધુ અનુકૂળ વાહન છે. નકશામાં ત્રિકોણ વડે તેનાં મથકો દર્શાવ્યાં છે.


તેની સાથે એ બધું પણ પછી આવી ગયું. માત્ર પ્રજા જ નહિ પણ ખુદ સરકારે પણ હવે તેના વિકાસમાં રસ લેવા માંડચો.

ઈ. ૧૮૮૪માં ત્યાં પ્રથમ વ્યવસ્થિત સરકાર રચાઈ. ૧૯૦૬માં અમેરિકન કૉંગ્રેસમાં ત્યાંના પ્રતિનિધિને બેઠક મળી. ૧૯૧૨માં તેના પ્રતિનિધિઓ સેનેટ અને હાઉસ ઑવ રેપ્રિઝેન્ટેટિવ્ઝ(નીચલી ધારાસભા)માં બેસવા લાગ્યા. તેમને મતાધિકાર નહોતો—એટલે કે એ અમેરિકન રાજ્યસંઘનું સ્વતંત્ર સભ્ય-રાજ્ય નહોતું ગણાતું.

પણ તાજેતરમાં તેને સ્વતંત્ર સભ્ય રાજ્ય તરીકેની માન્યતા મળી છે, જે રૂએ હવે તેના પ્રતિનિધિઓને રાજ્યવહીવટમાં મતાધિકાર મળે છે ને અમેરિકન રાષ્ટ્રધ્વજમાં પણ અગાઉનાં ૪૮ રાજ્યો સાથે તેનો પણ એક તારક ઉમેરાયો છે. અત્યાર સુધી આઠઆઠ તારકોની છ હારને બદલે રાષ્ટ્રધ્વજમાં હવે સાતસાત તારકોની સાત હાર મુકાશે. આ માન્યતા મળવાથી હવે આલાસ્કાની પ્રગતિ પણ વધુ ઝડપી બનશે.

ગ્રેઈટ બ્રિટન કરતાં યે પાંચ ગણા વિસ્તૃત આલાસ્કાના પ્રદેશમાં સંખ્યાબંધ નાના ટાપુઓ આવેલા છે. આમાં ઍલ્યુશિયન ટાપુઓ અને ઍલેક્ઝાંડ્રા આર્કિપૅલેગોના સમૂહ મુખ્ય છે. તેના લગભગ ⅔ ભાગ પર પર્વતો છે અને જંગલના વિશાળ પટ્ટાઓ પણ અહીં છે, પણ ખેતીને મહત્ત્વ આપી શકાય તેટલી અનુકૂળ આબોહવા અહીં નથી. ઠંડીને કારણે કેટલુંક વાવેતર તો 'હૉટહાઉસ'(ગરમી ટકાવી રાખવા ખાસ બાંધેલાં મકાનો)માં થાય છે. અહીંની મુખ્ય સમૃદ્ધિ છે અહીંના ખનિજ અને અહીંના પાણીમાં મળતી મબલખ માછલીઓ. આમાં સા(લ)મન, સેબલફિશ, હૅલિબટ, હેરિંગ, રૉકફિશ, ફ્લાઉન્ડર અને શિકારના અતિરેકને કારણે હવે ઘટી ગએલી કૉડ માછલીઓ મુખ્ય છે. આ જ રીતે વૉલરસ અને દરિયાઈ જળબિલાડી પણ હવે નાશવંત થઈ ગઈ છે. બેરિંગ સમુદ્રમાં એકવખત વ્હેલનો જે સારીપેઠે શિકાર થતો તેની સંખ્યા પણ હવે એટલી ઘટી ગઈ છે કે શિકાર પાછળની જહેમતના પ્રમાણમાં વળતર જ મળતું નથી. આ છતાં માછીમારી અહીંના મુખ્ય





મથાળે: સોનાની ખાણોનો પ્રદેશ–જ્યાં ઈ. ૧૮૯૮માં મોટા પ્રસારો થઈ આલાસ્કા વસ્યો;
નીચે: આલાસ્કાની સમૃદ્ધ સાગર-પેદાશ 'સામન' માછલી પકડવાની રીત

વ્યવસાય તરીકે હજી યે એટલા જ મહત્ત્વની છે. આમાં યે સામન માછલીનો તો યુ. સ્ટે.ની પેદાશનો અરધા ઉપરાંતનો ફાળો આ પ્રદેશ આપે છે. આ મત્સ્યોદ્યોગે છેલ્લાં પાંચેક વર્ષમાં લગભગ ૯૦ કરોડથી યે વધુ ડૉલરનું ઉત્પાદન મેળવ્યું છે, જેમાં એકલી સામન જ (એ પોતે અહીંની વસતિનો એક મુખ્ય ખોરાક હોવા છતાં) દુનિયાભરમાંથી વર્ષે ૬૫,૦૦,૦૦૦ ડૉલરની આવક કરી આપે છે.

છેલ્લી અરધી સદી દરમિયાન અહીંથી ૫,૦૦,૦૦,૦૦,૦૦૦ડૉલરનું સોનું ખોદાયું છે ને બીજું વધુ હજુ જમીનમાં પડયું હોવાનું મનાય છે! વળી રાજ્યનો કેટલોયે વિસ્તાર એવો છે કે જેની હજી મોજણી પણ નથી થઈ. વિમાનની મદદ વિના જ્યાં જઈ જ ન શકાય તેવો પણ ઘણો વિસ્તાર છે અને એ બધાના ગર્ભમાં રહેલ તેલ, કોલસો, સોનું, તાંબું, ચાંદી, પ્લૅટિનમ, ટંગસ્ટન, નિકલ, ટિન, લોઢું, ટિમ્બર અને પાણીના ગંજાવર જથ્થામાંથી હજી તો માત્ર ગણતરીની ઊપજ જ મેળવાય છે. ઈ.૧૯૩૦ની મોટી આર્થિક મંદી વખતે અમેરિકન સરકારે અહીંની દક્ષિણ-મધ્ય ભૂમિ પર માટાનુસ્કામાં કાયમી વસવાટ વસાવવા સારુ ૨૦૦ જેટલાં કુટુંબોને વસાવેલાં, જેમાંના ઘણાંખરાં અહીંના કાયમી વાસી થઈ ગયાં છે. આ ઉપરાંત, નૉર્વે, સ્વીડન, ફિનલૅન્ડ, જર્મની વગેરે દેશના લોકો પણ અહીં આવી વસ્યા છે ને ખેતી, મરઘાંઉછેર, શાકભાજી વગેરે કરે છે.

આલાસ્કાનો મોટો ભાગ ઘણો નિસર્ગસુંદર છે. બરફથી આચ્છાદિત થએલાં શિખરો, સરોવરો, હિમનદીઓ, ખડકાળ ટાપુઓ, જંગલો અને વૈવિધ્યભરી નદીઓથી અહીંની પ્રકૃતિ સભર છે. અમેરિકાના ઉચ્ચતર પર્વતોના મોટા ભાગનાં શિખરો આ પ્રદેશમાં જ છે. ઉત્તર અમેરિકાનું સર્વોચ્ચ શિખર માઉન્ટ મૅક'કિન્લે (૨૦,૪૬૦') અહીં જ છે. વળી સજાગ જ્વાળામુખીઓ પણ અહીં અનેક છે. તેમાં યે ઍલ્યુશન પર્વતમાળામાં ૧૯૧૨ના જૂનની શરૂમાં તો ઇતિહાસમાં જ્વાળામુખી ફાટવાના મોટામાં મોટા ધડાકામાંનો એક અહીં થએલો. કાટામાઈ નામનું એક આખું શિખર એ ધડાકામાં ઊડી ગએલું, એટલું જ નહિ પણ વાયવ્યની ખીણમાં એટલાં બધાં જ્વાળામુખો ઊઘડયાં કે જે 'દસ હજાર ધુમ્રમુખો'ને નામે ઓળખાય છે. પ્રકૃતિની આ વિચિત્રતાને ૧૯૧૮ની ૨૪મી સપ્ટેમ્બરની એક ખાસ જાહેરાત દ્વારા અમેરિકન સરકારે રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરી છે. ૨૦૦૦ માઈલ લાંબી યુકોન આલાસ્કાની મુખ્ય નદી ગણાય. દેશના એ બે ભાગ જ પાડી નાખે છે તેમ કહી શકાય. પણ આ નદીને વર્ષમાં માત્ર ચાર જ માસ ખેડી શકાય છે, બાકીના મહિનાઓમાં તે ઠરી જાય છે.

બરફથી ઢંકાએલો આલાસ્કા પ્રથમ નજરે તો એક જ ભૂભાગ લાગે; પણ હકીકતે આલાસ્કાનો મોટો ભાગ ટાપુઓના સમૂહોનો જ બનેલો છે. ઍલ્યુશિયન, ઍલેકઝાંડર આર્કિપેલેગો વગેરે ટાપુઓનાં જૂથ તો ઘણાં જ મોટાં છે. આમાં ઍલેકઝાંડર આર્કિપેલેગો-જૂથમાં લગભગ સો-એક નાનામોટા ટાપુઓ છે. ઍલ્યુશિયન ટાપુઓ ખડકાળ હોઈ ત્યાં કેટલાક સજાગ જ્વાલામુખો પણ છે. ત્યાંની વસતિ મુખ્યત્વે માછીમારી કરે છે. આમાં યુનાલાસ્કા ટાપુ સારા બંદર સાથે અમેરિકન સીલ-ફિશરીનું કેન્દ્ર છે. ઈ. ૧૯૨૮ની એક શોધસફરમાં આમાંના એક ટાપુ પર બરફમાં સચવાઈ રહેલાં છેક પથ્થરયુગનાં મનાતાં કેટલાંક માનવ મૃતશરીરો પણ મળી આવ્યાં હતાં. આ બધા ટાપુઓ ને ખાડીઓ વગેરે સાથે ગણીએ તો આલાસ્કાની કંઠાર લગભગ ૨૬૦૦૦ માઈલ લાંબી થાય, જે ઉપલક ગણતરીએ માત્ર ૪૭૫૦ માઈલમાં સમાઈ જાય છે.

ધ્રુવવિસ્તારની તદ્દન નજીકના આ રાજ્યમાં દક્ષિણ કંઠારનાં શહેરો કેટ્ચિકન અને જૂનોનું ઉષ્ણતામાન શૂન્ય અંશ(ફેરનહાઈટ)થી ભાગ્યે જ ઓછું હોય છે. ઉનાળામાં સૂર્ય ક્ષિતિજ પર આવી રાત્રિદિવસના તફાવત વિનાનો લાંબો દિવસ શરૂ થાય છે ત્યારે વાયવ્ય ને અંદરના પ્રદેશોનું ઉષ્ણતામાન ૯૦ થી ૧૦૦ હોય છે. ઉત્તર ધ્રુવથી માત્ર ૯૦૦ માઈલ જ દૂર આવેલા આ પ્રદેશમાં ઉનાળામાં ઉષ્ણતામાન ૭૦ અંશે પહોંચે છે.

દક્ષિણે દૂરતમ આવેલું નગર કેટ્ચિકન અમેરિકન સંયુક્ત રાજ્યોથી ઉત્તરે ૧૦૦૦ માઈલ દૂર છે. વિમાન ચાર કલાકે ત્યાં પહોંચે છે; જ્યારે 'આલકન' કે આલાસ્કન હાઇ વે(ધોરી માર્ગ)ને રસ્તે કૅનેડામાં થઈને જતાં મોટરમાં એકાદ અઠવાડિયું થાય છે. ૧૬૦૦ માઈલથી યે લાંબો આ આલકન(Alcan)હાઈ-વે આ પ્રદેશને અમેરિકાના અન્ય વિસ્તારો સાથે સીધા સંપર્કમાં મૂકે છે. (અનુ૦ છેલ્લા પાને સ્ટેટમેન્ટ ઉપર)

મૅક્લિન્ટૉક (અનુસંધાન પૃષ્ઠ ૮૪થી ચાલુ) વાતો જ હતી, એટલે એ અધૂરી કે અચોક્કસ માહિતી જ ગણાય. એટલે તેનું સમર્થન મેળવવાને માટે જેમ્સ ઍન્ડરસન નામના એક સાહસિકને નૌકાખાતા તરફથી મોકલવામાં આવ્યો. પરંતુ ઍન્ડરસન પોતાની હોડીમાં કિંગ વિલિયમ લૅન્ડ સુધી પહોંચી શક્યો નહિ. ત્યાર પછી એણે એસ્કિમોનો સંપર્ક સાધ્યો, પરંતુ એસ્કિમોની ભાષા તેને આવડતી નહોતી. એટલે તેમના મોંના હાવભાવ અને ઈશારા પરથી જ સમજવાનું રહ્યું. વળી એમની પાસેથી કોઈ પુસ્તક કે સફરના અહેવાલનાં કાગળિયાં કે એવું કશું પણ તેને મળ્યું નહિ. માત્ર રેની જેમ એણે પણ એસ્કિમો પાસેથી ટુકડીની કેટલીક વસ્તુઓ ખરીદી લીધી. આમ, રેએ મેળવેલી અધૂરી માહિતીનું ઍન્ડરસનની માત્ર અધૂરી માહિતીથી સમર્થન થયું.

પરંતુ હવે એટલું તો નક્કી થયું કે લૅન્કેસ્ટરની ખાડી પછી ફ્રૅન્કલિને ઉત્તર તરફનો નહિ પણ દક્ષિણ તરફનો પંથ લીધો હતો. આથી વધુ તપાસની દિશા નક્કી થઈ ગઈ. જો કે એ દિશાનો વિસ્તાર પણ હજારો માઈલનો હતો અને ત્યાં સુધી પહોંચવું એ પણ અતિશય દુષ્કર હતું.

શ્રીમતી ફ્રૅન્કલિનને પણ પહેલેથી જ ખાતરી હતી કે એના પતિએ લૅન્કેસ્ટરની ખાડી પછી ઉત્તર નહિ પણ દક્ષિણ તરફનો માર્ગ લીધો હોવો જોઇએ, ને એટલા માટે જ એણે પોતાના ખર્ચે મોકલેલાં બંને વહાણોને દક્ષિણ તરફ જ જવાની સૂચના આપી હતી. પરંતુ થોડાક અંતરનો ફેર પડવાને લીધે એ વહાણોને સફળતા મળી નહોતી. પછી જ્યારે સરકારે ઉત્તર તરફ શોધ કરવાને વધારે ને વધારે પ્રયાસ કરવા માંડ્યા ત્યારે તેણે પણ ઇગ્લેફીલ્ડ નામના સાહસિકને 'ઈઝાબેલ' વહાણમાં ઉત્તર તરફ મોકલ્યો હતો. એ ઇગ્લેફીલ્ડ સ્મિથની ખાડીમાં પ્રવેશ કરી પાછો આવ્યો હતો, પરંતુ તપાસકાર્યમાં એને કંઈ સફળતા મળી નહોતી.

એટલે રેએ મેળવેલી માહિતી તપાસ-કાર્યની દિશા જાણવામાં ખૂબ ઉપયોગી થઈ પડી, અને અત્યાર સુધીના દસ-અગિયાર વર્ષના ગાળામાં ગએલી સેંકડો માણસોની મોટીમોટી લગભગ પાંત્રીસ જેટલી ટુકડીઓના પ્રયાસ પછી, એક છેલ્લા પ્રયાસ તરીકે શ્રીમતી ફ્રૅન્કલિન તરફની મૅક્લિન્ટૉકની સરદારી હેઠળની ફક્ત પચીસ માણસોની આ નાની ટુકડી નાનકડા 'ફૉક્સ' વહાણમાં ઈ. સ. ૧૮૫૭ના જુલાઈમાં ઇંગ્લંડથી ઊપડી. ગ્રીનલૅન્ડમાં થોડા દિવસ મુકામ કરી બેફિન સમુદ્રમાં એણે પ્રવેશ કર્યો. આ વર્ષે ઋતુ અનુકૂળ નહોતી, એટલે બેફિન સમુદ્રમાં ઉનાળાના દિવસોમાં પણ બરફના થર થએલા હતા. એથી તેમના વહાણના ગતિ મંદ પડી ગઈ ને છેક સપ્ટેમ્બર મહિનાના આરંભમાં તેમનું વહાણ મેલવિલે ઉપસાગર આગળ આવી પહોંચ્યું. અહીંથી હવે લૅન્કેસ્ટરની ખાડી બહુ દૂર નહોતી. સમુદ્રમાં એ વખતે વ્હેઈલ-શિકારે નીકળેલાં મોટાંમોટાં વહાણોની અવરજવર ઘણી હતી. એ બધાં વહાણોને સમુદ્રમાં વચ્ચે વચ્ચે આવતા સંખ્યાબંધ અતિકાય હિમપર્વતો આગળથી સાચવીસાચવીને માર્ગ કાઢવો પડતો હતો. એ લગભગ બધાં જ વહાણો એક પછી એક હિમપર્વતોવાળો ભાગ વટાવી મૅક્લિન્ટૉકની આગળ નીકળી ગયાં. પરંતુ મૅક્લિન્ટૉકનું નાનકડું વહાણ તેમાંથી માર્ગ કાઢવા ગયું ત્યાં સામેથી ધસતા આવતા બે હિમપર્વતોની વચ્ચે જકડાઇ ગયું ને એની સાથે પાછું ઘસડાવા લાગ્યું! એવામાં તો બીજા કેટલાક હિમખંડો તરતા તરતા એ તરફ ધસતા આવ્યા, અને એ બધા વચ્ચે વહાણ કોઇ પણ હિસાબે નીકળી ન શકાય એવી સ્થિતિમાં ઘેરાઇ ગયું. આ હિમપર્વતોની આગળનો સમુદ્ર ખુલ્લો, બરફરહિત અને વહાણ માટે અનુકૂળ હતો. પોતાની આગળનાં મોટાં મોટાં વહાણો હિમપર્વતો વચ્ચેથી પસાર થઇ એ ખુલ્લા, બરફરહિત સમુદ્રમાં ચાલ્યાં ગયાં અને પોતાનું નાનું સરખું વહાણ જ ચારે પાસથી બરફ વચ્ચે સપડાઇ ગયું એથી મૅક્લિન્ટૉક અને એના **સાથીદારોને** ખૂબ અફસોસ થવા લાગ્યો, કારણ કે હવે જ્યાં સુધી એમાંથી મુક્ત ન થવાય ત્યાં સુધી માત્ર હાથ જોડીને જ બેસી રહેવાનું હતું!

વળી, વહાણ ત્યાં જ ન રહેતાં હિમખંડોની સાથે રોજ થોડા માઈલ દક્ષિણ દિશા તરફ પાછું ઘસડાવા લાગ્યું! પ્રવૃત્તિ કે પ્રગતિ વિના આમ માત્ર બેસી રહેવું એટલે તો જાણે સમુદ્રમાં મળેલી જંગમ જેલ!—દસબાર દિવસની નહિ, બેત્રણ મહિનાની નહિ, પણ ચોખ્ખા આઠ મહિનાની!

આમ હિમપર્વતો વચ્ચે ઉનાળો પૂરો થયો ને શિયાળો બેઠો. હવે સમુદ્રમાં પાણી ઉપર બરફના થર જામવા લાગ્યા ને થોડા દિવસોમાં તો ચોમેર બરફ બરફ થઇ ગયો! સાથે શિયાળાની લાંબી રાત આવી ને અકલ્પ્ય સંકટો લાવી. અસહ્ય ઠંડીએ એ આણેલી યાતનાઓમાંથી પસાર થયા સિવાય છૂટકો નહોતો. ફરી ઉનાળો શરૂ થવા આવ્યો અને સમુદ્રમાં બરફ ઓગળી પાણીનાં મોજાં હિલોળા લેવા લાગ્યાં. પણ વહાણમાં બેઠેલા માણસોને તો જ્યાં સુધી પોતાનું વહાણ બરફમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી એનો આનંદ માણવાનો નહોતો. કુદરતની મહેરબાની પર આધાર રાખીને તેઓ બેસી રહ્યા હતા, કારણ કે પુરુષાર્થને તો અહીં કંઈ અવકાશ જ નહોતો. બરાબર ૨૪૨ દિવસ સુધી વહાણ એ રીતે ચારે બાજુથી હિમપર્વતો વચ્ચે ઘેરાએલું રહ્યું. આટલા દિવસ દરમિયાન એ તરતા હિમપવતોની સાથે ૧૩૮૫ માઇલ જેટલું પાછું આવી ગયું અને તેણે બેફિન સમુદ્રમાંથી ઘર તરફ ઍટલાન્ટિક મહાસાગરમા પ્રવેશ કર્યો!

ઍટલાન્ટિકની આબોહવામાં હવે આ હિમખંડો ને હિમપર્વતોનું જોર ઝાઝો વખત નહિ ટકે અને પોતાનું વહાણ ગણતરીના દિવસોમાં જ મુક્ત થઈ જશે એમ તેમને લાગતું હતું. પરંતુ એ મુક્તિ મળે તે પહેલા તો ફરી બરફનું ભયંકર તોફાન શરૂ થયું. વહાણની આસપાસ ઘેરાએલો બરફ ઓગળતાં પહેલા હવે તૂટતો હતો ને એની મોટી મોટી શિલાઓ હવામાં ઊડતી હતી. કેટકેટલી શિલાઓ વહાણ સાથે અથડાતી હતી અને વહાણને નુકસાન પહોંચાડતી હતી. બરફનું આટલું તોફાન જાણે ઓછું હોય તેમ એની સાથે પવન અને પાણીનું તોફાન ભળ્યું; અને પછી તો પૂછવું જ શું? વહાણ ઘડીમાં બરફની ભીંસમાં સપડાતું હતું, તો ઘડીમા ઊંચે ઊછળીને નીચે પછડાતું હતું! કઇ ઘડીએ વહાણ પાણીની નીચે બેસી જશે એ કહી શકાતું નહોતું. વહાણની અંદરની નાનકડી કોટડીમાં સૌ ભરાઈને બેસી રહ્યા હતા. વહાણને કાબૂમાં રાખવા માટે એના બહારના ખુલ્લા ભાગમાં તો જઇ શકાતું નહોતું, કારણ કે ત્યાં તો પ્રતિક્ષણ મોટી મોટી હિમશિલાઓ ઊડીને પડતી હતી. આમ, ગુમ થઈ ગએલા ફ્રૅન્ક્લિનને શોધવા નીકળેલા આ પચીસ માણસો પોતે જ કઈ ઘડીએ સમુદ્રના ઊંડાણમાં ક્યાંક સમાઇ જશે એ કહી શકાતું નહોતું. આઠ મહિનાની જંગમ જેલના શારીરિક ત્રાસ અને માનસિક પરિતાપ પછી પ્રકૃતિએ એમને લગાવેલો આ છેલ્લો ફટકો હતો. પોતાની કેદમાંથી નાસી જતા કેદીને દુશ્મનો જેમ જેટલું મરાય તેટલું મારી લે તેમ હિમપર્વતોની જેલમાંથી છૂટતા આ કેદીઓને કુદરત જાણે છેલ્લો સ્વાદ ચખાડતી હતી.

મૅક્લિન્ટૉકે ધ્રુવપ્રદેશની વારંવાર સફર કરી હતી, પરંતુ આવું ભયંકર સંકટ એણે કદી નિહાળ્યું નહોતું. વળી સાથે આવેલા અરધા માણસો જે ધ્રુવપ્રદેશ તરફ આ પહેલી જ વાર આવતા હોઈ તદ્દન બિનઅનુભવી હતા તે તો ધ્રુવપ્રદેશમાં ફરી જવાનું નામ ન લે એવો આ તેમને અનુભવ થયો હતો! આઠ મહિનાની જેલ જેવી પરિસ્થિતિથી જ તેઓ ખૂબ ત્રાસી ગયા હતા, તેમાં છેલ્લે થએલા આ અનુભવે તેમને ખૂબ અકળાવી મૂક્યા હતા અને તોફાનના આ સતત ત્રાસ

કરતાં તો આ મૃત્યુથી મુક્તિ અને શાંતિ મળે તે વધારે સારું એમ તેમને લાગતું હતું. કેટલાક દિવસથી ચાલતું પ્રકૃતિનું આ પ્રલય-તાંડવ પછી તો એટલું બધું વધી ગયું કે એના ભયને લીધે, અતિશય માનસિક અસ્વસ્થતા, ગભરામણ, ચિંતા, વ્યાધિ ને વેદનાથી તેઓમાંના ઘણાખરાના ચહેરા સાવ ફિક્કા અને નિસ્તેજ બની ગયા અને તેમના માથાના બધા વાળ એકાએક સફેદ થઈ ગયા!

પણ અંતે તોફાન શમ્યું અને તેઓ બધા જ જીવતા રહ્યા. તેમના જીવમાં જીવ આવ્યો અને તેઓ ઉત્સાહ અને સ્ફૂર્તિ પણ અનુભવવા લાગ્યા. બરફમાંથી મુક્ત થએલું તેમનું વહાણ ખસતું ખસતું છેક ઈંગ્લંડની નજીક આવી ગયું હતું. ૧૮૫૭ના જુલાઈમાં તેઓ ઈંગ્લંડથી ઊપડ્યા હતા અને ૧૮૫૮ના જૂનમાં તેઓ હજુ ઇંગ્લંડની નજીકમાં જ હતા! ત્રણ મહિના આગળ જવામાં ને આઠ મહિના પીછેહઠમાં વેડફાઇ ગયા હતા. વળી હવે તો ઇંગ્લંડ પાછા ફરવાનો સમય પણ થઈ ગયો હતો ને ઇંગ્લંડની પ્રજા પણ તેમના આગમનથી રાહ જોઈ રહી હતી. એકાદ અઠવાડિયામાં તો ઘરે પહોંચી જવાય એટલા તેઓ નજીક હતા. પરંતુ તેમની આગળ બે પ્રશ્નો હતા: એક, ઈંગ્લંડ જઇને લોકોને પોતાના કાર્યનો અહેવાલ શો આપવો? શું કુદરતી સંજોગોને લીધે પોતે કશું જ કરી શક્યા નથી એટલું કહીને બેસી જવું? અને બીજો પ્રશ્ન એ હતો કે શ્રીમતી ફ્રૅન્કલિને જે પૈસેપૈસો એકઠો કરીને પોતાના ખર્ચે જે આ અંતિમ ને મરણિયો પ્રયાસ કરી જોવાની ઇચ્છા અમલમાં મૂકી હતી એને કુદરતી સંજોગોને લીધે પોતે કશું જ કરી શક્યા નથી એમ કહી શું જીવનભરની નિરાશાનો અનુભવ કરાવવો?

મૅક્લિન્ટૉકે બધાને પરિસ્થિતિનું ગાંભીર્ય સમજાવ્યું અને પૂછી જોયું, 'બોલો, હવે કઈ તરફ જવું છે? ઇંગ્લંડ તરફ કે ઉત્તર તરફ? એક બાજુ થોડા જ દિવસમાં ઘરે પહોંચી આરામ કરી શકાય છે, અને બીજી બાજુ એક આખા વર્ષનો શ્રમ પડેલો છે.'

'ઉત્તરતરફ' સૌએ ગંભીરપણે વિચાર કરી સર્વાનુમત જવાબ આપ્યો.

'આપણી પાસે પૂરતો ખોરાક નથી.' મૅક્લિન્ટૉકે ચોખવટ કરી.

'રસ્તામાં અમે ત્યાંથી એ મેળવી લઈશું, અને જરૂર પડ્યે ચલાવી લઇશું.' સૌનો એ જવાબ હતો,

'તો પછી અહીંથી જ આપણે પાછા ઊપડવું જોઇએ, કારણ કે ઉનાળો શરૂ થઇ ચૂક્યો છે અને ઋતુ હવે અનુકૂળ લાગે છે.'

થોડા કલાક પહેલાં પ્રલયકાળ જેવા તોફાનમાં બધાના હોશકોશ ઊડી ગયા હતા અને તોફાન શમતાં અત્યારે તેઓ બધા જ ઉત્તર તરફ જવાના ઉત્સાહમાં આવી ગયા હતા.

અને ૧૮૫૮ના જૂનમાં નાનકડું ફૉક્સ દરિયામાંથી જ ફરી ઉત્તર તરફ ચાલવા લાગ્યું. આ વર્ષે સમુદ્ર એટલો બધો શાંત ને અનુકૂળ હતો કે બેફિન સમુદ્રમાં થઇને લૅન્કેસ્ટરની ખાડીમાં પ્રવેશી ઠેઠ બીચી ટાપુ સુધી પહોંચી જતાં તેમને કંઇ પણ વિઘ્ન નડ્યું નહિ. ઑગસ્ટ અંતમાં તો તેઓ ત્યાં પહોંચી ગયા અને એ ટાપુ પર એક મોટા પથ્થર ઉપર મૅક્લિન્ટૉકે પોતાની સફરની વિગતો કોતરી.

પોતાની યોજના મુજબ લૅન્કેસ્ટરની ખાડી પછી દક્ષિણ દિશા તરફ તેઓ જવાના હતા. એ માટે તેમણે દક્ષિણ તરફની 'પીલ' નામની ખાડીમાં પ્રવેશ કર્યો. લગભગ પચીસ માઈલ સુધી તેઓ તેમાં આગળ ગયા, પરંતુ ત્યાંથી આગળ તેમનાથી બિલકુલ જઇ શકાય એમ નહોતું, કારણકે સમુદ્રમાં એક કિનારાથી બીજા કિનારા સુધી પાણી ઉપર ઠરેલા બરફનું અખંડિત પડ જામી ગયું હતું. એ અભેદ્ય પડને લીધે તેમણે ત્યાંથી પાછા ફરી 'પ્રિન્સ રીજન્ટ ઇનલેટ' મારફત દક્ષિણ તરફ જવાનો પ્રયાસ કર્યો; પરંતુ ત્યાં પણ આગળ જતાં બેલૉટ સામુદ્રધુનીમાં પુષ્કળ બરફ હતો. આમ છતાં એમાંથી માર્ગ થઈ શકે એવી શક્યતા જણાતાં તેમણે સઢ અને વરાળયંત્રનો પૂરો ઉપયોગ કરી બરફ સામે ધસારો કર્યો. પોચા બરફ વચ્ચેથી એ રીતે તેઓ આગળ તો પહોંચ્યા પરંતુ સમુદ્રમાં હિલોળા લેતાં મોટાં મોટાં મોજાંને લીધે તેઓ પાછા ધકેલાઇને હતા ત્યાં ને ત્યાં આવી ગયા. આવી રીતે તેમણે આગળ વધવા માટે પાંચ વાર પ્રયાસ કર્યો અને પાંચે વાર તેઓ પાછા ધકેલાઈ આવ્યા. આમ કરતાં દિવસો પસાર થવા લાગ્યા ને અનુકૂળ ઋતુનો અંત આવવા લાગ્યો. શિયાળો બેસવાની શરૂઆત થઈ ચૂકી અને વધુ પ્રયત્ન માટે અવકાશ ન રહ્યો. અલબત્ત, શિયાળો વીત્યા પછી તેમની પાસે પુષ્કળ સમય હતો, એટલે અત્યારે તો તેઓ શિયાળાનો સમય પસાર કરી શકાય એવી અનુકૂળ જગ્યાની તપાસમાં પડ્યા.

શિયાળાની દીર્ઘ રાત્રિ નિર્વિઘ્ને પસાર થઈ ગઈ અને અનુકૂળ ઋતુ શરૂ થતાં મૅક્લિન્ટૉકે નકશાઓ જોઇને આસપાસના પ્રદેશનો પ્રવાસ બરફગાડી સાથે કરવાની યોજના તૈયાર કરી. પરંતુ એ અમલમાં મૂકતાં પહેલાં પોતે એ ભયંકર ઠંડીમાં પણ એસ્કિમોનો સંપર્ક સાધવા એકલો નીકળી પડ્યો, કારણકે એસ્કિમો પાસેથી થોડીઘણી માહિતી મેળવવાથી તપાસકાર્ય સરળ થઈ પડે એમ હતું. ૨૫ દિવસમાં ૪૨૦ માઇલનો પગપાળા પ્રવાસ કરી, બૂથિયા ટાપુના એસ્કિમોનો સંપર્ક સાધી, એણે જાણી લીધું કે બે વહાણમાંથી એક વહાણ તો ફેલિક્સ ભૂશિર આગળ બરફમાં તદ્દન ભાંગી ગયું છે. આ એસ્કિમો પાસે એણે ફ્રૅન્ક્લિનનાં વહાણો 'એરબસ' અને 'ટેરર'ની ઘણી ચીજો જોઈ.

એપ્રિલનો આરંભ થતાં યંગ, હૉબસન ને મૅક્લિન્ટૉક જુદીજુદી દિશામાં તપાસ કરવા ઊપડ્યા. યંગ પ્રિન્સ ઑવ વેલ્સ લૅન્ડ તરફ ગયો. હૉબસન કિંગ વિલિયમ લૅન્ડના ઉત્તર કિનારા બાજુ ગયો અને મૅક્લિન્ટૉક કિંગ વિલિયમ લૅન્ડના પૂર્વ કિનારે એક નદીના મુખ તરફ ગયો. એમની બરફ ગાડીઓ ખેંચવા માટે એસ્કિમો પાસેથી કૂતરા મળી ગયા હતા, એટલે એમની એટલી તકલીફ ઓછી થઇ હતી.

પ્રિન્સ ઑવ વેલ્સ લૅન્ડ તરફ જતાં ઍલન યંગ અને એના સાથીદારોને ઓછા ખોરાકને કારણે ખૂબ થાક લાગવા માંડ્યો, એટલે તેણે પોતાની સાથે ફક્ત એક જ માણસ રાખી બીજા બધાને વહાણ પર પાછા મોકલી દીધા. ત્યાર પછી એ ટાપુના કિનારે કિનારે ચાલીસ દિવસ સુધી સતત રખડપટ્ટી કરી એણે ત્યાંથી ખાડી ઓળંગી વિક્ટોરિયા ટાપુ તરફ જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બરફની ઊંચીનીચી વિશાળ ભેખડોને લીધે એનાથી આગળ જઇ શકાયું નહિ. વળી એની તબિયત પણ તદ્દન લથડી ગઇ હતી, એટલે વહાણ પર એ પાછો ફર્યો. વહાણ પર એણે ફક્ત બે જ દિવસનો આરામ લીધો ને ત્રીજે દિવસે, તબિયત ખરાબ હોવા છતાં અને દાક્તરે રખડવાની ચોખ્ખી ના પાડી હોવા છતાં, પીલ ખાડી તરફ એ એકલો નીકળી પડ્યો. જોકે થોડા નવા પ્રદેશમાં ઘૂમવા સિવાય અને કેટલીક ભૌગોલિક માહિતી મેળવવા સિવાય એને તપાસ-કાર્યમાં કંઈ સફળતા મળી નહિ.

હૉબસન ફૅલિક્સ ભૂશિર તરફ જવા નીકળ્યો. કેટલેક સુધી તો તેની અને મૅક્લિન્ટૉકની દિશા એક જ હતી, એટલે ત્યાં સુધી તેઓ બંને સાથે હતા. પછી હૉબસન પૂર્વ તરફ અને મૅક્લિન્ટૉક દક્ષિણ તરફ ગયા. આ પ્રદેશની રખડપટ્ટીમાં હૉબસનને ખૂબ થાક લાગ્યો હતો અને એને લીધે એને રક્તપિત્ત અને રક્તક્ષયની અસર જણાવા લાગી હતી. એના સાથીદારોએ એને વહાણ પર પાછા જઈ આરામ લેવાનું જણાવ્યું, છતાં એણે ન ગણકારતાં પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો. વિક્ટોરિયા સામુદ્રધૂનીમાં પ્રવેશતાં સમુદ્રમાં ચારે તરફ બરફનું વિકરાળ સ્વરૂપ જોવા મળતું હતું. આવા સમુદ્રમાં વહાણ સપડાઇ જાય

એમાં શંકા નહોતી. આ તરફ ફરતાં હૉબસનને કિનારા પર થોડે થોડે અંતરે બંને ભાંગેલાં વહાણ અને એક હોડી જોવા મળી. ત્યાંથી વિક્ટરી પૉઈન્ટ પાસે પહોંચતાં એને પથ્થરોના એક ઢગલામાં ફ્રૅન્કલિનની ટુકડીએ મૂકેલો કાગળ જડી આવ્યો, જેમાં મહત્ત્વની વિગતો લખવામાં આવી હતી. એટલામાં બીજે એક સ્થળે કપડાં અને બીજી પરચૂરણ વસ્તુઓનો મોટો ઢગલો પડ્યો હતો. એમાંનાં કેટલાંક કપડાં અને વસ્તુઓ તો એસ્કિમો ઉપાડી પણ ગયા હશે! પરંતુ જે ત્યાં પડ્યું હતું તે પરથી યે લાગતું હતું કે ફ્રૅન્કલિનની ટુકડીના માણસો ત્યારે એવા સંકટમાં હશે કે જ્યારે આ અત્યંત જરૂરની વસ્તુઓ પણ ભારરૂપ લાગતાં એમણે અહીં છોડી દીધી હશે. ફ્રૅન્કલિનનાં વહાણ, એક અત્યંત મહત્ત્વનો કાગળ અને બીજી પરચૂરણ વસ્તુઓનો પોતે પત્તો મેળવી શક્યો એથી હૉબસન ખૂબ ઉત્સાહમાં આવી ગયો અને પોતે રક્તક્ષયથી પીડાતો હતો છતાં વધુ તપાસાર્થે બરાબર એક મહિનો એ આસપાસના પ્રદેશમાં રખડ્યો. છેવટે એ એટલો બધો અશક્ત થઈ ગયો કે એના સાથીદારો એને બરફગાડીમાં નાખીને વહાણ પર લઇ આવ્યા.

પણ તપાસ માટે વધુમાં વધુ રખડપટ્ટી મૅક્લિન્ટૉકે કરી. કિંગ વિલિયમ લૅન્ડના પૂર્વ તરફના કિનારે કિનારે દક્ષિણ તરફ પહોંચી એણે પ્રથમ કેટલાક એસ્કિમોનો સંપર્ક સાધ્યો અને તેમની પાસેથી ચાંદીના ચમચા, ચાંદીની તાસકો, ઘડિયાળો, બંદૂકો વગેરે ઘણી વસ્તુઓ ખરીદી લીધી. ત્યાર પછી એણે પુસ્તકો, નકશાઓ અને લેખિત અહેવાલો મેળવવા માટે પ્રયાસો કર્યા. એસ્કિમોના જણાવ્યા પ્રમાણે વહાણમાં ઘણાં પુસ્તકો હતાં જે શિયાળાના ખરાબ હવામાનમાં ખવાઇ ગયાં, લુપ્ત થઈ ગયાં ને કેટલાંક પાણીમાં ઘસડાઈ પણ ગયાં હતાં. છતાં, એ સાહસિકોએ પોતાની સફરનો અત્યંત મહત્ત્વનો અહેવાલ મરતાં સુધી સાચવવાનો પ્રયાસ તો કર્યો જ હશે અને એ માટે છેલ્લે મૃત્યુ પામેલા માણસો કોણ હશે એની પૂરતી તપાસ કરવી જોઇએ. રસ્તામા ઠેરઠેર પડેલઃ મૃતદેહોનાં હાડપિંજરો પરથી અનુમાન થઈ શકતું હતું કે તેઓ બધા બેક નદીના મુખ તરફ જઈ રહ્યા હતા, અને જે અશક્ત થઈ જતા હતા તેમના દેહ રસ્તામાં પડતા જતા હતા. મૅક્લિન્ટૉક એ માટે બેક નદીના મુખ તરફ જવા લાગ્યો અને રસ્તામાં જ્યાં હાડપિંજર દેખાય ત્યાં અને એટલામાં આસપાસ ફરીફરીને બારીકાઇથી તપાસ કરવા લાગ્યો. આ રીતે એની રખડપટ્ટી દિવસો સુધી ચાલવા લાગી. એમ કરતા એ કિંગ વિલિયમ લૅન્ડના દક્ષિણ છેડા સુધી પહોંચ્યો. રસ્તામાં એણે ઘણાં હાડપિંજરો જોયાં. પરંતુ ત્યાથી એને કશું ખાસ મળ્યું નહિ. ત્યાર પછી ત્યાંથી પાછા ફરતાં એણે પશ્ચિમ તરફ ચાલવા માંડ્યું. એ તરફ પણ એણે જે કેટલાંક હાડપિંજરો જોયાં, એ પરથી એને લાગ્યું કે છેલ્લે સુધી જીવતા રહેલા માણસોએ એ દિશા પકડી હશે. તે તરફ તપાસ કરતાં એક સ્થળે એક હોડી પડેલી જોવા મળી, જેમાં બે હાડપિંજરો પડ્યાં હતાં. તેમની પાસે ઘણી અગત્યની વસ્તુઓ, કેટલીક ઝાંખી પડી ગએલી અને ખવાઈ ગએલી ચોપડીઓ તથા બીજા ઘણા મહત્ત્વના કાગળો વગેરે પડ્યાં હતાં. મૅક્લિન્ટૉકને લાગ્યું કે છેલ્લે આ બે માણસો પોતાની શક્તિ ટકાવી જીવતા રહ્યા હશે, બધી માહિતી સાચવી સાચવીને લાવી રહ્યા હશે અને માર્ગમાં જરૂર પડે માટે હોડી પણ સાથે ખેંચી લાવ્યા હશે, ને ત્યાં એ હોડીમાં સૂતા પછી બંને ગુજરી ગયા હશે! આ હોડીમાંથી બીજી કેટલીક વસ્તુઓની સાથે થોડા રતલ ચાની ભૂકી અને ચાકલેટ પણ મળી આવી. એ સિવાય ખાવાની વસ્તુઓમાં બીજું કશું જ નહોતું. આ પરથી લાગે છે કે તેમણે છેલ્લે છેલ્લે દેહ ટકાવી રાખવા માટે ચા ને ચૉકલેટનો ઉપયોગ કર્યો હશે.

અહીંથી આગળ જતાં મૅક્લિન્ટૉક વિક્ટરી પૉઈન્ટ પાસે આવી પહોંચ્યો. હૉબસને જોએલાં વહાણ મૅક્લિન્ટૉકે પણ અહીં જોયાં. ફ્રૅન્કલિનનાં બંને વહાણોના ભગ્નાવશેષ જોઈ મૅક્લિન્ટૉક વિચારે ચડી ગયો. જે સ્થળ આગળ પોતે આવ્યો હતો એ સ્થળ નકશામાં જોતાં એને ભૂતકાળનો ઇતિહાસ સાંભરી આવ્યો. ઈ.સ. ૧૮૩૦માં સર જેમ્સ રૉસ આ જ જગ્યાએ આવ્યો હતો. આ વિક્ટરી પૉઇન્ટ નજીક સમુદ્રમાં જમીનના બે ફાંટા જતા હતા, જાણે એકબીજાના સાથી ન હોય! એ જોઇ રૉસને એ બંને ફાંટાઓને પોતાના ગાઢ મિત્ર ફ્રૅન્કલિન અને તેની પત્નીનું નામ આપવાનું મન થયું. એણે પોતાના નકશામાં એકને 'લેડી જેન ફ્રૅન્કલિનની ભૂશિર' અને બીજાને 'સર જૉન ફ્રૅન્કલિનની ભૂશિર' તરીકે ઓળખાવ્યા. વિધિની કેવી વિચિત્રતા કે એ પછી અઢાર વર્ષ બાદ સર જૉન ફ્રૅન્કલિનની ભૂશિર આગળ જ જૉન ફ્રૅન્કલિનનાં બંને વહાણોનો નાશ થયો અને એનું પોતાનું પણ અવસાન થયું!

૧૮૫૯ના જૂન મહિનાની ૧૮મી તારીખે મૅક્લિન્ટૉકે હજારો માઈલની રખડપટ્ટી કરી પોતાનું તપાસકાર્ય પૂરું કર્યું. આ આખી રખડપટ્ટીમાં એણે કિંગ વિલિયમ લૅન્ડની પગપાળા પ્રદક્ષિણા પૂરી કરી. એમાં એક મહત્ત્વનું અવલોકન એણે એ કર્યું કે વાયવ્ય દિશામાં જવા માટે સૌથી વધુ સલામત દરિયાઇ માર્ગ કિંગ વિલિયમ લૅન્ડની પશ્ચિમ તરફથી નહિ, પણ પૂર્વ તરફથી છે. ફ્રૅન્કલિનની ટુકડીએ પૂર્વ તરફનો માર્ગ લીધો નહોતો, કારણ કે નકશામાં એ ટાપુને માત્ર બૂથિયા ટાપુઓ સાથે જોડતી એક સંયોગીભૂમિ જ બતાવવામાં આવી હતી. હકીકતે એવી કોઇ સંયોગભૂમિ ત્યાં હતી નહિ, એટલે કે વહાણો ત્યાંથી અવરજવર કરી શકે એવો સમુદ્ર જ ત્યા હતો. જો નકશામાં આ ભૂલ ન થઇ હોત તો ફ્રૅન્કલિને પૂર્વ તરફનો જ માર્ગ લીધો હોત, અને તો આ કરુણ દુર્ઘટના થવા પામી ન હોત! પણ કુદરતના ક્રમ આગળ કોનું ક્યાં કશું ચાલે છે?

ફ્રૅન્કલિનની ટુકડીના જેટલા મળ્યા એટલા બધા જ અવશેષો પોતાની સાથે લઈ મૅક્લિન્ટૉક જેમ જેમ હવે પોતાના વહાણ તરફ પાછો ફરતો જતો હતો તેમ તેમ તેની તબિયત લથડતી જતી હતી, છતાં એણે પોતાનું ધૈર્ય ટકાવી રાખ્યું હતું. વહાણ પર જ્યારે એ આવી પહોંચ્યો ત્યારે એને સમાચાર મળ્યા કે પોતાના માણસોમાંથી બેનાં રક્તક્ષયને કારણે અવસાન થયાં છે અને ઍલન યંગ, હૉબસન વગેરે બીજા ઘણા માંદા પડ્યા છે. આથી ઘડીભર તો એને થયું કે સૌ સહીસલામત ઘરે પહોંચાશું કે કેમ? ફ્રૅન્કલિનની શોધ માટે પોતે કરેલા અથાગ શ્રમનો મળેલો બદલો શું આમ જ વેડફાઈ જશે? આથી એણે પોતાની માંદગીની વાત પ્રગટ ન કરી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા સૌને પ્રોત્સાહન આપવા માંડ્યું. કાર્ય પૂરું થયું હતું એટલે વહાણ ઇંગ્લંડ તરફ પાછું ફરવા લાગ્યું. આરામ મળવાથી—અને વિશેષ તો પોતાને મળેલી શોધસિદ્ધિ અને સફળતાના આનંદથી દિવસે દિવસે સૌની તબિયત સુધરતી ગઇ. તેમને વધારે આનંદ તો એટલા માટે હતો કે જે ભેદ ઉકેલવા માટે દસદસ વર્ષથી મોટાંમોટાં વહાણો સાથે આવેલા સેંકડો માણસો નિષ્ફળ ગયા હતા તે ભેદ માત્ર પચ્ચીસ માણસો સાથે નીકળેલું એક નાનકડું વહાણ ઉકેલી લાવ્યું હતું.

સપ્ટેમ્બરના અંતે તેઓ જ્યારે ઇંગ્લંડ પહોંચ્યા ત્યારે તેમની પાસેથી માહિતી મેળવવા અને તેમની વાતો સાંભળવા સૌ કાગને ડોળે ખડેપગે થઈ ગયા. આ શોધકાર્યમાં સફળતા મેળવવા માટે મૅક્લિન્ટૉકને ઇંગ્લંડની પ્રજા તરફથી ઘણું માન મળ્યું. સરકારે એના કાર્યની યોગ્ય કદર કરી એને 'નાઈટ'નું બિરુદ આપ્યું. વળી જે સમુદ્રમાં એણે તપાસ-કાર્ય કર્યું તેને 'મૅક્લિન્ટૉક'નું નામ આપવામાં આવ્યું. ☐



૩૧ની વયનીસાદી આફ્રિકી કન્યા આલ્થીઆ ગિબસન બહુ સાધારણ સંજોગોમાંથી આગળ વધીને ટેનિસની દુનિયાની સામ્રાજ્ઞી બની છે.



૧૯૨૭માં અમેરિકામાં જન્મેલી આલ્થિયાના ખેડૂત પિતા કાળી મહેનત કરતા છતાં વાર-વાર પાક નિષ્ફળ જવાથી પરેશાન થઈ જતા.



તેથી તેણે ન્યૂયૉર્કમાં નોકરી લીધી. ત્યાં બાળપણથી જ ખેલાડીનાં લક્ષણો દેખાડતી આલ્થિયા સૌ છોકરાઓને સ્ટિકબૉલમાં હરાવતી.



૧૪મેવર્ષેતોતેનામાંવિચારનીગુલામીનસ્વીકારવાની શિસ્તવિરોધી લાગણી જાગી. ઘરના કડક નિયમો પાળતાંછતાં તે ઘણી દુ:ખી રહેતી.



એક દિવસ એક રમતશિક્ષકે તેને પેડલ-ટેનિસ રમતી જોઇ. તેની તાકાતમાં ને ભયંકર સ્પર્ધાત્મક જુસ્સામાં એણે કંઈક અસાધારણ જોયું.



તેણે તેને હેતથી ટેનિસ શીખવવાની ગોઠવણ કરી. આથી તેનો આંતરિક સંઘર્ષ દૂર થઈ પોતાની શક્તિનો સદુપયોગ કરવાનં સાધન મળ્યું.



હવે તેને કૉલેજની શિષ્યવૃત્તિ પણ ને એક નોકરી પણ મળી. કામનો ભારે બોજો છતાં તે પોતાની રમત ધારદાર બનાવ્યા જ કરતી.




તે અમેરિકાની રાષ્ટ્રીય સ્પર્ધામાં પહેલી વાર ઊતરી. ઢીલી, ગભરાતી, ને કામથી થાકેલી છતાં ત્યાં તેણે બહુ પ્રશંસનીય દેખાવ કર્યો.



અને અંતે ૧૯૫૭માં ૩૦ વર્ષની વયે તેણે વિમ્બલ્ડનના જગતના સૌથી મહત્ત્વના સામનામાં વિજય મેળવી કારકિર્દી પર કળશ ચડાવ્યો.

એક વખત લગભગ ગુનાખોર બનવાની અણી પર રહેલા જીવનમાંથી આગળ વધીને એ ઇતિહાસની સર્વ શ્રેષ્ઠ સ્ત્રી–ટેનિસ–ખેલાડી બની છે.



જિંદગીમાં જે હાર પામે છે,
ફૂલ બદલે જે ખાર પામે છે,
જે પચાવે છે ઝેર દુનિયાનાં,
એ જ જીવનનો સાર પામે છે.


(પમરાટ) —'મુકબિલ' કુરૈશી

રાષ્ટ્રાધ્યક્ષા શ્રીમતી ઇંદિરા ગાંધી

ગયા ફેબ્રુઆરીની ૮મીએ કૉંગ્રેસના પ્રમુખપદે આવેલાં શ્રીમતી ઇંદિરા ગાંધી, એ ઍની બેસંટ, સરોજિની નાયડુ અને નીલી સેનગુપ્તા પછીનાં ચોથાં સ્ત્રીપ્રમુખ છે, એટલું જ નહિ પણ સુભાષચન્દ્ર બોઝ અને જવાહરલાલ નેહરુ પછી નાની ઉંમરનાં તેઓ ત્રીજાં પ્રમુખ છે. કૉંગ્રેસ પ્રમુખ તરીકેની એમની બિનહરીફ ચૂંટણી ઘણીરીતે યોગ્ય પણ છે. યુવક કૉંગ્રેસ ને સમાજ-કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાએલાં તેઓ દેશની આજની વિવિધ વિકટ સમસ્યાઓથી જાગરૂક છે તથા નવા લોહીનાં પ્રતિનિધિ અને પ્રતીક સમાં છે.

ઈ. ૧૯૧૭માં (જે વર્ષે કૉંગ્રેસની કલકત્તા બેઠકનાં પ્રથમ સ્ત્રી-પ્રમુખ તરીકે ઍની બેસંટ આવેલાં એ જ વર્ષની) ૧૯મી નવેમ્બરે એમનો જન્મ. ઇંદિરા પ્રિયદર્શિની એ એમનું પૂરું નામ. એ જ વર્ષે પ્રથમ વિશ્વવિગ્રહ પૂરો થઈ દેશની પ્રજામાં જાગૃતિ વધવાની શરૂઆત એ કાળથી થઇ ચૂકી હતી. પિતા અને પિતામહ બંને દેશસેવાના રંગે રંગાયા હતા અને માતાની માંદગી લંબાએલી રહેતી હતી. આમ, એમનું બાળપણ માતાપિતાની જે છાયામાં વીતવું જોઇએ એથી કંઇક જુદી જ રીતે વીતેલું. એમનો અભ્યાસ પણ ઘરથી દૂર શાંતિનિકેતન, સ્વિટ્ઝર્લૅન્ડ અને છેલ્લે ઑક્સફર્ડમાં થએલો. પણ ગાંધીજી ને ટાગોર જેવાનું વાત્સલ્ય મેળવનાર એમને બધે ઘર જ હતું. ને દેશસેવાનો જે વારસો એમને મળ્યો છે એવો બહુ ઓછાંને મળ્યો હશે.

બાર વર્ષનાં હતાં ત્યારે અસહકારની લડતમાં તેમણે વાનરસેનાનું નેતૃત્વ સંભાળ્યું. પણ એમની પ્રિય સમાજકલ્યાણની પ્રવૃત્તિની ખરી શરૂઆત તો એમણે પૂનાના પોતાના અભ્યાસકાળ દરમિયાન હરિજનો વચ્ચે રહીને કરેલા કાર્યથી થઇ ગણાય. ત્યારે તેમણે હાથ-વણાટનું કામ પણ બાકી નહિ રાખેલું. વિદ્યાર્થી અવસ્થામાં તેમણે દેશમાં તેમજ પરદેશમાં ઘણી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો છે. પછી ૧૯૩૮માં તેઓ કૉંગ્રેસમાં જોડાઇને તેમાં સક્રિય ભાગ લેવા લાગ્યાં. ૧૯૪૨માં શ્રી ફિરોઝ ગાંધી સાથે એમનું લગ્ન થયું અને એ જ વર્ષે આઝાદીની ચળવળ ઊપડતાં એમને જેલવાસ ભોગવવો પડ્યો.



ઈ. ૧૯૨૪માં એકવીસ દિવસના ઉપવાસ પૂરા કર્યાની બે કલાક અગાઉ કુ. ઇંદિરા પ્રિયદર્શિનીનો હાથ વાત્સલ્યથી પોતાના હાથમાં લઈ ગાંધીજી સૂતા છે. ('કુમાર' અંક ૧૧માં પ્રકટ થએલો ફોટોગ્રાફ.)

૧૯૪૭માં ગાંધીજીની સાથે રહી દિલ્હીના તોફાનગ્રસ્ત વિસ્તારોમાં કામ કર્યું. '૫૫માં તેઓ કૉંગ્રેસની કારોબારીનાં સભ્ય થયાં ને ત્યારથી સેન્ટ્રલ એડ્યુકેશન બોર્ડનાં પણ સભ્ય રહેલાં.

દેશસેવાની કાયમી ગડમથલમાં પડેલા અને પછી દેશનું દોહ્યલું સુકાન સંભાળી રહેલા પિતાની સારસંભાળ

આપણાં પ્રાણીઓ : ૨૧
છીંકારું



હરણની જાતમાં, આમ તો સાધારણ રૂપ-રંગના, પરંતુ અત્યંત લાવણ્યમય અને આકર્ષક એવા મૃદુ, સુંદર, કાતર, પ્રેમપૂર્ણ, ને સપ્રમાણ આંખો ધરાવતા આ પ્રાણીનું શાસ્ત્રીય નામ છે Gazella bennetti.

બાંધો એના પિતરાઇ કાળિયાર જેવો, પણ નાનો–બકરી જેવડો, લગભગ ૨૬"નો. માદા સહેજ ઠીંગણી. દેહ સુકુમાર ને નમણો. કાયા સવા મણની. ગરદન પાતળી. પગ દૂબળા–દોરડી જેવા દેખાય, પણ દોડવામાં કાળિયારથી જ હારે. આંખ નીચે નાની મદનગ્રંથિ. નર, માદા, બચ્ચાં, સૌ રંગે એકસરખાં: પીઠ પર ધૂળિયા કે આછા બદામી સહેજ ગુલાબી છાંટવાળા રંગનાં. દાઢી, છાતી, પેટ ને ઢગરા સુધીનો ભાગ સફેદ. પૂંછડી ટૂંકી ને કાળી–જેને લીધે એનું ગ્રામ્યનામ 'કાળપૂછિયું' પડ્યું. પીઠ સુંવાળી. મોંની બંને બાજુએ ઊભી ધોળી લીટી: એની સામે લગોલગ લાલાશપડતી ઝીણી પટ્ટી. ઢીંચણ પર વાળનાં ભોથાં–કાળાં કે છીંકણી રંગનાં. નરનાં શિંગડાં સીધાં–વળ વિનાનાં. એ પર આંગળઆંગળને છેટે કડીઓ –દસપંદર જેટલી. શિંગડાં ટોચે સહેજ પીઠ તરફ ઢળતાં. ભાગ્યે જ ૧૦"થી ઊંચાં. માદાને નાનીનાની રૂપાળી શિંગડીઓ-ક્વચિત્ કડીવાળી, ક્વચિત્ સીધી.

ગંધ ને શ્રવણશક્તિ સાધારણ. દૃષ્ટિ પણ સામાન્ય. ચમકે ત્યારે પગ પછાડે ને છીંછીં છીંકો ખાય, એથી એનું નામ 'છીંકારું' પડ્યું. બેત્રણ કે પાંચથી વધારે ભેગાં જોવામાં ન આવે. મેદાનમાં રખડનારું, સ્વભાવે ચપળ, પણ ભારે સાવધાન બીકણ પશુ. અને સાથે મળતાવડું પણ ખરું. ઘાસ, ફળ, ફૂલ, પાન બધું યે એને ભાવે. ખેતરમાં ઊભા મોલ પણ ચરી જાય. એ માટે રાતે યે ભમનારું.

તેનો પ્રજનનકાળ નિશ્ચિત નથી. માદા એક કે બે બચ્ચાંને જન્મ આપે.

અને એમના ગૃહનો બધો ભાર એમણે જ ઉપાડી લીધો છે. આ ઉપરાંત, છેલ્લાં ત્રણચાર વર્ષથી મુખ્યત્વે સ્ત્રીઓ અને બાળકોને લગતી પ્રવૃત્તિઓમાં તે ઘણો ઊંડો રસ લઈ રહ્યાં છે. કૉંગ્રેસના મહિલા વિભાગના પ્રમુખ તરીકે પણ એમણે ઘણી મૂક સેવાઓ આપી છે. દિલ્હીમાં 'બાલ સહયોગ' નામની પ્રવૃત્તિ, જે દેશના અપંગ અને અનાથ બાળકોને કંઇ ને કંઇ હુન્નરઉદ્યોગ શીખવી સ્વાવલંબી અને સ્વમાનથી રોજી મેળવી લેવા જેટલી તૈયારી કરાવી આપે છે તે એમની જ મહેનતનું ફળ છે. આ ઉપરાંત, અલ્લાહાબાદનાં સ્ત્રીઓ અને બાળકોને આશીર્વાદ સમી સંસ્થા 'કમલા નેહરુ વિદ્યાલય' પણ એમણે જ સ્થાપ્યું છે.

વડા પ્રધાનનાં પુત્રી કે અગ્રગણ્ય સમાજસેવિકા તરીકે જ તેઓ વધુ જાણીતાં છે એનું કારણ એમની પ્રવૃત્તિ વિષેનું એમનું મૌન છે. હકીકતે તો આ ઉપરાંત પણ અનેક ક્ષેત્રે એમની આગવી પ્રતિભા ઝળકી શકે તેમ છે. આજે એમના પર આવેલી જવાબદારી જરા યે નાનીસૂની નથી જ. કૉંગ્રેસ આજે જે તબક્કામાંથી પસાર થઇ રહી છે એ તબક્કે તેનું સુકાન સંભાળવું ઘણું દુષ્કર કાર્ય છે. પણ એમને એ સંભાળતાં વાંધો નહિ આવે એવી સૌને આશા છે.



ઘણી વાર એવું લાગે છે કે જ્યારે કોઈ કાર્યમાં કોઈ સ્ત્રી ભાગ લે છે અને પુરુષોએ તેની સાથે સહકાર કરવો પડે છે ત્યારે પુરુષોએ પોતાની કંઈક સંકુચિતતા, કઠોરતા કે અસસ્કારિતા છોડી એવા સહયોગમાં પોતાના સ્વભાવની ઊજળી બાજુનો પરિચય આપવો પડે છે. આ જ કારણે પરસ્પર વિરોધી સ્વભાવના કે અભિપ્રાયના લોકો પાસેથી સ્ત્રીઓ ઠીકઠીક સહકાર પણ પ્રાપ્ત કરી શકે છે. વળી, શ્રીમતી ગાંધી તો નાનપણથી જ કૉંગ્રેસની સઘળી બાબતોથી પરિચિત છે. મુખ્યમુખ્ય કૉંગ્રેસી કાર્યકરો સાથે એમને ઘનિષ્ઠ પરિચય પણ છે. એટલે કૉંગ્રેસનું આખુ સંગઠન એમને માટે તો પોતાના મોટા પરિવાર સમું બની ગએલું છે. વળી, પિતાની સાથે એમણે દેશવિદેશના પ્રવાસો ખેડી ડૉલર, (અમેરિકા) વાંસ (ચીન જાપાન) કે લોખંડ(રશિયા)ના પડદા પાછળની દુનિયા અને પોતપોતાનાં ધ્યેય માટેની તેમની પ્રગતિ નજરે જોઈ છે. જગતના રાજકારણ અને વિકાસ સાથે સંકળાએલી લગભગ દરેક મુખ્ય વ્યક્તિનો તેઓને પરિચય છે. જોકે પોતે હજી રાજકીય વ્યક્તિ ન ગણાય છતાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોનું એમને પ્રત્યક્ષ જ્ઞાન તો છે જ. ઉપરાત, કૉંગ્રેસનું તંત્ર સંભાળતાં પિતાની અને અનેકાનેક કાકાઓની મદદ પણ એમને જ્યારે જોઇશે ત્યારે મળી શકશે. એટલે એમની વરણી કરી કૉંગ્રેસે નવા લોહીને દાખલ કરી યોગ્ય પગલું ભર્યું છે.

નાના ગામનું ન્યુસપેપર

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના પ્રજાજીવનના ઘડતરકાળમાં આપણે ત્યાં મોટામાં મોટી જરૂરત આપણાં અસંખ્ય નાનાં ગામ તથા કસ્બાઓની પ્રજાને સાચુ રચનાત્મક અને ચારિત્ર્યપોષક જ્ઞાન આપી સમસ્ત પ્રજાના જીવનધોરણની સાથે તેમનું 'રાષ્ટ્રીય નૈતિક ધોરણ' પણ ઊંચે લાવવાની જરૂરત છે. પત્રકારત્વમાં પડેલા આપણા શક્તિશાળી માણસોની અને પ્રજાનાયકો તથા સરકારની દૃષ્ટિ આ દિશાને ખીલવવા પાછળ નથી દોરાઈ એ દુર્ભાગ્ય છે. ગામ-કસ્બાના સ્થાનિક સમાચારો ઉપરાંત ત્યાંના પ્રાણપ્રશ્નોની ચર્ચા, સામાજિક દૂષણો સામે ઝુંબેશ, રચનાત્મક પ્રવૃત્તિઓને પોષણ, જ્ઞાન-સસ્કારની સામગ્રી અને મધ્યમકક્ષાના માણસોને જીવનમાં પ્રેરણા ને પ્રોત્સાહ તથા શાતા ને સમાધાન આપે તેવું સાહિત્ય, નિયમિત તથા ચોક્કસ દૃષ્ટિ અને યોજનાપૂર્વક આપતા રહીને જીવનકાર્યની સાથે દેશકાર્ય કરવાનો આ વ્યવસાય આપણે ત્યાં ખીલવવા જેવો છે. અનુભવી પત્રકારોને ઉત્તેજન આપીને દૃષ્ટિસંપન્ન શ્રીમંતો જો સહાય કરે તો પ્રજાઘડતરનું એક શાંત ને સંગીન કાર્ય થઈ શકે.

અમેરિકામાં તો મોટા શહેરના છાપામાં કામ કરતો કોઇ પત્રકાર એવો નહિ હોય જેને શહેરી છાપાની પોતાની અવિરત કામગીરીથી થાકચો હોય ત્યારે કોઇ નાના શહેરનું એકાદ સાપ્તાહિક પત્ર ચલાવવાનો વિચાર ન આવતો હોય. એવા પત્રમાં તે પોતાના કામના કલાક પોતે જ ગોઠવી શકે અને વધુ આરામની જિંદગી ગાળી શકે; કેમકે એના પ્રકાશન માટે સાત દિવસમાંથી એક જ દિવસના સમય બરાબર સાચવવાનો.

એવા એક જુવાન પત્રકાર 'રે શર્મન'ની આ વાત જાણવા જેવી છે. ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાંથી પત્રકારત્વના સ્નાતકની પદવી મેળવ્યા પછી એણે પહેલાં તો એક નાના શહેરના દૈનિક છાપામાં કામ કર્યું અને પછી એક મોટા શહેરના છાપામાં અનુભવ લીધો. દરમ્યાન એના મનમાં ઉપર કહ્યું તેવું 'નાના ગામનું ન્યુસપેપર' ચલાવવાનાં સ્વપ્નો તો રમ્યા જ કરતાં હતા. એવામાં એક દિવસ જેનેસિયો ગામના એક સાપ્તાહિક પત્ર 'લિવિંગ્સ્ટન રીપબ્લિકન'નું તંત્રીપદ સંભાળવાની તક આવી. જેનેસિયો ન્યૂ યૉર્ક રાજ્યના પશ્ચિમ ભાગમાં આવેલા લિવિંગ્સ્ટન પરગણાનું એક નાનું સરખું શહેર છે. અગાઉનો તંત્રી એ પત્રના ૧૦૦મી જયંતીનો અંક તૈયાર કરીને કામના વધુપડતા બોજાથી ભાંગી પડચો હતો. ઉત્સાહથી થનગનતા રેને લાગ્યું કે આપણને એવું કંઈ તો થાય જ નહિ. એટલે તેણે એ નોકરી લઈ લીધી. પછી એક પત્ની પણ મેળવી લીધી– પરણ્યો. પણ ત્યાં તો બીજું મહાયુદ્ધ આવ્યું એટલે તે એમાં ઊપડી ગયો.

યુદ્ધ પૂરું થયું ને રે પાછો આવ્યો ત્યારે પણ પોતાની ભાવિ જિન્દગી માટેનું એનું એ સ્વપ્ન જરાયે ઝાંખું પડ્યું ન હતું. યુદ્ધમાં તે મોતનો સામનો કરીને આવ્યો હતો. એ અનુભવને લીધે આટલી વસ્તુઓ મહત્ત્વની છે એની એને નવી દૃષ્ટિ પણ લાધી હતી: મિત્રતા, એકાંતનો સમય, અને સાર્થક જણાતું હોય તેવું કામ. એ ત્રણે 'નાના ગામના ન્યુસપેપર'માં પોતાને મળી રહેશે એની એને પ્રતીતિ હતી. એટલે પોતે જે પત્રમાં કામ કરતો હતો તે જ પત્ર ખરીદી લેવાની એણે યોજના કરી. એ કહે છે કે 'મેં અને બૅન્કે એ પત્ર ખરીદી લીધું.'–એટલેકે પત્ર પર ગીરોખત દ્વારા બૅન્ક પાસેથી મૂડી મેળવી. અત્યારે એ અને એની પત્ની પોતાના છાપામાંથી ખર્ચ કાઢવાની અને બૅન્કના પૈસા હપ્તાથી



[illegible] રીપબ્લિકન'નો તંત્રી રે શર્મન પોતાના કંપોઝીટર સાથે છાપાની રચના ચર્ચે છે. ઘણી વાર તો આવા છાપામાં છાપખાનું, તંત્રીકચેરી ને તંત્રીનો આવાસ એક જ હોય છે.

ભરપાઈ કરવાની એકમાત્ર નેમથી પોતાના કામમાં મચી પડયાં છે.

સારા તંત્રી થવા અંગે રેનો ખ્યાલ એવો છે કે એણે પહેલાં તો સારા નાગરિક બનવું જોઇએ, સામાજિક બાબતોમાં સક્રિય ભાગ લેવો જોઇએ. એ પોતે શહેરના બૉય-સ્કાઉટ-સંઘનો અધ્યક્ષ છે, શહેરનો કરનો દર નક્કી કરનાર મંડળનો સભ્ય છે, સ્થાનિક 'આગ-સેવા દળ'નો અગ્રણી છે (એ દળ સ્વયંસેવાના સિદ્ધાંત પર રચાએલું છે, કેમકે આવડા નાના શહેરને પૂરા સમયનું પગારદાર બંબાખાતું પાલવે નહિ), અને એ બંબાખાતાની ઍમ્બ્યુલન્સ ગાડીનો એ ડ્રાઈવર પણ છે! એ 'ન્યૂ યૉર્ક પ્રેસ એસે.સીએશનનો સભ્ય' બનીને પોતાના વ્યવસાયની અદ્યતન માહિતી તથા સામગ્રીથી જ્ઞાત રહે છે, અને સ્થાનિક ગૉલ્ફ કલબમાં પણ રમતગમતમાં ભાગ લે છે. વળી, રેની દૃષ્ટિ કેવળ પોતાના શહેરની સીમામાં જ બંધાએલી નથી. પોતાના જેનેસિયો ગામની ફરતા બાર માઇલના વિસ્તારમાં વસતાં જે ચૌદસો કુટુંબોની એ સેવા કરે છે તે તમામ પ્રત્યે પણ એને જવાબદારીની લાગણી છે.

એ માને છે કે મારું પત્ર સામાજિક બનાવોની 'સત્તાવાર' નોંધ માટે છે. એ રમૂજમાં કહે છે કે કોઇ બાળકનો જન્મ પણ જ્યાં સુધી મારા પત્ર (રીપબ્લિકન)માં નોંધાય નહિ ત્યાં સુધી તે સત્તાવાર ઠરતો નથી! આ ઉપરાંત સામાજિક પ્રવૃત્તિનો વિકાસ કરવો, વાચકોને જોઇતો માલ કયાં મળશે તે જણાવવું ને વેપારીઓને પોતાના માલની જાહેરાત કરવાનું સાધન પૂરું પાડવું એ પણ આ છાપાના અસ્તિત્વનો આશય છે.

રેના ઘણાખરા ગ્રાહકો જેનેસિયોથી મોટર રસ્તે એકાદ કલાકના અંતરે આવેલા રૉચેસ્ટર જેવા મોટા શહેરનું એકાદ છાપું પણ વાંચે છે; અને અલબત્ત, રેડિયો પણ તેમની પાસે હોય છે. એટલે રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય સમાચારો તો એ લોકો રેડિયો ને રૉચેસ્ટરના છાપામાંથી મેળવી લે છે. પણ રેના છાપામાંથી એમને એવા સ્થાનિક સમાચાર તથા બીજું શહેરહિતૈષી ને માર્ગદર્શક વાચન મળે છે જે બીજે કયાંયથી ન મળે. રે માને છે કે ગ્રામપ્રદેશના છાપાનું કામ શહેરનાં મોટાં છાપાંમાં છપાય છે તેવા વિશાળ મહત્ત્વના નહિ પણ પોતાના સ્થાનિક સમાજને જ મન ખાસ મહત્ત્વના એવા સમાચાર આપવાનું છે અને એ વાત ખયાલમાં રાખીને તો એ સફળ થયો છે.

આમાં રેની એક મોટી મૂંઝવણ વ્યક્તિગત પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે એવા સમાચારની માવજત કરવાની છે. નાના શહેરમાં તો તંત્રી દરેકને ઓળખતો હોય, ઘણાનો મિત્ર હોય. સામાન્યત: એ કોઈની નિંદા કે બદબોઇ કરનારા સમાચાર છાપતો નથી, પણ જ્યારે જાહેર હિતનો કોઈ પ્રશ્ન હોય અને એની માહિતી સમાજને આપવી જોઇએ તેવી હોય (દાખલા તરીકે જાહેર અધિકારીના ગોટાળાને લગતી હોય) તો એમાં કોણ સંડોવાય છે એની પરવા કર્યા સિવાય એ તટસ્થ બનીને અને સત્યને ચુસ્તપણે વળગી રહીને તે પ્રસિદ્ધ કરે છે.

એ કહે છે કે 'કોઈક વાર હું બીબાં ગોઠવનારું લાઈનોટાઈપ યંત્ર પણ ચલાવું છું, જરૂર પડે તો પ્રેસયંત્રો પણ ચલાવું છું, ને યંત્રોનું નાનું નાનું સમારકામ પણ કરું છું. પણ એક કામ હું નથી કરતો—ચોપડા નથી રાખતો ને બિલનાં નાણાં નથી ચૂકવતો. પ્રભુનો પાડ છે કે એ બધું મારી પત્ની કરે છે. એ તો અમારી ઑફિસની અગત્યની વ્યક્તિ છે. શહેરના સામાજિક પ્રશ્નો ચર્ચતી કટાર પણ એ લખે છે.'

રેને આ જીવન આદર્શ લાગે છે. જેમાં એ જીવનકાર્યની સાથે દેશકાર્ય પણ કરી શકે છે.

પૃથ્વી જમરૂખ-આકારની છે

આજ સુધીની માન્યતા એવી છે કે પૃથ્વી ઉપર-નીચેથી ચપટી, નારંગી જેવા ગોળ આકારની છે; પણ અમેરિકાની સંશોધન સંસ્થા 'નૅશનલ એરૉનૉટિક ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશનના થીઓરેટિકલ ડિવિઝન'ના સહસંચાલક ડૉ. જ્હૉન એ. ઑ'કીફે અમેરિકન ફિઝિકલ સોસાએટી સમક્ષ જાહેર કર્યું છે કે પૃથ્વીનો આકાર ધ્રુવપ્રદેશો આગળથી નારંગી જેવો ચપટો નહિ પણ જમરૂખ જેવો છે, જેમાં પૃથ્વીના



ઉત્તર ધ્રુવપ્રદેશ પરનો વિસ્તાર ઉપસેલો ને ઉત્તર મધ્ય અક્ષાંશો તથા દક્ષિણધ્રુવપ્રદેશના વિસ્તાર સહેજ દબાએલા છે. અલબત્ત, આ ઉપસેલા કે દબાએલા ભાગનું પ્રમાણ બહુ જ ઓછું છે. (જુઓ સાથેની આકૃતિ)

ઈ. ૧૯૫૮માં વૅન્ગાર્ડ સૅટેલાઈટ (કૃત્રિમ ચંદ્ર) બીટાના ભ્રમણનું ઝીણવટથી નિરીક્ષણ કરતાં જણાએલું કે બીટાના પરિભ્રમણમાં અમુક ચોક્કસ પ્રકારે ફેરફાર થતો રહે છે અમુક વખતે એ કૃત્રિમ ચંદ્ર તેને માટે ધારેલી ગતિ કરતાં સહેજ ધીમો ને કયારેક ધારણા કરતાં સહેજ વધુ ઝડપે ફરતો હતો. કૃત્રિમ ચંદ્રોની આ પરિભ્રમણની ગતિ પરથી પૃથ્વીના ગુરુત્વાકર્ષણનું બળ જાણી શકાય છે; એટલે બીટાની ગતિના આ ફેરફારનો અર્થ એ થયો કે પૃથ્વી પરના અમુક ચોક્કસ વિસ્તારો આગળ તેનું ગુરુત્વાકર્ષણનું બળ જુદું પડી જતું હતું; ને ગુરુત્વાકર્ષણના આ તફાવતના માપ પરથી પૃથ્વીનો આકાર અંદાજી શકાય. દાખલા તરીકે ઉત્તરધ્રુવ પર જોવા મળેલો ગુરુત્વાકર્ષણનો વધારો એમ બતાવે છે કે ત્યાંના ઍટલાંટિક મહાસાગર જેટલા વિસ્તાર પર લગભગ ૨૦૦ ફૂટ જેટલું ઊંચાણ હોવું જોઈએ પૃથ્વીના આકારની જે માન્યતા અત્યારે પ્રચલિત છે તેના કરતાં આ ઊંચાઈ વધુ છે. જોકે ધ્રુવપ્રદેશના સપાટ વિસ્તારો કરતાં આ દળનો વિસ્તાર બહુ વધુ ન હોઈ શકે.

અનુસંધાન] **દાંડીયાત્રા** [પૃષ્ઠ ૯૨થી

ચન્દ્રવદન : રાઘવન બહાર ઝૂંપડીના બારણા આગળ સૂતા હતા. એણે જાગી જતાં પૂછ્યું : 'કોણ છો અલ્યા ?'

વિલોચન : 'શટઅપ!' બ્રિટિશ સલ્તનની સરકારી ત્રાડ પડી.

ચન્દ્રવદન : બંદૂક ધારીઓ છાવણીને ઘેરી ઊભા રહ્યા.

વિલોચન : બાપુ તો જાગી જ ગયા હતા-છતાં ત્યાં એમના ઉપર ટૉર્ચલાઈટ નાખવામાં આવી અને પછી—

સારજંટી અવાજ : મોહનડાસ કરમચંડ ગૅન્ધી, યોર નેઈમ? આઇ ઍરેસ્ટ યુ.

વિલોચન : ક્યાંથી ઓળખે બિચારા? બાપુએ હા પાડી. દાતણ કરવા રજા માગી. એમની થેલી તૈયાર થવા માંડી. ફરી સારજંટી સિપાઇગીરીનો અવાજ આવ્યો :

સારજંટી અવાજ : બખટ નહિ હૈ. એક બજેસે આગુ સબ કરલો.

વિલોચન : બાપુએ એક પત્ર પ્રગટ કરવા આપ્યો. એ વાઈસરૉય સાહેબ ઉપર લખેલો છેલ્લો કાગળ હતો. એમાં વાઈસરૉય લૉર્ડ અરવિનને–એ ભગવાનના માણસને ઇકોતેર પેઢીની સંભળાવી હતી.

ચન્દ્રવદન : અને બહાર–નવસારીથી બે માઈલ દૂર, કાળી રાતે, એક અલાયદો ડબ્બો ઊભો રાખવામાં આવ્યો હતો. છાવણીથી સ્ટેશન સુધીના રસ્તા ઉપર પચ્ચીસ-પચ્ચીસ પોલીસની ટૂકડી ગોઠવવામાં આવી હતી. તાર-ટપાલ ન થઇ શકે, કદાચને મહાત્માજીને ગિરફતાર કર્યા એની જગતને જાણ થઈ જાય એટલા માટે નવસારી-જલાલપોરની તાર ઑફિસ ઉપર કબજો બેસાડવામાં આવ્યો હતો.

વિલોચન: પણ અહીં તો ગામલોકને અણસારો આવી ગયો હતો. તે એકઠા થવા માંડ્યા હતા. રાષ્ટ્રના પ્રાણને મધરાતે છાનામાના હરી જવા આવ્યા હતા. બાપુએ આખરે કહ્યું, હવે એક ભજન કરી લેવા દો. અને પછી પૂછ્યું કે ક્યા સેક્શન નીચે મને પકડવામાં આવે છે?

અવાજ : ૧૮૨૭નો ૨૫મા રેગ્યુલેશન...

સાર્જંટી અવાજ : વ્હેરૅઝ ધી ગવર્નર ઇન કાઉન્સિલ....

બે બાળકોના અવાજ : અમારા બાપુને ક્યાં લઈ જાઓ છો?


ભજનનો અવાજ : નિર્બલ કે બલ રામ.

સાર્જંટી અવાજ... ડાયરેક્ટેડ ટુ સિક્યોર ધ સેઈડ મોહનડાસ કરમચંડ ગૅંઢી, ટુ ફૉરવર્ડ હિમ ટુ ધ સુપરિન્ટેન્ડેન્ટ ઑવ ધ યરોડા સેન્ટ્રલ પ્રિઝન...

એક અવાજ : ધે કેઈમ લાઈક થીવ્ઝ ટુ ટેઈક હિમ અવે ઍટ મિડ નાઈટ.

પુરુષ : નિર્બલ કે બલ રામ...

સૌ સાથે : પ્રભુ, મોરે નિર્બલ કે બલ...



નંદી : આ વર્ષના રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં આધુનિક શૈલી માટે શિલ્પ-વિભાગમાં રૂ. ૧૦૦૦નું એકમાત્ર પરિતોષિક મેળવનાર શિલ્પકૃતિ. શિલ્પકાર : રાઘવ રામજી કનેરિયા.

વિશેષ પરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા'







ડાબી બાજુથી (૧) બતક : આ વર્ષના મુંબાઈ રાજ્ય કલાપ્રદર્શનમાં રૂ. ૫૦૦નું ઈનામ જીતનારું ભાઈ કનેરિયાનું બીજું શિલ્પ; (૨) કૂકડો : સીમેન્ટમાં કરેલું શિલ્પ; (૩) વાછરડું : માટીમાં કરેલો સ્કેચ. પશુ-પક્ષી-પ્રાણી અને તેમના વિવિધ આવિર્ભાવો ભાઈ કનેરિયાના પ્રિય વિષયો છે.



ભંડારધારા (ફોટો: અશ્વિન મહેતા) મહારાષ્ટ્રનું નંદનવન ગણાતા અહમદનગર જિલ્લાના ગિરિપ્રદેશમાં, હિમાલયની 'નંદાદેવી સૅંક્ચુઅરી'ની યાદ આપે એવા, સહ્યાદ્રિનાં ગિરિશિખરોના એક વર્તુલાકાર ઝુંડમાં ભંડારધારાનું વિશાળ તળાવ આવેલું છે. સહ્યાદ્રિના ઊંચામાં ઊંચા શિખર(૫૫૦૦ ફૂટ) 'કાલસુબાઇ' ઉપરથી ભાઈ અશ્વિન મહેતાએ લીધેલું આ ચિત્ર, એ રમણીય-મનોહર ગિરિપ્રદેશનું મનભર વિહંગદર્શન કરાવવા સાથે ફોટોગ્રાફીની કલાનો પણ ઉત્કૃષ્ટ નમૂનો બન્યું છે. સામે દેખાતી ગિરિમાળાનાં છેલ્લાં શિખરોમાં હરિશ્ચન્દ્ર, રતનગઢ આદિ વિખ્યાત પર્વતો છે; અને તેમની તળેટીમાં, ગોદાવરી નદીની એક શાખા પ્રવરા નદી ઉપર બંધ (વિલ્સન ડૅમ) બાંધીને સર્જવેલા વિશાળ ભંડારધારાનો લગભગ અરધા જેટલો ભાગમાત્ર જ અહીં દેખાય છે. ગિરિશિખર પરથી દેખાતા દૃશ્ય પર પથરાતા વાતાવરણના પારદર્શી પડદાની કુમાશ લાવવામાં ફોટોકલાકારે પ્રશસ્ય સફળતા સાધી છે.

આ માસ (માર્ચ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ડેવિડ લિવિંગ્સ્ટન

કુદરતી સમૃદ્ધિની ખાણ ગણાતા આફ્રિકાના અંધારિયા ખંડમાં રખડીઆથડીને અવનવીનસ્થળશોધોનો પ્રકાશ પાથરનાર સ્કૉટિશ મિશનરીઅને શોધક ડેવિડ લિવિંગ્સ્ટનનો જન્મ ઈ. ૧૮૧૩ની ૧૯મી માર્ચે, લૅનાર્કશાયરમાં બ્લૅન્ટાયર ખાતે, ચાના એજન્ટ ને



હૅમિલ્ટનના સ્વતંત્ર દેવળના પાદરી નીલને ઘેર થયો હતો. માતાનું નામ ઍગ્નિસ. દસની વયે તેણે રૂની મિલમાં કામ લીધું તે પહેલાં ગ્લાસગોની ઍન્ડર્સન્સ કૉલેજમાં ઔષધવિજ્ઞાન, ગ્રીક ને અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ કરેલો. ફાજલ સમયમાં લૅટિન, વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણિશાસ્ત્ર પણ શીખતો. ૧૮૩૮માં લંડન મિશનરી સોસાએટીમાં જોડાયા બાદ ૧૮૪૦માં ગ્લાસગો ખાતે દાક્તરીની ડિગ્રી મેળવી કે તરત ૮મી ડિસેમ્બરે સોસાએટીએ તેને સેવાર્થે બ્રિટુઆનાલૅન્ડ (આફ્રિકા) મોકલેલો. ૧૮૪૮માં તેણે મિશનરી રૉબર્ટ મૉફાટની પુત્રી મેરી સાથે લગ્ન કર્યું.

નવ વર્ષ સુધી આફ્રિકાનાં આદિવાસીઓને ભણાવ્યાં બાદ તેની કીર્તિદા સફરો શરૂ થઇ. કલહરીનું રણ ઓળંગીને તેણે ૧૮૪૯માં ડણમી તળાવ શોધીને ૧૮૫૬માં તે ઝાંબેઝી નદીના મુખપ્રદેશ તરફ ફર્યો. દરમ્યાન તેની પત્ની બાળકો માંદાં પડતાં ઈંગ્લંડ પાછાં ફરી ગએલાં પછી તે લંડન ગયો, ત્યાં મિશનરી સોસાએટીમાંથી નિવૃત્ત થઇને કિવલિમેન ખાતેનો એલચી નિમાવા ઉપરાંત પૂર્વ અને મધ્ય આફ્રિકાની શોધસફર માટે પણ તે પસંદ કરાયો. ૧૮૬૨માં તેની પત્નીનું અવસાન થયું અને ૧૮૬૪માં તે તેની ત્રીજી ને સૌથી મહત્ત્વની સાહસસફર માટે ઝાંઝીબાર પહોંચ્યો. પણ આ વખતે અનેક વિટંબણાઓએ તેનો કેડો પકડ્યો. સફરનો બધો ખર્ચ તે જાતે જ ભોગવવાનો હતો. ઓછામાં પૂરું, હિંદીઓ ને આફ્રિકનોની ૩૬ની ટુકડીમાંથી રફતેરફતે માત્ર પાંચ જ જણ તેની પાસે રહેલા. નાઈલ નદીનું મૂળ ખોળતાં ખોળતાં તે ટાંગાનીકા સરોવરે પહોંચ્યો, ઉપરાંત મોએરોતથાબૅંગ્વુલુતળાવો પણ શોધી કાઢ્યાં. ૧૮૬૭ના જાન્યુઆરીમાં તેની દવાઓની પેટી ચોરાઇ જતાં ભીષણ રોગોના નરક સમા એ પ્રદેશમાં રોગો સામે ઝૂઝવાનું તેનું એકમાત્ર સાધન પણ ચાલ્યું ગયું. વળી અરબ ગુલામ વેપારીઓ તરફથી યે તેને જાનનું સતત જોખમ રહેતું. ટાંગાનીકાને પશ્ચિમ કિનારે તેણે ઉજીજી (૧૮૬૯) સુધી મુસાફરી કરી. બબ્બે વરસ સુધી તેના કોઇ ખબર ન મળવાથી પશ્ચિમના દેશોમાં મોટો ખળભળાટ મચી ગયો ને અમેરિકાના ન્યૂયૉર્ક-હૅરૉલ્ડ પત્રે તો મોટા ખર્ચે મિ. સ્ટૅનલીને તેની શોધમાં મોકલ્યો, જેને તે ૧૮૭૧ના ઑક્ટોબરમાં ઉજીજી ખાતે મળી આવ્યો અને સ્ટૅન્લીએ તેને પેલા પ્રસિદ્ધ વાક્યથી વધાવ્યો : 'ડૉ. લિવિંગ્સ્ટન, આઈ પ્રિસ્ઝ્યૂમ?' હું ધારું છું કે આપ જ ડૉ. લિવિંગ્સ્ટન?

સ્ટૅન્લી ખરે ટાંકણે આવી પહોંચ્યો હતો. પછી બંનેએ ઉત્તર ટાંગાનીકાની શોધસફર સાથે કરી. સ્ટૅન્લીએ તેને હવે પાછા ફરવા બહુ યે સમજાવ્યો, પરંતુ એ એકનો બે ન થયો અને નાઈલ નદીનું મૂળ શોધવામાં જ મચ્યો રહ્યો. સ્ટૅન્લી તેને દવાઓ અને દેશીઓ સાથેના વિક્રયની ચીજોનો પૂરતો જથ્થો આપી ગયો, તથા ૫૭ વફાદાર આદિવાસીઓની એક ટુકડી પણ પૂરી પાડતો ગયો.

એક સવારે તેના આદિવાસી નોકરોએ તેને પથારી નજીક ઘૂંટણિયે પડી પ્રાર્થના કરતો જોયો, અને પ્રાર્થના કરતાં કરતાં જ તે ૧૮૭૩ની ૧લી મેએ રહોડેશિયાના ચિતામ્બો ખાતે મૃત્યુ પામ્યો. તેનું શબ ઇંગ્લંડ લાવીને વેસ્ટમિન્સ્ટર ઍબી ખાતે ૧૮૭૪ના એપ્રિલમાં ભૂમિશાયી કરવામાં આવ્યું.

સ્વભાવે સાધુચરિત અને અવિશ્રાંત પરિશ્રમી ડૉ. લિવિંગ્સ્ટન ૩૩ વર્ષ લગી 'અંધારઘેરા આફ્રિકા'ના ૩૦,૦૦૦ માઇલમાં ઘૂમ્યો. ગુલામોના વેપારના દૂષણની વિરુદ્ધ પણ તેણે ઝુંબેશ ઉઠાવેલી. આ ભૂમિ સાથે તેને પ્યાર હતો, અને અહીંની આદિવાસી જાતિઓમાંની અનેક તેને ભજતી. તેનાં બે પુસ્તકોમાં 'મિશનરી ટ્રાવેલ્સ ઍન્ડ રીસર્ચીઝ ઈન આફ્રિકા'(૧૮૫૭)નો સમાવેશ થાય છે.

દિનવિશેષ

તા. ૨ રાષ્ટ્રીય ભાવનાપ્રેર્યા પ્રતિભાવંતાં કવયિત્રી સરોજિની નાયડુનું અવસાન, ૧૯૪૯.

તા. ૧૧ આદર્શ ને પ્રગતિશીલ રાજવી વડોદરાનરેશ સર સયાજીરાવ ગાયકવાડનો જન્મ, ૧૮૬૩.

તા. ૧૧ ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સ પર રાજા નંદકુમારે લાંચનો આરોપ મૂક્યો, ૧૭૭૫.

તા. ૧૫ રોમના સમ્રાટ સીઝરનું તેના મિત્ર બ્રૂટસને હાથે ખૂન, ઈ. પૂ. ૪૪.

તા. ૨૦ રૂઢિચુસ્તોને આઘાતકારી નાટકોના સમર્થ નૉર્વેજિયન લેખક ઇબ્સનનો જન્મ, ૧૮૨૮.

તા. ૨૧ રંગપ્રચુર ભભકના મસ્ત કવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાનું અવસાન, ૧૮૯૮.

તા. ૨૨ સુભાષબાબુની આઝાદ હિંદ ફોજનો ઈમ્ફાલમાં ભારતીય ધરતી પર પ્રવેશ, ૧૯૪૪.

તા. ૨૪ સ્વરાજયજ્ઞના બલિ ક્રાંતિવીરો ભગતસિંહ, રાજગુરુ, સુખદેવની ત્રિપુટીને ફાંસી, ૧૯૩૧.

તા. ૨૭ પીઢ સાહિત્યસેવી રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનું અવસાન, ૧૯૩૧.

પ્રસંગવિશેષ : વાયરલેસનું પ્રથમ વિતરણ · ૨૭મી માર્ચ ૧૮૯૯

માનવજીવનને પાર વિનાની સગવડ, સલામતી અને સાંસ્કૃતિક સિદ્ધિઓની દાતા બનેલી શોધો—રેડિયો, રડાર, ટેલિવિઝન અને દૂરદૂરની નિહારિકાઓના યે બિનતારી સંદેશાઓ ઝીલવા—ના આજના યુગના શ્રીગણેશ બિનતારી ટેલિગ્રાફીથી મંડાયા. એનો પ્રારંભનો તબક્કાબદ્ધ ઇતિહાસ આ પ્રમાણે છે : વિદ્યુત્ચુંબકીય તરંગોના અસ્તિત્વની સૌપહેલી જાહેરાત કરી ક્લાર્ક મૅક્સ્વેલે ઈ. ૧૮૬૩માં. અને આવા તરંગો પ્રયોગો કરીને ઉપજાવ્યા હર્ટ્ઝે, ઇ. ૧૮૮૮માં. આ તરંગો સંદેશવાહક તરીકે કામ લાગી શકે એવું સાબિત કરનાર હતો વૈજ્ઞાનિક લૉજ (૧૮૯૪). માર્કોની પણ એ ગાળામાં આ જ વિષય પર સંશોધન કરતો હતો. ધાર્યા પ્રમાણે તરંગો વધારવામાં તથા તેના પર કાબૂ મેળવવામા તે સફળ થયો, એટલે તેણે એ તરંગોના પ્રસરણમાં દખલ કરીને તેને લાંબા અને ટૂંકા ગાળામાં પલટાવવાનો પ્રયાસ ચાલુ કર્યો, જેથી ટેલિગ્રાફીમાં ચાલતી માર્સની 'ડૉટ' અને 'ડૅશ'ની સંજ્ઞા પ્રાપ્ત કરી શકાય. અને તેમાં ઘણી મહેનતને અંતે તે ૧૮૯૬માં પોણા બે માઈલ સુધી સંદેશા મોકલવામાં સફળ થયો. ૧૮૯૭માં જ લંડનના દીર્ઘદ્રષ્ટા વેપારીઓએ ઈટલી સિવાય બાકીના બધા દેશો માટે માર્કોનીના આ 'વાયરલેસ'નું પેટન્ટ મેળવી લીધું. પ્રથમ વાયર્લેસ ટેલિગ્રાફી સંદેશ દરિયાપાર સાઉથ ફૉરલૅન્ડથી ફ્રાન્સના વિમેરૉ સુધી માર્કોનીએ પહોંચાડ્યો, ૨૭મી માર્ચ ૧૮૯૯ને દિવસે. અને એ જ સાલમાં ડૂબતી સ્ટીમર 'ઈસ્ટ ગુડવિન'ને માર્કોનીના બિનતારી સંદેશયંત્રોએ બચાવી લીધી.


ગોતા મારા સિંધુમેં, મોતી લાયે પેઠ;
વે ક્યા મોતી પાયંગે, જો રહે કિનારે બેઠ.

યુદ્ધના વ્રણથી રણક્ષેત્ર પર મરણકાંઠે પડેલા ગુજરાતના મંત્રીશ્વર ઉદયનની અંતકાળની ઇચ્છા પૂરવા, કોઈ સાધુની શોધમાં ગએલો તેનો પુત્ર વાહડ નિષ્ફળ થઈને અંતે એક ભવાયાને સાધુનો વેશ પહેરાવી લાવ્યો અને ઉદયને તેનો ચરણસ્પર્શ કરી સંતોષમાં પ્રાણ છોડ્યા.

વાહડે એ ભવાયાને તેના કામ બદલ સુવર્ણમુદ્રા આપવા માંડતાં તેણે આંખમાં આંસુ સાથે કહ્યું કે 'એ કંકર લઇને હું હવે આ રત્નનો ત્યાગ કરવા માગતો નથી. ગુર્જરેશ્વર ઉદયન મંત્રી જેવાના મૃત્યુને ધન્ય કરનાર આ વેશ પાછળનું સાચું સાધુજીવન જ હવે હું જીવીશ.'

કહેવતો : 'ભોંય પડ્યા બમણા'–જે દેખીતા નુકસાનને અંતે લાભ થવાનો હોય તેને નિર્દેશતી આ કહેવતનો અધ્યાહારાર્થ એ છે કે દાણા વેચતાં કણીઓ ભોંય વેરાતા અનાજની બહુ પરવા નથી કરતો, કેમકે તે વાળી લે ત્યારે અંદર ધૂળ ભળેલી હોવાથી વજનમાં વધવાના જ છે।

ગણિતગમ્મત : કોઈ મિત્રને બે અથવા વધુ આંકડાની ગમે તે મોટી પૂર્ણાંક સંખ્યા ધારવાનું કહો. પછી તેને અવળી કરાવી, ધારેલી સંખ્યાની સાથે તેની બાદબાકી કરાવો, અને જે રહે તેમાંથી નવડા વિના ગમે તે એક અંક ભૂંસાવી બાકીના અંક તમને આપવાનું કહો. હવે તમારે એ કહેલા અંકોનો મનમાં સરવાળો કરી (સરવાળામાં બે અંક આવે તો તે બેનો ફરીથી સરવાળો કરી એક અંક કરી) જે આવે તેને નવમાંથી બાદ કરવા. બાકી રહે તે મિત્રે સંતાડેલો આંકડો! —(રતિલાલ કે. ભટ્ટ)



ચોવીસમા અંગ્રેજી મૂળાક્ષર 'એક્સ'ના ઇજિપ્શીઅન, હાએરોગ્લીફિક, હાએરેટિક, ફીનીશીઅન, ગ્રીક, લૅટિન ને અત્યારનાં સ્વરૂપો; તથા નીચે તેનાં કૅપિટલ અને નાના રૂપના વિકાસના ક્રમ અનુસાર ગ્રીક, રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, એન્ગ્રોસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરીઅન અને ચાલુ સ્વરૂપો આપ્યાં છે.

અનેકાર્થી શબ્દ : સૂત્ર=સંક્ષિપ્ત વાક્ય; સિદ્ધાંત; સૂતર; તાર, તાંતણો; જનોઈ; કંદોરો; અંગ કે શરીર; ઈશ્વરનો માયાવી દેહ; કળા કે કસબ; મુખ્ય ચાલક તત્ત્વ; તાગ; નાટકનું રૂપકરણ; પ્રસ્તાવ; નિયમ, ધારો; શિક્ષામાળા; પદ્ધતિ, ગોઠવણ; ગણિતમાં પાઠ, 'ફૉર્મ્યુલા', 'પ્રૉપોઝિશન'; મત; વંશ કે કુળ; વ્યવસ્થા; વ્યાકરણનું એક અંગ; ક્ષેત્ર.



કલાકણિકા
આલાસ્કાના (જુઓ આ અંકમાંનો લેખ) આદિવાસીઓના લાકડાના ચમચા ઉપરની કોતરણી જેમાં તેમનાં પરંપરાગત પ્રતીકો કંડારેલાં હોય છે.

આરામથી જીવનનો
થાક ઊતરી જાય છે,
આળસથી જીવનને
થાક ચડે છે.
'જય હરિ'

ઉનાળામાં પરસેવાથી ઘણી વાર ટપાલની ટિકિટો એકબીજીને ચોંટી જાય છે. તેના પર આછી-આછી ગરમ ઈસ્ત્રી ફેરવવાથી ઊખડી આવશે.

મસુરની દાળ ગાયના દૂધમાં વાટીને મોઢાના ખીલ ઉપર રોજ રાત્રે ચોપડવામાં આવે તો ખીલ નાબૂદ થાય છે.



ટિકિટસંગ્રહ : મથાળે સામ્યવાદી વૈચારિક ક્રાન્તિના આદ્ય જનક કાર્લ માર્ક્સની સરસ તસ્વીરવાળી ટિકિટ (મોકલનાર–અશોક કોરા : મુંબાઈ); ફ્રેન્ચ સોમાલીલૅન્ડનાં વન્ય પ્રાણીઓની છાપવાળી ટિકિટોના સમૂહ ઉપર પણ એટલી જ સરસ અને ચોટદાર આકૃતિઓ છે. તે પૈકીની ત્રણ.

અનુસંધાન] **આલાસ્કા** [પૃ. ૧૧૨થી

ફેર્‌બેંકસથી આગળ ઉત્તરે બીજું અગત્યનું નગર તે જૂનો, આલાસ્કાની રાજધાની. અહીં અને અન્ય પાંચેક શહેરોમાં હવે તો આધુનિક હૉટેલો, દવા તથા અન્ય જરૂરિયાતની ચીજવસ્તુઓની મોટી દુકાનો, સિનેમા ઘર, નાગરિક મંડળો(ક્લબો) વગેરેનો પણ વિકાસ થએલો છે. તે ન્યૂ યૉર્ક અને વૉશિંગ્ટન સાથે ટેલીફોન વહેવારથી જોડાવા ઉપરાંત તેનાં અગત્યનાં ગામો પણ તાર-ટેલીફોનથી પશ્ચિમ અમેરિકા સાથે સંકળાએલાં છે. હવે તો છેક ધ્રુવવર્તુળ સુધી નિયમિત ટપાલ પણ આવે જાય છે.

રાજ્યનો પોણો ભાગ ઉત્તરના શીત હવામાનવાળો છે. તેમાં યે ધ્રુવવર્તુળમાંના સાગરકાંઠાના પ્રદેશોમાં તો શિયાળો કાતિલ જ હોય છે. બેરિંગ સમુદ્ર પણ લગભગ હમેશાં ધુમ્મસમય જ રહે છે, છતાં દક્ષિણ તરફનો વિસ્તાર હૂંફાળો છે. ગલ્ફ સ્ટ્રીમ જેમ બ્રિટિશ ટાપુઓને ગરમી આપે છે તેમ આ વિસ્તારને જાપાની પ્રવાહની ગરમી મળે છે. જૂનોનું ઉષ્ણતામાન શૂન્યથી નીચે ભાગ્યે જ જાય છે.

આ જાપાની પ્રવાહમાંથી મળતો ભેજ અહીંનાં જંગલોની ઇમારતી લાકડાંની પેદાશને ઊંચી હરોળમાં મૂકે છે. ઉપરાંત અહીંના રેડ ઇન્ડિયનો, એસ્કિમો, ઍલ્યુટ્સ પ્રજા અને બહારથી આવી વસેલા લોકોને કામ પણ અહીં સારું મળે છે. આમ, અત્યાર સુધી અમેરિકન રાજ્યોમાં મોટામાં મોટા વિસ્તારવાળા ટેક્સાસ રાજ્યથી યે બમણા વિસ્તારનું આ નવું ઉમેરાએલું ૪૯મું રાજ્ય હજી ઘણો વિકાસ પામી શકે તેમ છે. હજી યે ઘણાં ઊંચાં શિખરો, ઉજ્જડ ટુન્ડ્રા અને અણજાણ વનવિસ્તાર આહ્‌વાન આપતાં ઊભાં છે. ઘણી સમૃદ્ધિ હજી યે અહીં ગુપ્ત પડી રહી છે. સમગ્ર અમેરિકા જેટલી વિદ્યુતશક્તિ ઉત્પન્ન કરે છે તેના દસમા ભાગ જેટલી વિદ્યુતશક્તિ એકલા અહીંના પાણી વડે જ ઉત્પન્ન કરી શકાય તેમ છે. એ જ રીતે તેલ અને અન્ય ખનિજોનું પણ. અને એથી આજે તો હવે વધુ ને વધુ લોકો આ નવા રાજ્ય અને તેના ઉજ્જવળ લાગતા ભાવિ તરફ મીટ માંડી રહ્યા છે.

STATEMENT

of ownership and other particulars about the newspaper Kumar

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its publication	Monthly
3. Printer's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name	Bachubhai P. Rawat
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1

6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital . (1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth, 125 Medows Street, Bombay-1 (3) Chaitanyaprasad Motilal Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Champaklal Chunilal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, ShantiKunj, Shahibag, Ahmedabag-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Rajratna Ramjibhai Hansraj Kamani, Parijatak Bungalow, New Colony, Jaipur (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Pritamnagar, Ahmedabad-6 (19) Girdharlal Damodardas 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Major Balvantrai Jivanram Bhatt, Narmada Arogya Griha, Krishna Bag, Maninagar, Ahmedabad-8

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Dated this 24th day of February 1959

Sd./B. Rawat, Publisher